અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

15 MARCH-2026 SUNDAY | Vol. : 17 | Issue : 251 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



મોદીએ કહ્યું- કોંગ્રેસે આસામના યુવાનોને ગેરમાર્ગે દોર્યા : તેમને આતંકવાદના રસ્તે ધકેલી દીધા; ભાજપે સરકારી નોકરીઓના દરવાજા ખોલ્યા

4



દેશનું સૌથી મોટું સુરક્ષા દળ સરકાર સામે કોર્ટ ચઢ્યું

6



રશ્મિકા મંદાનાની પ્રાઈવેટ ઓડિયો ક્લિપ લીક!

7



GPS હવે નબળું પડ્યું!:હેકિંગ-જામિંગના જોખમ વચ્ચે AI અને ક્વોન્ટમ નેવિગેશન સિસ્ટમ વિકસાવવાની હોડ

### કોલકાતામાં ભાજપ-TMCના કાર્યકરો વચ્ચે ઘર્ષણ

# મમતાના મંત્રીએ કહ્યું- મારા પર હુમલો કર્યો ; PMએ કહ્યું- જંગલરાજવાળાનું કાઉન્ટડાઉન શરુ

**પીએમએ કહ્યું- સમગ્ર બંગાળમાં એકમાત્ર ચર્ચા પરિવર્તન જોઈએ. જ્યારે પણ આ ભૂમિએ પડકારોનો સામનો કર્યો છે, ત્યારે અહીંના લોકોએ તેનો સામનો કર્યો છે. કેટલાક લોકો તમને ડરાવવાનો પ્રયાસ કરશે**

**કોલકાતા, તા.14**

પશ્ચિમ બંગાળના કોલકાતામાં પીએમ મોદીની રેલી પહેલા ભાજપ અને TMC કાર્યકરો વચ્ચે વિવાદ થયો છે. ગિરીશ પાર્ક વિસ્તારમાં બંને જૂથે એકબીજા પર પથ્થરમારો કર્યો. પોલીસે ભીડને વિખેરી નાખી. પશ્ચિમ બંગાળના ઉદ્યોગ, વાણિજ્ય અને ઉદ્યમ મંત્રી શશિ પંજાએ આરોપ લગાવ્યો કે અથડામણ દરમિયાન મારા પર ઈંટથી હુમલો કરવામાં આવ્યો. ભાજપ ગુંડા નહીં પણ હત્યારો છે. કોલકાતામાં પોતાના સંબોધન દરમિયાન PM મોદીએ કહ્યું કે જંગલરાજ કરનારાઓનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આ નિર્મમ સરકારનો અંત નજીક આવી ગયો છે. પીએમએ કહ્યું કે પહેલા કોંગ્રેસ, પછી કમ્યુનિસ્ટ અને હવે ટીએમસી, આ લોકો એક પછી એક આવતા રહ્યા અને પોતાના ખિસ્સા ભરતા રહ્યા. મોદીએ કહ્યું કે હવે સમય આવી ગયો છે કે આ પરિસ્થિતિ બદલાય, બંગાળના યુવાનોને બંગાળમાં કામ મળે, યુવાનો બંગાળના વિકાસનું નેતૃત્વ કરે. પીએમ મોદી આજે પશ્ચિમ બંગાળના પ્રવાસે છે. તેમણે કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં 18,680 કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન-શિલાન્યાસ કર્યું. તેમની સાથે મંચ પર ભાજપના નેતા અને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ આરએન રવિ હાજર રહ્યા.



ભાજપ બંગાળને મહાન બનાવવા માટે કામ કરશે. સાચી નીતિઓ અને ઈરાદાથી રાજ્યમાં વિકાસ થશે અને ખેડૂતો, યુવાનો, વેપારીઓ અને વિદ્યાર્થીઓને ફાયદો મળશે. રાજ્યની વર્તમાન સરકાર કેન્દ્રની યોજનાઓને લોકો સુધી પહોંચવા દેતી નથી અને કટમનીના કારણે ગરીબોને તેમનો હક મળી શકતો નથી. બંગાળમાં યુવાનોને ન તો સારું શિક્ષણ મળી રહ્યું છે અને ન તો રોજગાર. ખેડૂતો પણ પરેશાન છે અને ઘણા લોકોને કામ માટે અન્ય રાજ્યોમાં પલાયન કરવું પડી રહ્યું છે. રાજ્યમાં ગુના વધી રહ્યા છે અને મહિલાઓ વિરુદ્ધની ઘટનાઓ ચિંતાનો વિષય છે. ભાજપ સરકાર આવતા જ ગુનેગારો સામે કડક કાર્યવાહી થશે. પહેલા કોંગ્રેસ અને હવે ટીએમસીએ રાજ્ય પર શાસન કર્યું, પરંતુ હવે પરિવર્તનનો સમય આવી ગયો છે. ભાજપ સરકાર બનવા પર સૌનો સાથ, સૌનો વિકાસ થશે અને સૌનો હિસાબ કરવામાં આવશે.

**પીએમએ કહ્યું- બંગાળમાં એકમાત્ર ચર્ચા પરિવર્તન જોઈએ**

પીએમએ કહ્યું- સમગ્ર બંગાળમાં એકમાત્ર ચર્ચા પરિવર્તન જોઈએ. જ્યારે પણ આ ભૂમિએ પડકારોનો સામનો કર્યો છે, ત્યારે અહીંના લોકોએ તેનો સામનો કર્યો છે. કેટલાક લોકો તમને ડરાવવાનો પ્રયાસ કરશે, પરંતુ જ્યારે લોકો દૃઢ નિશ્ચયી હોય છે, ત્યારે કોઈ પણ તાકાત તેમને રોકી શકશે નહીં. આ વખતે, ચૂંટણી ફક્ત સરકાર બદલવાની નથી, પરંતુ બંગાળના આત્માને બચાવવાની છે. આવનારા પરિવર્તન માટે હું તમને શુભકામનાઓ પાઠવું છું.

**પીએમએ કહ્યું- ટીએમસી સરકારે બધી હદો પાર કરી**

પીએમએ કહ્યું, 'ટીએમસી સરકારે બધી હદો પાર કરી દીધી છે. થોડા દિવસો પહેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બંગાળ આવ્યા હતા. તેમને એક કાર્યક્રમમાં હાજરી આપવાની હતી, પરંતુ આ સરકારે તેમનો વિરોધ કર્યો કારણ કે તેમને આટલા ઉચ્ચ પદ પર રહેલા આદિવાસી પુત્રીનું સન્માન મંજૂરી નહોતું. તેમણે કહ્યું કે મુર્મુજીને ભારે હૃદયથી પોતાનું દુઃખ વ્યક્ત કરવું પડ્યું. ટીએમસીએ માત્ર મુર્મુજીનું જ નહીં, પણ મહિલાઓનું પણ અપમાન કર્યું છે. છેલ્લા કેટલાક મહિનામાં, જ્યારે પણ ચૂંટણી પંચે મતદાતા શુદ્ધિકરણનો પ્રયાસ કર્યો છે, ત્યારે ટીએમસીએ તેમના પર હુમલો કર્યો છે.

## હોર્મુઝથી ભારતના બે જહાજો મુન્દ્રા અને કંડલા પોર્ટ પર પહોંચશે

**2-3 દિવસમાં ભારત આવશે; કુલ 92,700 ટન LPG લઈને ઈન્ડિયા આવી રહ્યા છે**



**નવી દિલ્હી, તા.14**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે 15મો દિવસ છે. આ દરમિયાન ખાડી દેશોમાંથી LPG લઈને આવી રહેલા ભારતના બે જહાજો હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત રીતે પાર કરી ગયા છે. આ જહાજો હવે ગુજરાતના મુન્દ્રા અને કંડલા બંદર તરફ આગળ વધી રહ્યા છે. શિપિંગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિન્હાના જણાવ્યા મુજબ, ભારતીય ધ્વજ ધરાવતા LPG કેરિયર 'શિવાલિક' અને 'નંદા દેવી' શનિવારે સવારે સુરક્ષિત રીતે સ્ટ્રેટ પાર કરી ગયા હતા.આ બંને જહાજો કુલ 92,700 ટન LPG લઈને ભારત આવી રહ્યા છે. અધિકારીઓએ માહિતી આપી છે કે આ જહાજો મુન્દ્રા અને કંડલા પોર્ટ પર આવી રહ્યા છે અને 16 અથવા 17 માર્ચ સુધીમાં ભારતીય બંદરો પર પહોંચી જવાની સંભાવના છે. આ બંને જહાજોએ 24 જહાજોમાં સામેલ હતા, જે આ વિસ્તારમાં સંઘર્ષ શરૂ થયા બાદ હોર્મુઝ સ્ટ્રેટના પશ્ચિમ ભાગમાં ફસાઈ ગયા હતા. આ પહેલા ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતહાલીએ શુક્રવારે જણાવ્યું હતું કે, ઈરાને અનેક ભારતીય જહાજોને આ હોર્મુઝ સ્ટ્રેટ પરથી પસાર થવાની મંજૂરી આપી દીધી છે. જોકે, તેમણે એ સ્પષ્ટ કર્યું નહોતું કે કુલ કેટલા જહાજોને આ મંજૂરી આપવામાં આવી છે.

**અમેરિકામાં પેટ્રોલની કિંમતોમાં 23% નો વધારો**

ઈરાનમાં યુદ્ધ શરૂ થયા પછી અમેરિકામાં પેટ્રોલની કિંમતોમાં તીવ્ર વધારો થયો છે. ઓટોમોબાઈલ એસોસિએશન AAA મુજબ દેશમાં ગેસની સરેરાશ કિંમત વધીને 3.68 ડોલર પ્રતિ ગેલન થઈ ગઈ છે.

# અમિત શાહે કહ્યું- 2027માં ભાજપની સરકાર બનશે

**પંજાબ ચૂંટણીમાં અકાલી દળ-ભાજપ ગઠબંધન નહીં થાય, 2 વર્ષમાં અમે નશાને જડમૂળથી ઉખાડી ફેંકીશું**

**મોગા, તા.14**

પંજાબમાં વિધાનસભા ચૂંટણી 2027 પહેલાં BJPએ આજે મોગામાં પરિવર્તન રેલી યોજી. તેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પહોંચ્યા. તેઓ કેસરી રંગની પાઘડી બાંધીને મંચ પર પહોંચ્યા. જોરદાર નારાબાજી સાથે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. રેલીને સંબોધતા શાહે કહ્યું કે પંજાબમાં ભાજપ પોતાની સરકાર બનાવશે. ગૃહમંત્રીના આ નિવેદનથી અકાલી દળ સાથે ગઠબંધનની અટકળો પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. ગૃહમંત્રીએ વચન આપ્યું કે જો પંજાબમાં ભાજપ સરકાર બનશે તો 2 વર્ષમાં જ નશાને જડમૂળથી ઉખાડી ફેંકશે. આ ઉપરાંત, રેલીમાં આવતા પહેલા શાહે ટ્વીટ કરીને કહ્યું- પંજાબનો દરેક વ્યક્તિ પરિવર્તન ઈચ્છે છે. કારણ કે જવાનો, ખેડૂતો અને મહેનતુ લોકો માટે પ્રસિદ્ધ પંજાબની પવિત્ર ભૂમિને 'આપ-દા' સરકારે ભ્રષ્ટાચાર, ડ્રગ્સ અને અપરાધમાં



ડુબાડી દીધી છે. રિમોટ કંટ્રોલવાળી 'આપ-દા' સરકારમાં પંજાબમાંથી કાયદો અને વ્યવસ્થા તથા વિકાસ ગાયબ છે. આજે મોગામાં પંજાબના બહેનો-ભાઈઓ સાથે સંવાદ કરવા ઉત્સુક છું. આમ આદમી પાર્ટી (AAP) સરકારના મંત્રી અમન અરોરાએ પ્રેસ કોન્ફરન્સ કરીને ઘણા સવાલો કર્યા. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે 1600 કરોડ રૂપિયા વળતર આપવાનું વચન આપ્યું છે. ગૃહમંત્રી જણાવે કે શું તેઓ ચેક લઈને આવ્યા છે?

આ દરમિયાન ચર્ચા ચાલી કે પ્રખ્યાત પંજાબી ગાયક મનકીરત ઔલખ ભાજપમાં જોડાઈ શકે છે. ઔલખ હરિયાણાના રહેવાસી છે. જોકે, ઔલખે ભાજપમાં જોડાવાનો ઈનકાર કર્યો હતો. તેમણે રેલીમાં પરફોર્મ કર્યું. ગાયકે કહ્યું કે તેઓ તમામ પક્ષોમાં સામેલ છે. અમતિ શાહે કહ્યું કે, 1984ના શીખ રમખાણો વિરુદ્ધ અમારી સરકારે 350 કેસ નોંધ્યા છે. કોંગ્રેસે એક પણ નેતાને જેલમાં નહોતા નાખ્યા. અમે ઘણા નેતાઓને જેલમાં નાખ્યા છે. રાહુલ બાબા, તમારા પિતાએ શીખ રમખાણો પર કહ્યું હતું કે જ્યારે મોટું ઝાડ પડે છે ત્યારે ધરતી હલે છે. દરેક શીખ રમખાણ પીડિત પરિવારને 5 લાખનું વળતર આપવાનું કામ અમારી સરકારે કર્યું છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનથી જે શીખ બચીને આવ્યા, તેમને નાગરિકતા આપવાનું કામ કર્યું. અફઘાનિસ્તાનમાં સ્થિતિ બગડી તો ગુરુ ગ્રંથ સાહિબના ત્રણ સ્વરૂપોને પૂરા સન્માન સાથે લાવવાનું કામ અમારા મોદી સાહેબે કર્યું. કરતારપુર કોરિડોર બનાવ્યો. તેમણે કહ્યું- હું રાહુલ ગાંધીને પૂછવા માંગુ છું કે કરતારપુર સાહિબ કેટલું દૂર છે? જ્યારે ભાગલા થયા, જો ગુરુ સાહિબમાં શ્રદ્ધા હોત તો કરતારપુર સાહિબ આજે પંજાબમાં હોત. અમે તે સમયે હોત તો કરતારપુર સાહિબને જવા ન દેત.

**અમે મકાઈની પણ MSP પર ખરીદી કરી રહ્યા છીએ: અમિત શાહ**

અમિત શાહે કહ્યું- અમે નાફેડ (NAFED) ની વ્યવસ્થા કરી છે. જે ખેડૂત નાફેડ પર પાકના બીજ રજીસ્ટર કરશે, તેના તેલીબિયાં પાક MSP પર ખરીદીશું. અમે મકાઈની પણ MSP પર ખરીદી કરી રહ્યા છીએ. ખાતરનો ઉપયોગ ન કરીને અમે પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યા છીએ.

તેમણે કહ્યું- મોદી સરકારે શીખ પંથ માટે ઘણા કામો કર્યા છે. એક વાત યાદ રાખવાની છે કે સાહિબજાદાઓના બલિદાન જેવું કોઈ બલિદાન નહોતું, પરંતુ તેને કોઈ યાદ કરતું નહોતું. મોદીએ તેને 'વીરબાલ' તરીકે સ્વીકૃતિ આપીને તેને સમગ્ર દેશમાં સન્માન આપ્યું છે.

# કેન્દ્રએ સોનમ વાંગચુક પર લાગેલો NSA હટાવ્યો : જોધપુર જેલમાંથી 170 દિવસ પછી મુક્ત થશે

**નવી દિલ્હી, તા.14**

કેન્દ્રએ શનિવારે લદ્દાખના સામાજિક કાર્યકર અને એન્જિનિયર સોનમ વાંગચુક પર લાગુ નેશનલ સિક્યુરિટી એક્ટ (NSA) હટાવી દીધો. આ આદેશ તાત્કાલિક અસરથી સમાપ્ત કરી દેવામાં આવશે. ગૃહ મંત્રાલય અનુસાર, સોનમે NSA એક્ટ હેઠળ પોતાની અટકાયતનો લગભગ અડધો સમય પૂરો કરી લીધો છે.લદ્દાખ પ્રશાસને 24 સપ્ટેમ્બર 2025ના રોજ લેહ હિંસા ભડકાવવાના આરોપમાં 26 સપ્ટેમ્બરે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (NSA) હેઠળ વાંગચુકને અટકાયતમાં લીધા હતા. ત્યારથી તેઓ જોધપુર જેલમાં છે. આ હિંસામાં 4 લોકોના મોત થયા હતા અને 150થી વધુ લોકો ઘાયલ થયા હતા. લગભગ સાડા પાંચ મહિના થઈ ચૂક્યા છે. લગભગ 170 દિવસ પછી મુક્ત થશે. NSA સરકારને એવા લોકોને અટકાયતમાં લેવાનો અધિકાર આપે છે, જેમની પાસેથી દેશની સુરક્ષા કે જાહેર વ્યવસ્થાને ખતરો હોય. આ



હેઠળ કોઈ વ્યક્તિને વધુમાં વધુ 12 મહિના સુધી નજરકેદ રાખી શકાય છે. સોનમ વાંગચુકને 26 સપ્ટેમ્બર 2025ના રોજ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તેઓ લદ્દાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માગ સાથે આંદોલન કરી રહ્યા હતા. આંદોલન દરમિયાન થયેલા હિંસક પ્રદર્શનોના બે દિવસ પછી તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ પ્રદર્શનોમાં 4 લોકોના મોત થયા હતા. 90 લોકો ઘાયલ થયા હતા. સરકારનો આરોપ છે કે વાંગચુકે આ હિંસા ભડકાવી હતી.

9 ફેબ્રુઆરી: સરકારે કહ્યું- વાંગચુકને AIIMSમાં સારી સારવાર મળી રહી છે

સુપ્રીમ કોર્ટમાં સરકારે જણાવ્યું હતું કે સોનમ વાંગચુક બિલકુલ ઠીક હાલતમાં છે. કસ્ટડીમાં રહેતા તેમને AIIMS, જોધપુરમાં સારી સારવાર મળી રહી છે. વાંગચુકના વકીલે કહ્યું કે તેમની કસ્ટડી પર ફરીથી વિચાર કરવાનો આ યોગ્ય સમય છે કારણ કે તેઓ હજુ પણ અસ્વસ્થ છે.

3 ફેબ્રુઆરી: સરકારે કહ્યું- વાંગચુક બોર્ડર વિસ્તારમાં લોકોને ભડકાવી રહ્યા હતા

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે સોનમ વાંગચુકને એટલા માટે અટકાયતમાં લેવામાં આવ્યા કારણ કે તેઓ પાકિસ્તાન અને ચીન સરહદે આવેલા સંવેદનશીલ સરહદી વિસ્તારમાં લોકોને ભડકાવી રહ્યા હતા.



# જીજ્ઞેશ મેવાણી-મનીષા વકીલ વચ્ચે ઉગ્ર દલીલો : એકલા પંચમહાલમાં જ 20 હજાર બાળકો કુપોષિત

## વિધાનસભામાં મેવાણીએ આંકડાના આધારે ચર્ચા શરૂ કરતાં મંત્રી ઘેરાયાં

ગાંધીનગર, તા.14

વિધાનસભામાં મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતા પ્રશ્નો દરમિયાન કુપોષણ અને વિધવા સહાય યોજનાનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહ્યો હતો. રાજ્યમાં કુપોષણ ઘટાડવાના સરકારના દાવાઓ વચ્ચે સાબરકાંઠા જિલ્લામાં હજારો બાળકો કુપોષિત હોવાના આંકડા સામે આવતા ગૃહમાં તીવ્ર ચર્ચા જોવા મળી હતી.

વિભાગના મંત્રી ડૉ. મનીષા વકીલે ગૃહમાં જવાબ આપતા જણાવ્યું હતું કે રાજ્યને કુપોષણમુક્ત બનાવવા સરકાર દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને તેના પરિણામે ધીમે ધીમે કુપોષણના કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે આહાર પદ્ધતિમાં આવેલા બદલાવ અને કેટલીક સ્થાનિક પરિસ્થિતિઓને કારણે કેટલાક વિસ્તારોમાં હજુ પણ કુપોષણ જોવા મળે છે. આ મુદ્દે ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ગૃહમાં મંત્રીને ઘેર્યા હતા. બંને વચ્ચે આંકડાઓને લઈને સામસામે તર્કવિતર્ક જોવા મળ્યો હતો અને મંત્રીને આંકડાઓ અંગે સ્પષ્ટતા કરવી અઘરી પડી હતી.




સાબરકાંઠા જિલ્લામાં 16 હજારથી વધુ બાળકો કુપોષિત

આ દરમિયાન અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષણના આંકડાઓ રજૂ કરતાં મંત્રીએ જણાવ્યું કે અરવલ્લી જિલ્લામાં અનેક તાલુકાઓમાં 6412 કુપોષિત બાળકો નોંધાયા છે, જ્યારે સાબરકાંઠા જિલ્લામાં લગભગ 16 હજારથી વધુ બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા છે. મંત્રીએ વધુમાં જણાવ્યું કે બાયડ વિસ્તારમાં 853 બાળકો કુપોષિત છે.

મંત્રી મનીષા વકીલને આંકડાઓ અંગે સ્પષ્ટતા કરવી અઘરી પડી

આ મુદ્દે ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ગૃહમાં મંત્રીને ઘેર્યા હતા. મેવાણી અને મંત્રી મનીષા વકીલ વચ્ચે આંકડાઓને લઈને સામસામે તર્કવિતર્ક જોવા મળ્યો હતો અને મંત્રીને આંકડાઓ અંગે સ્પષ્ટતા કરવી અઘરી પડી હોવાનો માહોલ ઉભો થયો હતો.

'આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટિફાઇડ પૂરક પોષણ આહાર આપવામાં આવે છે'

ચર્ચા દરમિયાન સરકાર તરફથી જણાવાયું હતું કે રાજ્યના આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટિફાઇડ પૂરક પોષણ આહાર આપવામાં આવે છે. ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા ગંભીર કુપોષિત બાળકો માટે ખાસ પોષણ સહાય અને આરોગ્ય સેવા પણ આપવામાં આવી રહી છે.

'વિધવા સહાયમાં છેલ્લા 6 મહિનામાં લાભાર્થીઓની સંખ્યા કેમ ઘટી'

બીજી તરફ ગૃહમાં વિધવા સહાય યોજના અંગેનો મુદ્દો પણ ગરમાયો હતો. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે પ્રશ્ન ઉઠાવી પૂછ્યું હતું કે વર્ષ 2025ના છેલ્લા છ મહિનામાં અમદાવાદ શહેર અને જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા કેમ ઘટી છે. તેમણે દાવો કર્યો હતો કે અગાઉ આ યોજનામાં લાભાર્થીઓની સંખ્યા વધુ હતી.

'દરેક પાત્ર મહિલાને યોજનાનો લાભ મળી રહ્યો છે'

આ પ્રશ્નના જવાબમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી ડૉ. મનીષા વકીલે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે અગાઉ ઈન્દિરા ગાંધી પેન્શન યોજના હેઠળ આવતી બહેનોને હવે ગંગા સ્વરૂપ યોજનામાં માઈગ્રેટ કરવામાં આવી રહી છે. વર્ષ 2024-25 દરમિયાન અમદાવાદ શહેર અને જિલ્લામાં એક લાખથી વધુ લાભાર્થી બહેનોને ગંગા સ્વરૂપ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે અને રાજ્યની દરેક પાત્ર મહિલાને યોજનાનો લાભ મળી રહ્યો છે.

પ્રશ્ન પૂછનાર અનેક ધારાસભ્યો ગૃહમાં ગેરહાજર રહેતા અધ્યક્ષે નોંધ લીધી

ચર્ચા દરમિયાન અધ્યક્ષે નોંધ્યું કે પ્રશ્ન પૂછનાર અનેક ધારાસભ્યો ગૃહમાં ગેરહાજર રહે છે. આ બાબતે તેમણે બંને પક્ષોના દંડકોને વિનંતી કરી કે પ્રશ્ન પૂછનાર ધારાસભ્યો ગૃહમાં હાજર રહે તેવી સભ્યોને સૂચના આપવામાં આવે, કારણ કે ગેરહાજરી યોગ્ય નથી.

આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાળકોના પોષણની સ્થિતિ પર સવાલ ઉઠ્યા

વિધાનસભામાં કુપોષણના આંકડાઓ સામે આવતા ખાસ કરીને ઉત્તર ગુજરાતના આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાળકોના પોષણ અને આરોગ્ય અંગેની સ્થિતિ પર ફરી એકવાર પ્રશ્નો ઉભા થયા છે.

# જીરું, ઘઉં, ચણા સહિતનાં પાકને નુકસાનની ભીતિ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી ગરમીમાં આંશિક રાહત

## કેસર કેરી પર જોખમ તોળાઈ રહ્યું છે : 3 દિવસ વરસાદની આગાહી

અમદાવાદ, તા.14

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી પડી રહી હતી, જેનાથી પરેશાન થયેલા લોકોને હવે થોડો રાહતનો અહેસાસ થયો છે. પવનની દિશામાં બદલાતા અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. જો કે, હજુ પણ મોટાભાગના શહેરોમાં તાપમાન 38 ડિગ્રી સુધી નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યાં અનુસાર, આગામી પાંચ દિવસમાં તાપમાનમાં 2થી 5 ડિગ્રીનો ઘટાડો નોંધાવાની શક્યતા છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ 18, 19 અને 20 માર્ચ રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી પણ કરી છે. માર્ચ મહિનામાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની છે, જેના કારણે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.



વરસાદની આગાહીને પગલે ખેડૂતોની ચિંતમાં વધારો થયો છે. હાલમાં ખેતરમાં રહેલા જીરું, ઘઉં, ચણા, વરયાળી સહિતના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને ગીર પંથકમાં કેસર કેરીની સિઝનને પગલે ખેડૂતો અને કેરીના બગીચા રાખનારા લોકોના જીવ પડીકે બંધાયા છે. જો માવઠું વરસે તો કેરીમાં નુકસાન થઈ શકે છે.

પવનની દિશા બદલાતા તાપમાન હજુ ઘટશે

ગુજરાતમાં માર્ચ મહિનાની શરૂઆતથી જ ગરમીનો પ્રચંડ પ્રકોપ જોવા મળી રહ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોમાં રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 42 ડિગ્રીની આસપાસ પહોંચી જતા લોકો આકરો તાપ સહન કરવો પડ્યો હતો. અમદાવાદમાં થોડા દિવસ પહેલાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી પહોંચ્યું હતું, જે સામાન્ય કરતાં લગભગ 4થી 5 ડિગ્રી વધુ નોંધાયું હતું. હવે પવનની દિશામાં ફેરફાર થતા તેમજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે તાપમાનમાં થોડો ઘટાડો નોંધાયો છે.

24 કલાકમાં તાપમાન 2થી 3 ડિગ્રી ગગડ્યું

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના મોટા ભાગના શહેરોમાં તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો ઘટાડો થયો છે. ગુજરાતવાસીઓને આજથી એટલે કે, 14 માર્ચથી ગરમીમાંથી આશિક રાહત મળશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.

# બોર્ડ બેઠકમાં ઘટસ્ફોટ : બીઆરટીએસની 350માંથી રોજ 60 બસ ખોટકાય છે, 5 વર્ષમાં 80 હજાર બસનું બ્રેકડાઉન

અમદાવાદ, તા.14

બીઆરટીએસની 79262 બસનું છેલ્લાં પાંચ વર્ષમાં બ્રેકડાઉન થયું છે. આટલી મોટી સંખ્યામાં બસોનું બ્રેકડાઉન થઈ રહ્યું હોવાનો મુદ્દો મ્યુનિ. બજેટ બોર્ડઆ કિસ્સામાં વિવિધ ટેન્ડરની જોગવાઈ પ્રમાણે દંડ કરાય છે.

| વર્ષ | બ્રેકડાઉન થયેલી બસની સંખ્યા |
|---|---|
| 2021 | 9,941 |
| 2022 | 18,101 |
| 2023 | 20,996 |
| 2024 | 18,817 |
| 2025 | 11,408 |
| કુલ | 79,263 |

બજેટ એ ઓલિમ્પિક બીડ માટે મજબૂત કરવા માટેનું પ્રથમ ડગલું છે: કમિશનર



બજેટ બેઠકમાં મ્યુનિ. કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું કે, શહેરના ભવિષ્યના વિકાસને ધ્યાને લઇ આ બજેટ વ્યાપક દ્રષ્ટી અને વ્યુહાત્મક નકશો છે. શહેરને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકે તેવું બનાવશે. 2036ની ઓલિમ્પિક બીડ માટે મજબૂત કરવા માટેનું આ બજેટ મહત્ત્વનું પ્રથમ પગલું છે. અમદાવાદ નાગરિકો માટે જીવવા માટે શ્રેષ્ઠશહેર બને તે આવશ્યક છે. આ બજેટ શહેરને સંતુલિત વિકાસ આપશે.

વાર્ષિક હિસાબ : મ્યુનિ.ને 1434 કરોડની લોન

મ્યુનિ.એ સત્તાવાર રીતે 1434.58 કરોડની લોન દર્શાવી છે. તેમાં સરકારની 80.11, જીએસએફસીની 354.47, ગ્રીન બોન્ડના 200, જીઆરસીપીના 350, નવી લોન તરીકે જીએસએફએસની 150 કરોડ

# 'મિત્રોએ સોડામાં દારૂ પીવડાવી મારો વીડિયો ઉતાર્યો' : અંબાજી મંદિરમાં દારૂ-નોનવેજની પાર્ટી મામલે સગીરનો ચોંકાવનારો ખુલાસો

જૂનાગઢ, તા.14

જૂનાગઢના પવિત્ર ગિરનાર પર્વત પર મા અંબાના મંદિર પરિસરમાં દારૂ અને નોનવેજની મિજબાનીનો શરમજનક વીડિયો વાઈરલ થયા બાદ સમગ્ર રાજ્યમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે તંત્રએ 10 પૂજારી અને એક રસોઈયાને સસ્પેન્ડ કરી કડક કાર્યવાહી કરી છે, પરંતુ હવે આ પ્રકરણમાં વીડિયોમાં દેખાતા સગીર યુવકે મીડિયા સમક્ષ ચોંકાવનારો ખુલાસો કરતા મામલામાં નવો વળાંક આવ્યો છે. સગીરના આક્ષેપ મુજબ, મંદિરમાં જ સેવા આપતા પૂજારીએ તેને નશામાં ધૂત કરી પરાણે વીડિયો ઉતરાવ્યો હતો અને આ સમગ્ર ઘટના પાછળ તેને મોહરો બનાવીને મંદિરને બદનામ કરવાનું કોઈ મોટું ષડયંત્ર હોવાની આશંકા



વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી તરફ, પૂજારીઓ દાનપેટીમાંથી પૈસા ચોરતા હોય તેવો અન્ય એક વીડિયો પણ સામે આવતા યાત્રાધામની સુરક્ષા અને પવિત્રતા સામે અનેક સવાલો ઊભા થયા છે.

'બોલ ને, ખા ને, મોઢું આમ કર' તેમ કહીને વીડિયો ઉતારતા હતા

સગીર યુવકે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ઘટના બેસતા વર્ષની સાંજે બની હતી. તે તેના મિત્ર અભિષેકસિંહ ચૌહાણ, જે મંદિરમાં પૂજારી તરીકે સેવા આપે છે, તેના કહેવાથી ત્યાં રોકાવા માટે ગયો હતો. સગીરે જણાવ્યું કે અભિષેક પોતે જ દારૂ લઈને આવ્યો હતો અને તેને સોડામાં મિક્સ કરીને પીવડાવી દીધો હતો. નશાની હાલતમાં અન્ય શખ્સો તેને 'બોલ ને, ખા ને, મોઢું આમ કર' તેમ કહીને ઉશ્કેરતા હતા અને તેનો વીડિયો ઉતારતા હતા. સગીરે આરોપ લગાવ્યો છે કે, આ વીડિયો છગનભાઈ ડાભી નામના શખ્સે ઉતાર્યો હતો. આ ઘટનામાં અભિષેક ચૌહાણ, જીગો ડાભી, ભગુડો વાઘેલા અને નિખિલ ગોસ્વામી જેવા શખ્સો હાજર હોવા છતાં માત્ર સગીરનો જ વીડિયો કેમ ઉતારાયો તે એક મોટો પ્રશ્ન છે.

7-8 લોકો હાજર હોવા છતાં એક જ છોકરાનો વીડિયો વાઈરલ કર્યો

સગીરના મોટા ભાઈએ પણ આ મામલે પોતાનો રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, તેના ભાઈને એક મોહરો બનાવીને આ અસામાજિક તત્વોએ ટાર્ગેટ કર્યો છે. ત્યાં 7થી 8 લોકો હાજર હોવા છતાં માત્ર એક જ છોકરાનો વીડિયો વાઈરલ કરવા પાછળ કોઈ મોટું ષડયંત્ર હોવાની આશંકા પરિવારે વ્યક્ત કરી છે. ભાઈએ વધુમાં ઉમેર્યું કે, મારો ભાઈ હજુ નાની ઉંમરનો છે, તેને જે કંઈ પણ કરાવ્યું છે તે આ શખ્સોએ આગળ ધરીને કરાવ્યું છે. આ ઘટના પાછળ કોઈ રાજકારણ હોય કે મંદિરને બદનામ કરવાની ચાલ, અમે તંત્રને વિનંતી કરીએ છીએ કે સાચી હકીકત બહાર લાવવામાં આવે.

# મિડલ-ઈસ્ટ તણાવની ઊંઝાના મસાલા બજાર પર માઠી અસર:જીરું, વરિયાળી સહિતના મસાલા ભરેલા 200થી વધુ કન્ટેનર દરિયામાં અટવાયા, શિપિંગ ભાડું $1500થી વધી $5000 પહોંચ્યું

મહેસાણા, તા.14

અમેરિકા-ઇઝરાયલ અને ઇરાન યુદ્ધની સીધી અને ગંભીર અસર હવે એશિયાના સૌથી મોટા ગણાતા ઊંઝાના મસાલા બજાર પર જોવા મળી રહી છે. યુદ્ધના કારણે સર્જાયેલી અસ્થિરતાને પગલે ઊંઝાના વેપારીઓના કરોડો રૂપિયા દરિયાની વચ્ચે અટવાઈ જતાં સમગ્ર વેપારી આલમમાં ચિંતા અને અનિશ્ચિતતાનો માહોલ વ્યાપી ગયો છે.

ઊંઝાથી વિદેશ મોકલાયેલો માલ અટવાયો

હાલની પરિસ્થિતિ મુજબ ઊંઝાથી વિદેશ મોકલવામાં આવેલા અંદાજે 200થી 250 જેટલા કન્ટેનરો ટ્રાન્ઝિટમાં અટવાઈ ગયા છે. આ કન્ટેનરોમાં જીરું અને વરિયાળી સહિતના કિંમતી મસાલાઓનો જથ્થો ભરાયેલો છે. માલ સમયસર ગંતવ્ય સ્થાને ન પહોંચવાને કારણે અને પેમેન્ટ અટકી જવાથી વેપારીઓની અંદાજે રૂ 200થી 500 કરોડ જેવી માતબર રકમ ફસાઈ હોવાનું જાણવા મળે છે.

વીમા કંપનીઓએ હાથ ઉંચા કરી દેતા નિકાસકારોની મુશ્કેલી વધી

સૌથી ગંભીર સ્થિતિ વીમા ક્ષેત્રે સર્જાઈ છે. યુદ્ધના જોખમને ધ્યાનમાં રાખીને હાલમાં કોઈ પણ વીમા



કંપની શિપિંગ લાઈન માટે વીમો લેવા તૈયાર નથી. વીમા વગર આંતરરાષ્ટ્રીય બજારમાં માલ મોકલવો અત્યંત જોખમી હોવાથી ઊંઝાથી થતી મસાલાની નિકાસ હાલમાં લગભગ અશક્ય બની ગઈ છે. નિકાસકારો માટે આ સ્થિતિ 'પડતા પર પાટું' સમાન સાબિત થઈ રહી છે.

શિપિંગ ભાડામાં તોતિંગ વધારો

ઊંઝા APMCના ચેરમેન દિનેશ પટેલના જણાવ્યા અનુસાર ઊંઝામાં થતા કુલ મસાલા વેપારના 40થી 45% હિસ્સો નિકાસ પર નિર્ભર છે. ખાડી યુદ્ધની સ્થિતિને કારણે નિકાસમાં મોટો અવરોધ આવ્યો છે. જે શિપિંગ લાઈનના ભાડા અગાઉ 1500 ડોલર આસપાસ હતા, તે વધીને હવે 4500થી 5000 ડોલર સુધી પહોંચી ગયા છે. વધુમાં, ઈન્શ્યોરન્સ મળવો મુશ્કેલ હોવાથી નિકાસનો કારોબાર અત્યારે લગભગ ઠપ્પ જેવો છે.

ખેડૂતો પર આર્થિક ફટકાની ભીતિ

જોકે હાલમાં સ્થાનિક (ડોમેસ્ટિક) માગ સારી છે, પરંતુ જો યુદ્ધ લાંબુ ચાલશે તો તેની માઠી અસર ખેડૂતો પર પણ પડશે. હાલ ગુજરાતમાંથી દરરોજ 25થી 30 હજાર બોરીની આવક થઈ રહી છે અને ખેડૂતોને રૂ. 3800થી 4500 સુધીના ભાવ મળી રહ્યા છે.

શિપિંગ લાઈનો 4 હજાર ડોલર વોર સરચાર્જના નામે ઉઘરાવી રહી છે: અશ્વિન નાયક

# એક જ યુવક માટે વર્ગ-4ની બે મહિલાઓ વચ્ચે સરાજાહેર જંગ:ચોટલા પકડી એકબીજાને ફટકારી, સુરત સિવિલના ઇમરજન્સી વિભાગના પેસેજમાં 'હાઈવોલ્ટેજ ડ્રામા'

સુરત, તા.14

સુરત શહેરની સિવિલ હોસ્પિટલ, જે દર્દીઓની ચીસો અને એમ્બ્યુલન્સના સાયરનથી ગુંજતી હોય છે, ત્યાં એક અનોખો જ 'હાઈવોલ્ટેજ ડ્રામા' જોવા મળ્યો હતો. અહીં સારવાર લેવા આવતા દર્દીઓ તો ઠીક, પણ સ્ટાફના સભ્યો પણ ત્યારે સ્તબ્ધ થઈ ગયા જ્યારે વર્ગ-4ની બે મહિલા કર્મચારીઓ ફિલ્મી સ્ટાઈલમાં એકબીજા સાથે બાખડી પડી. આ લડાઈ પાછળ કોઈ કામનું ભારણ નહીં, પણ 'પ્રેમ પ્રકરણ' કારણભૂત હોવાનું સામે આવ્યું છે.

ફોન 'બીઝી' આવ્યો ને શંકાની સોય જાગી

ઘટનાની વિગત એવી છે કે,



તાત્કાલિક સારવાર વિભાગ ટ્રોમા સેન્ટરના પેસેજમાં એક મહિલા કર્મચારી પોતાના ખાસ મિત્ર સાથે ફોન પર મશગૂલ હતી. આ દરમિયાન ત્યાંથી પસાર થતી બીજી મહિલા કર્મચારીને શંકા ગઈ. તેણે ખાતરી કરવા માટે એ જ યુવકને ફોન લગાવ્યો, પણ ફોન સતત 'વ્યસ્ત' આવતા તેની શંકા હકીકતમાં ફેરવાઈ ગઈ. બસ, પછી તો શું? 'પ્રેમમાં વિઘ્ન' સમાન બનેલી સાથી કર્મચારી સામે તેણે મોરચો માંડ્યો.

બંને મહિલાઓ વચ્ચે પહેલા બોલાચાલી શરૂ થઈ. વાત ત્યાં સુધી પહોંચી કે એક મહિલાએ બીજીના હાથમાંથી મોબાઈલ આંચકી લીધો. કોલ લોગ ચેક કરતા જ ખબર પડી કે બંને એક જ યુવક સાથે વાત કરે છે. આ સત્ય સામે આવતા જ બંનેનો પિત્તો ગયો અને પેસેજમાં જ સરાજાહેર મારામારી શરૂ થઈ ગઈ. બંનેએ એકબીજાના ચોટલા પકડ્યા અને ધક્કામુક્કી કરી, જેના કારણે થોડા સમય માટે હોસ્પિટલનો સ્ટાફ સારવાર છોડીને આ તમાશો જોવામાં વ્યસ્ત થઈ ગયો હતો.

# સગીરાના જ સગીરા સાથે શારીરિક અડપલાં:અમદાવાદની પીડિતાને 31st ઉજવવા આબુ લઈ ગઈ, હોટલમાં બિયર પીવડાવ્યું; યુવક મિત્રએ દુષ્કર્મ આચર્યાનો વીડિયો બનાવ્યો

અમદાવાદ, તા.14

અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતી 17 વર્ષીય સગીર પીડિતા પર તેની 14 વર્ષીય સગીરા મિત્રએ તેના યુવક ફ્રેન્ડે સાથે મળી દુષ્કર્મ આચર્યાનો કિસ્સો સામે આવ્યો છે. પીડિત સગીરા સહિત ત્રણેય થર્ટી ફર્સ્ટની પાર્ટીની ઉજવણી કરવા રાજસ્થાનના માઉન્ટ આબુ ગયા હતા. જ્યાં યુવકે હોટલમાં પીણું પીવડાવીને પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું અને યુવક પીડિતા સાથે દુષ્કર્મ આચરતો હોવાનો વીડિયો પણ ઉતાર્યો હતો.




આ ઉપરાંત 14 વર્ષીય સગીરાએ પીડિતાની છાતીના ભાગે અને પ્રાઈવેટ પાર્ટ પર હાથ ફેરવતી હોવાનો પણ વીડિયો બનાવ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર વાઈરલ કર્યો હતો જેને લઈને પીડિતાએ યુવક અને 14 વર્ષીય સગીરા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા રાણીપ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

31st પર માઉન્ટ આબુ જવા માટે પીડિતાને ફોન કર્યો

શહેરના રાણીપ વિસ્તારમાં 17 વર્ષીય પીડિતા તેના પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. એક વર્ષ પહેલા સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર ગાંધીનગરના કલોલ ખાતે રહેતી 14 વર્ષીય સગીરા સાથે મિત્રતા બંધાઈ હતી. અવારનવાર તેઓ વાતચીત કરતા હતા. જોકે, 30 ડિસેમ્બર 2025ના રોજ 14 વર્ષીય સગીરાનો પીડિતા ઉપર ફોન આવ્યો હતો કે, 31st ડિસેમ્બરે માઉન્ટ આબુ ખાતે ન્યુ યર સેલિબ્રેશન કરવા મિત્રો સાથે ફરવા જવાનું નક્કી કર્યું છે.

કલોલ રેલવે સ્ટેશનથી ટ્રેનમાં માઉન્ટ આબુ જવા નીકળ્યા

કલોલ ખાતેથી ટ્રેનમાં બેસીને જવાનું છે જેથી પીડિતાએ પણ જવા માટે સંમતિ દર્શાવી હતી. પીડિતા રાત્રે 8:30 વાગ્યે રિક્ષામાં બેસીને ઝુંડાલ સર્કલ પાસે પહોંચી હતી. ટુવ્હીલર લઈને સગીરા અને તેનો મિત્ર દિવ્યેશ ઝુંડાલ ખાતે આવ્યા હતા.

# બટાકાના ભાવ તળિયે જતાં જગતનો તાત આર્થિક સંકટમાં : વિજાપુરના ખેડૂતે કહ્યું- જો સરકાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સાથ ઈચ્છતી હોય તો રાહત પેકેજ જાહેર કરે

મહેસાણા, તા.14

મહેસાણા જિલ્લાનું વિજાપુર અને તેનો કાંઠા વિસ્તાર જે ઉત્તમ ગુણવત્તાના બટાકા માટે જાણીતો છે, ત્યાં આજે ખેડૂતોની સ્થિતિ અત્યંત દયનીય બની છે. ગત વર્ષે જે બટાકા ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થયા હતા, તે જ આ વર્ષે ખેડૂતોની કમર તોડી રહ્યો છે. બજારમાં બટાકાના ભાવમાં 60 ટકા જેટલો તોતિંગ ઘટાડો નોંધાતા ખેડૂતો પાયમાલ થવાનાં આરે છે.

ખર્ચ વધ્યો અને ઉત્પાદન ઘટ્યું

સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, આ વર્ષે બિયારણ, ખાતર, મજૂરી અને ટ્રાન્સપોર્ટેશનના ખર્ચમાં ધરખમ વધારો થયો છે. એક વીઘા દીઠ ખેતીનો ખર્ચ રૂ. 30,000થી રૂ. 35,000 સુધી પહોંચ્યો છે, જેની સામે માંડ રૂ. 20,000ની આવક



થઈ રહી છે. ગત વર્ષે પ્રતિ 20 કિલો (એક મણ)ના ભાવ રૂ. 250થી રૂ. 450 સુધી મળતા હતા, જે ચાલુ વર્ષે ઘટીને માત્ર રૂ. 80થી રૂ. 150ની વચ્ચે આવી ગયા છે. હરીપુરા જેવા ગામોમાં તો સ્થિતિ એવી છે કે, વેપારીઓ રૂ. 100માં પણ માલ લેવા તૈયાર નથી, પરિણામે ખેતરોમાં બટાકાના પહાડ જેવા ઢગલા ખડકાયા છે.

કોલ્ડ સ્ટોરેજ હાઉસફુલ, વેપારીઓની ઉદાસીનતા

મબલખ ઉત્પાદનને કારણે વિસ્તારના તમામ કોલ્ડ સ્ટોરેજ હાલ હાઉસફુલ થઈ ગયા છે, જેના કારણે સંગ્રહ કરવાની પણ જગ્યા નથી. બીજી તરફ ગત વર્ષની સરખામણીએ બજારમાં સ્ટોક વધુ હોવાથી વેપારીઓ પણ ખરીદીમાં ઉદાસીનતા દાખવી રહ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે, હવે મજૂરોના પૈસા ચૂકવવા પણ લોઢાના ચણા ચાવવા જેવું કામ બની ગયું છે.

સરકાર પાસે સહાયની માગ

વિજાપુર APMCના ચેરમેન રાજુ પટેલે પણ ખેડૂતોની વહારે આવતા સરકારને નમ્ર અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે ખેડૂતો અત્યારે ગંભીર આર્થિક સંકટમાં છે. ત્યારે સરકારે ટ્રાન્સપોર્ટેશન અથવા અન્ય કોઈ રીતે તાત્કાલિક સહાય જાહેર કરવી જોઈએ. હરીપુરાના ખેડૂત ઝવેર પટેલે ચેતવણીના સૂરમાં જણાવ્યું હતું કે, જો સરકાર આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ખેડૂતોનો સાથ ઈચ્છતી હોય તો સરકારે તુરંત રાહત પેકેજ જાહેર કરી ખેડૂતોની સામે જોવું જોઈએ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

# મોદીએ કહ્યું- કોંગ્રેસે આસામના યુવાનોને ગેરમાર્ગે દોર્યા: તેમને આતંકવાદના રસ્તે ધકેલી દીધા; ભાજપે સરકારી નોકરીઓના દરવાજા ખોલ્યા

**કોલકાતા, તા.14**

આસામ મુલાકાતના બીજા દિવસે સિલચરમાં PM મોદીએ કહ્યું કે કોંગ્રેસે તેના શાસન દરમિયાન આસામના યુવાનોને ગેરમાર્ગે દોર્યા, તેમને હિંસા અને આતંકવાદના રસ્તે ધકેલી દીધા. પરંતુ આજે આ રાજ્ય તકોનો સાગર છે PM મોદીએ કહ્યું- કોંગ્રેસે આસામને ભાગલા પાડો અને રાજ કરોની નીતિ હેઠળ રાખ્યું. આજે, આસામ ખુલ્લું આસમાન છે. આસામ ભારતના સેમિકન્ડક્ટર ક્ષેત્રનો એક મહત્વપૂર્ણ ભાગ બની રહ્યું છે. રાજ્યએ સરકારી નોકરીઓના દરવાજા ખોલી નાખ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આસામ મુલાકાતનો આજે બીજો દિવસ છે. મોદી આજે સવારે સિલચર પહોંચ્યા હતા. તેમણે 23,550 કરોડના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે કહ્યું કે સિલચરને બરાક ઘાટીનું ગેટવે કહેવામાં આવે છે. તે એક એવી જગ્યા છે જ્યાં ઈતિહાસ, ભાષા, સંસ્કૃતિ અને ઉદ્યોગે મળીને પોતાની ઓળખ બનાવી છે. અહીં બંગાળી બોલાય છે, અને આસામી પણ સાંભળવામાં આવે છે. અન્ય આદિવાસી પરંપરાઓ પણ સાંભળવામાં આવે છે. સાથે મળીને, તમે આ સમગ્ર પ્રદેશના



વિકાસ માટે ભાઈચારો અને સુમેળમાં સાથે મળીને કામ કરી રહ્યા છો. આ બરાક ઘાટીની અપાર સંભાવના છે. બરાક નદીએ અહીં વેપાર માર્ગોને પ્રોત્સાહન આપ્યું છે.

જ્યારે દુનિયા યુદ્ધોનો સામનો કરી રહી છે, ત્યારે અમે દેશના લોકો પર તેની અસર ઓછી કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. પરંતુ એક જવાબદાર રાજકીય પક્ષ બનવાને બદલે, કોંગ્રેસ લોકોમાં ગભરાટ ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ મોદીને ખુબ જ અપશબ્દો કહી રહી છે. કોંગ્રેસ પાસે દેશ માટે કોઈ વિઝન નથી. તેમણે ખોટી રીલ્સ બનાવવાની ઈન્ડસ્ટ્રી શરૂ કરી છે. દુનિયા ભારતના ઝડપી વિકાસને પચાવી શકતી નથી. કોંગ્રેસ વિદેશી તાકાતોના હાથની કઠપૂતળી બની રહેશે.

**કોંગ્રેસે બરાક ઘાટીના વિકાસ માટે કાંઈ કર્યું નહીં**

આસામના સિલચરમાં કોંગ્રેસ પર હુમલો કરતા પીએમ મોદીએ કહ્યું કે જ્યારે ભારતને આઝાદી મળી, ત્યારે કોંગ્રેસે સરહદ એવી રીતે ખેંચવાની મંજૂરી આપી કે જેનાથી બરાક ઘાટીનો સમુદ્ર સાથેનો સંપર્ક કપાઈ ગયો, જેનાથી તેની તાકાત છીનવાઈ ગઈ, જે એક સમયે ઔદ્યોગિક કેન્દ્ર તરીકે જાણીતી હતી. આઝાદી પછી પણ, કોંગ્રેસ સરકારોએ દાયકાઓ સુધી શાસન કર્યું, પરંતુ બરાક ઘાટીના વિકાસ માટે કંઈ નોંધપાત્ર કરવામાં આવ્યું નહીં. ભાજપની ડબલ-એન્જિન સરકાર આ પરિસ્થિતિને બદલી રહી છે. PM મોદીએ કહ્યું, "બરાક ઘાટીના વિકાસથી સમગ્ર આસામ અને નોર્થ-ઈસ્ટને ફાયદો થશે, જેમાં તેના ખેડૂતો અને યુવાનોનો પણ સમાવેશ થાય છે. આનાથી પર્યટન અને ઉદ્યોગને ફાયદો થશે. દેશભરના લોકો બરાક ઘાટી સાથે સરળતાથી જોડાઈ શકશે." PMએ કહ્યું કે આઝાદી પછી દાયકાઓ સુધી, કોંગ્રેસ સરકારોએ નોર્થ ઈસ્ટને દિલ્હી અને દિલથી દૂર રાખ્યું. કોંગ્રેસ નોર્થ ઈસ્ટને ભૂલી ગઈ હતી, પરંતુ ભાજપની ડબલ-એન્જિન સરકારે નોર્થ ઈસ્ટને એવી રીતે જોયું છે જેની ચર્ચા દરેક જગ્યાએ થઈ રહી છે. નોર્થ ઈસ્ટ આજે દક્ષિણ એશિયાને જોડતો સેતુ બની રહ્યું છે.

**બે દિવસમાં આસામને 47,600 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ મળ્યા**

પીએમ મોદીએ આસામમાં 47,600 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. તેમની મુલાકાતના પહેલા દિવસે, 13 માર્ચે, ગુવાહાટીમાં, પીએમએ 24,250 કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. બીજા દિવસે, 14 માર્ચે, સિલચરમાં અનેક પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો, જેમાં ઉત્તરપૂર્વનો પ્રથમ ગ્રીનફિલ્ડ ફોર-લેન હાઈ-સ્પીડ શિલોંગ-સિલચર કોરિડોર અને આસામ માલા 3.0 પ્રોજેક્ટનો સમાવેશ થાય છે, જેનો અંદાજિત ખર્ચ 23,550 કરોડ છે.

**સિલચરમાં મોદીએ કોંગ્રેસ પર લગાવ્યા 5 આરોપ**

10 વર્ષમાં, અમે 20,000 કરોડ રૂપિયા સીધા અહીંના ખેડૂતોના ખિસ્સામાં નાખ્યા છે. કોંગ્રેસ પાર્ટીના 10 વર્ષના શાસન દરમિયાન, ભલે વડાપ્રધાન આસામથી ચૂંટાયા હતા, તેમણે એક પણ પૈસો આપ્યો નહીં.

જ્યારે દુનિયા યુદ્ધોનો સામનો કરી રહી છે, ત્યારે અમે દેશના લોકો પર તેની અસર ઓછી કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. પરંતુ એક જવાબદાર રાજકીય પક્ષ બનવાને બદલે, કોંગ્રેસ લોકોમાં ગભરાટ ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ પાસે આસામ કે દેશ માટે કોઈ વિઝન નથી; તે ફક્ત મોદીને અપશબ્દો કહેવાનું, અફવાઓ ફેલાવવાનું અને લોકોને ગેરમાર્ગે દોરવા માટે જૂઠું બોલવાનું જાણે છે.

# રાહુલ બોલ્યા-DUમાં ઈન્ટરવ્યુથી વિદ્યાર્થીઓને બહાર કાઢે છે: દિલ્હી યુનિવર્સિટીએ કહ્યું- પહેલા હકીકત તપાસો

**નવી દિલ્હી, તા.14**

દિલ્હી યુનિવર્સિટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના તે નિવેદનને ફગાવી દીધું છે, જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે યુનિવર્સિટીમાં ઈન્ટરવ્યુ દ્વારા વિદ્યાર્થીઓને બહાર કરવામાં આવે છે. યુનિવર્સિટીએ કહ્યું કે રાહુલ નિવેદન આપતા પહેલા તથ્યોની તપાસ કરે. DUમાં એડમિશન કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET)ના સ્કોરના આધારે મેરિટથી થાય છે. મોટાભાગના કોર્સમાં ઈન્ટરવ્યુ પ્રક્રિયાનો ભાગ નથી. રાહુલ ગાંધીએ શુક્રવારે લખનઉમાં બહુજન સમાજ પાર્ટીના સંસ્થાપક કાંશીરામની જયંતી પર આયોજિત સંવિધાન સંમેલન કાર્યક્રમમાં કહ્યું હતું કે દિલ્હી યુનિવર્સિટી ઈન્ટરવ્યુનો ઉપયોગ વિદ્યાર્થીઓને બહાર કરવા માટે કરે છે.

**DUએ લખ્યું- આવી ટિપ્પણીઓથી યુનિવર્સિટીનું વાતાવરણ ખરાબ થાય છે**

દિલ્હી યુનિવર્સિટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે યુનિવર્સિટીની પ્રમાણભૂત પ્રવેશ પ્રક્રિયામાં મોટાભાગના અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ પ્રોગ્રામ્સ માટે ઈન્ટરવ્યુનો સમાવેશ થતો નથી. પ્રવેશ સંપૂર્ણપણે CUET સ્કોરના આધારે પારદર્શક રીતે આપવામાં આવે છે. યુનિવર્સિટીએ જણાવ્યું કે જો રાહુલ ગાંધીનો



ઈશારો ફેકલ્ટી ભરતી તરફ હતો, તો તાજેતરના સમયમાં તમામ કેટેગરીમાં હજારો શિક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. DUએ રાહુલ ગાંધીના નિવેદન પર વાંધો ઉઠાવતા કહ્યું કે આ પ્રકારની ટિપ્પણીઓથી યુનિવર્સિટીનું વાતાવરણ ખરાબ થાય છે.

**રાહુલ બોલ્યા- મોદી માનસિક રીતે ખતમ, તેઓ હવે વડાપ્રધાન નથી**

રાહુલ ગાંધીએ કહ્યું- નરેન્દ્ર મોદી માનસિક રીતે ખતમ થઈ ગયા છે. મોદી હવે ભારતના વડાપ્રધાન નથી રહ્યા, તેઓ અમેરિકા માટે કામ કરી રહ્યા છે અને નરેન્દ્રએ શરણાગતિ સ્વીકારી લીધી છે. જ્યારે હું આ વાત સંસદમાં બોલવા જઈ રહ્યો હતો ત્યારે નરેન્દ્ર મોદીજી ભાગીને નીકળી ગયા. તેમણે કહ્યું- નરેન્દ્ર મોદીએ દેશની ઊર્જા સુરક્ષા સાથે સમાધાન કર્યું છે. કારણ કે હવે અમેરિકા નક્કી કરી રહ્યું છે કે આપણે ઓઈલ ક્યાંથી લઈશું? ઊર્જા ક્ષેત્રની સ્થિતિ હજુ વધુ ખરાબ થશે. રાહુલ ગાંધીએ કહ્યું કે કાંશીરામજી સમાજમાં સમાનતાની વાત કરતા હતા. જો જવાહરલાલ નેહરુજી જીવતા હોત તો કાંશીરામજી કોંગ્રેસના મુખ્યમંત્રી હોત. પરંતુ આજે ભાજપે સમાજને 15 અને 85 માં વહેંચી દીધો છે. ફાયદો ફક્ત 15% લોકોને મળી રહ્યો છે. 50% લોકોને અલગ-અલગ કરી દેવામાં આવ્યા. કાર્યક્રમ દરમિયાન રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર પણ નિશાન સાધતા કહ્યું કે સંગઠનના માળખામાં પછાત વર્ગોનું પ્રતિનિધિત્વ ઓછું છે. તેમણે દાવો કર્યો કે RSSના પ્રચારકોની યાદીમાં OBC, દલિત કે આદિવાસી સમુદાયનું પ્રતિનિધિત્વ દેખાતું નથી.

# બેગુસરાયમાં CM નીતિશની સુરક્ષામાં ચૂક: હેલિપેડમાં બળદ ઘૂસ્યો, પોલીસકર્મીઓને દોડાવ્યા; બચવા માટે ફાયર બ્રિગેડ પર ચઢ્યા

**બેગુસરાય, તા.14**

બેગુસરાયમાં CM ની0તિશની સુરક્ષામાં મોટી ચૂક જોવા મળી. સમૃદ્ધિ યાત્રા અંતર્ગત CM થોડીવારમાં જે હેલિપેડ પર ઉતરવાના છે ત્યાં એક બળદ ઘૂસી ગયો. બળદે ત્યાં હાજર પોલીસકર્મીઓને દોડાવ્યા. બચવા માટે એક પોલીસકર્મી ફાયર બ્રિગેડની ગાડી ઉપર ચઢી ગયો. આનાથી ત્યાં અફરાતફરી મચી ગઈ. બળદને બહાર ભગાડ્યો.

મુખ્યમંત્રી નીતિશ કુમારની ત્રીજા તબક્કાની સમૃદ્ધિ યાત્રાનો આજે છેલ્લો દિવસ છે. CM આજે બેગુસરાય અને પછી શેખપુર જશે. આ દરમિયાન તેઓ બંને જિલ્લાઓમાં લગભગ 630 કરોડ રૂપિયાની અલગ-અલગ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. CM નીતિશ સૌથી પહેલા બેગુસરાય પહોંચશે અને ફેક્ટરીઓનું અવલોકન કરશે. ત્યારબાદ અધિકારીઓ સાથે વિકાસ યોજનાઓની સમીક્ષા કરશે. અહીંથી તેઓ શેખપુરા જશે. બપોરે લગભગ 3 વાગ્યે પટના પરત ફરશે.



**118.67 કરોડના 190 પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે**

મુખ્યમંત્રી અહીં કુલ 330 કરોડ રૂપિયાની 402 યોજનાઓમાંથી 118.67 કરોડ રૂપિયાની 190 પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે, જ્યારે 211.97 કરોડ રૂપિયાની 212 પરિયોજનાઓનું ઉદ્ઘાટન પણ કરશે. આ સાથે તેઓ બિયાડા કેમ્પસમાં કેમ્પા કોલા ફેક્ટરીનો શિલાન્યાસ પણ કરશે. બીઆઈએડીએ કેમ્પસમાં બનાવેલા હેલિપેડ પર હેલિકોપ્ટરથી ઉતર્યા બાદ મુખ્યમંત્રી નિર્માણાધીન મેડિકલ કોલેજની સાથે-સાથે કેમ્પસમાં ચાલી રહેલી વિવિધ ફેક્ટરીઓનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ જન સંવાદ કાર્યક્રમ અંતર્ગત જીવિકા દીદીઓ અને સામાન્ય લોકોને સંબોધિત કરશે.

**શેખપુરાના બરબીઘામાં નીતિશ કુમાર જનસભા કરશે**

બેગુસરાય પછી નીતિશ કુમાર શેખપુરાના બરબીઘા પ્રખંડના સર્વા પંચાયત પહોંચશે. મુખ્યમંત્રી હેલિકોપ્ટરથી હેલિપેડ પર બપોરે 12.50 વાગ્યે ઉતરીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરથી અહીં આવશે. અહીં અલગ-અલગ પ્રોજેક્ટના ઉદ્ઘાટન અને શિલાન્યાસ પછી મુખ્યમંત્રી બપોરે 2 વાગ્યે 55 મિનિટે પટના માટે રવાના થશે. મુખ્યમંત્રી પૂરા 2 કલાક 5 મિનિટ સર્વા ખાતે રહેશે.

# સિંગરૌલીમાં અદાણી પાવર પ્લાન્ટમાં હોબાળો: એક મજૂરનું તબિયત લથડતા મોત થયું, રોષે ભરાયેલા મજૂરોએ પ્લાન્ટ પરિસરમાં તોડફોડ કરી આગ લગાવી

**સિંગરૌલી, તા.14**

સિંગરૌલી જિલ્લાના માડા પોલીસ સ્ટેશન વિસ્તારના બધૌરા સ્થિત અદાણી પાવર પ્લાન્ટમાં શનિવારે સવારે એક મજૂરના મોત બાદ ભારે હોબાળો થયો. ગુસ્સે થયેલા મજૂરોએ પ્લાન્ટ પરિસરમાં તોડફોડ કરી આગ લગાડી દીધી. સામે આવેલા વીડિયોમાં દૂરથી કાળા ધુમાડાના ગોટેગોટા દેખાઈ રહ્યા છે. પ્લાન્ટની અંદર એક સાઈટ નીચે પણ આગ લાગેલી છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ઘટનાસ્થળે ભારે પોલીસ અને વહીવટી અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, પ્લાન્ટમાં કામ કરતા મજૂર લલ્લન સિંહનું શુક્રવારે મોડી રાત્રે અચાનક તબિયત લથડતા મૃત્યુ થયું હતું. મૃતક મૂળરૂપે ઝારખંડના ગઢવા જિલ્લાનો રહેવાસી હતો અને લાંબા સમયથી આ જ પ્લાન્ટમાં કામ



કરી રહ્યો હતો. મજૂરના મોતની ખબર ફેલાતા જ સાથી મજૂરોમાં આક્રોશ ફેલાઈ ગયો. તેમણે મૃતદેહ છુપાવવાનો આરોપ લગાવીને હોબાળો શરૂ કર્યો. એવું પણ કહેવાય છે કે એવી અફવા પણ ફેલાઈ હતી કે મજૂર લલ્લનનું ઊંચાઈ પરથી પડી જવાને કારણે મૃત્યુ થયું છે. કંપની મેનેજમેન્ટ અને જિલ્લા પ્રશાસનનો દાવો છે કે મજૂરનું મૃત્યુ મોડી રાત્રે હાર્ટ એટેકથી થયું. કંપનીની અંદર સ્થિતિ તણાવપૂર્ણ છે. મજૂરોએ એક ડઝનથી વધુ વાહનોને નુકસાન પહોંચાડ્યું અને પલટાવી દીધા. પોલીસ ચોકી પ્રભારીની ગાડીમાં પણ તોડફોડ કરી.

**વહીવટી તંત્રએ કહ્યું- મામલાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે**

પાવર પ્લાન્ટની અંદર મજૂરો નિષ્પક્ષ તપાસ અને સાથી મજૂરના મૃત્યુનું કારણ સ્પષ્ટ કરવાની માગ કરી રહ્યા હતા. તેના પર વહીવટી તંત્રએ તેમને ખાતરી આપી છે કે સમગ્ર મામલાની નિષ્પક્ષ રીતે તપાસ થશે. જો કોઈ દોષિત જણાશે તો તેના પર કાર્યવાહી કરવામાં આવશે. જો મેનેજમેન્ટ તરફથી કોઈ બેદરકારી થઈ હશે તો તેની પણ તપાસ થશે. આ પછી મજૂરો શાંત થયા.

**એક હજારથી વધુ મજૂરો હજુ પ્લાન્ટની અંદર**

સિંગરૌલી બધૌરા પાવર પ્લાન્ટમાં થયેલા અકસ્માત બાદ લગભગ 200થી વધુ પોલીસ ઘટનાસ્થળે તૈનાત છે. કંપનીમાં 10 હજારથી વધુ મજૂરો કામ કરી રહ્યા હતા, જેમાંથી 8 થી 9 મજૂરો ઘટના બન્યા પછી પોતાનો સામાન લઈને પ્લાન્ટની બહાર નીકળી ગયા. એક હજારથી વધુ મજૂરો હજુ પ્લાન્ટની અંદર છે. જિલ્લા પ્રશાસન તેમને સતત સમજાવી રહ્યું છે. હજુ સ્થિતિ સામાન્ય નથી. મૃતક લલ્લન સિંહના રૂમ મેટ મુજબ, પ્લાન્ટમાં કામ કરી રહેલા મજૂરોએ જણાવ્યું કે જ્યારે અકસ્માત થયો, ત્યારબાદ પ્લાન્ટની અંદર નાસભાગ મચી ગઈ. ગુસ્સે થયેલા મજૂરોએ ઠેકેદારની ઓફિસને આગ ચાંપી દીધી. પોલીસ સ્ટેશન પ્રભારી અને ચોકી પ્રભારીની ગાડીઓમાં તોડફોડ કરી. કંપનીના અધિકારી કર્મચારીઓ સાથે મારપીટ કરવામાં આવી. અધિકારીઓ 150થી વધુ પોલીસ દળ લઈને મજૂરોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# AI વકીલના મગજની જગ્યા લઈ શકતો નથી: સુપ્રીમ કોર્ટના જજે કહ્યું- AI સમય બચાવવામાં મદદરૂપ, પરંતુ શિસ્તબદ્ધ નિર્ણયો લેવા સક્ષમ નથી

## આ કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટના જજ, સતીશ ચંદ્ર શર્મા અને તેલંગાણા હાઈ કોર્ટના મુખ્ય જજ, જસ્ટિસ અપારેષ કુમાર સિંહે પણ વાત કરી હતી

**હૈદરાબાદ, તા.14**

સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ વિક્રમ નાથે શનિવારે જણાવ્યું હતું કે AI વકીલના પ્રશિક્ષિત મગજ અને જજની નૈતિક જવાબદારીનું સ્થાન લઈ શકે નહીં. તેમણે વધુમાં કહ્યું કે જો સમજદારીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો, AI સમય બચાવી શકે છે અને કાનૂની કામના કેટલાક પાસાઓને વધુ સરળ બનાવી શકે છે.

જસ્ટિસ વિક્રમ તેલંગાણામાં એક કોન્ફરન્સને સંબોધિત કરી રહ્યા હતા. જસ્ટિસ નાથે વધુમાં કહ્યું કે ટેકનોલોજી કોઈ નોટનો ડ્રાફ્ટ બનાવવામાં મદદ કરી શકે છે, પરંતુ તેને કાયદો બનાવવાની મંજૂરી આપી શકાય નહીં.

તેમણે કહ્યું કે AIના ખોટા ઉપયોગને કારણે ન્યાયિક વ્યવસ્થાએ એટલી હદ સુધી ન જવું જોઈએ કે તે તેનાથી સંપૂર્ણપણે દૂર થઈ જાય. તેમણે એમ પણ કહ્યું કે AI માત્ર એક ટૂલ છે, અને એક ટૂલને ટૂલ જ રહેવું જોઈએ. આ કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટના જજ, સતીશ ચંદ્ર શર્મા અને તેલંગાણા હાઈ કોર્ટના મુખ્ય જજ, જસ્ટિસ અપારેષ કુમાર સિંહે પણ વાત કરી હતી.



**જસ્ટિસ વિક્રમ નાથે એ પણ કહ્યું**

સુપ્રીમ કોર્ટમાં પણ AI દ્વારા બનેલી ખોટી સામગ્રી અને નકલી સાઈટેશનના ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ખોટા કાનૂની સંદર્ભ (સાઈટેશન) માત્ર તકનીકી ભૂલ નથી, તેનાથી ન્યાય પ્રક્રિયાની વિશ્વસનીયતા પ્રભાવિત થાય છે. AIના ખોટા ઉપયોગને કારણે તેને સંપૂર્ણપણે છોડી દેવું પણ યોગ્ય નથી. તેનો ઉકેલ છે જાણકારી સાથે ઉપયોગ, નૈતિક અનુશાસન અને વ્યાવસાયિક ધોરણોનું પાલન. લોકોએ AIનો ઉપયોગ સાવધાનીપૂર્વક અને તેની મર્યાદાઓને સમજીને કરવો જોઈએ. નવી ટેકનોલોજી કાનૂની કામને સરળ બનાવી શકે છે, પરંતુ બેદરકારીના નવા સ્વરૂપો પણ પેદા કરી શકે છે. તે ગુનાઓનો સામનો કરવામાં મદદ કરી શકે છે, પરંતુ નવા પ્રકારના ગુનાઓ પણ પેદા કરી શકે છે. ટેકનોલોજીને માત્ર એટલા માટે નકારી કાઢવી ન જોઈએ કારણ કે તે નવી છે. અને માત્ર એટલા માટે સ્વીકારવી પણ ન જોઈએ કારણ કે તે ઝડપી અને કાર્યક્ષમ છે. તેનો ઉપયોગ સિદ્ધાંતો અને જવાબદારી સાથે થવો જોઈએ. ન્યાય વ્યવસ્થાનું ભવિષ્ય માત્ર પ્રક્રિયાઓને ડિજિટલ બનાવવાથી સુરક્ષિત નહીં થાય. જરૂરી છે કે ટેકનોલોજી કાયદાના મૂળભૂત સિદ્ધાંતો સાથે જોડાયેલી રહે. કાયદાનું શાસન ટેકનોલોજી પર નહીં, પરંતુ મજબૂત

# મિડલ-ઈસ્ટ તણાવથી ફોરેન ટૂરમાં ઘટાડો: ટ્રાવેલ સેક્ટરને દરરોજ ₹5500 કરોડનું નુકસાન, દેશમાં ટ્રાવેલ વધવાની અપેક્ષા

**નવી દિલ્હી, તા.14**

ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન પરના હુમલાઓ અને મિડલ-ઈસ્ટમાં ઈરાનના હુમલાઓને કારણે પ્રવાસન ઉદ્યોગને ઘણું નુકસાન થઈ રહ્યું છે. વર્લ્ડ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ કાઉન્સિલ (WTTC) નો અંદાજ છે કે ઈરાન સંઘર્ષને કારણે વિશ્વભરના પ્રવાસ અને પર્યટન ક્ષેત્રને દરરોજ લગભગ 5,500 કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

ભારતમાંથી બહાર જતા લગભગ અડધા પ્રવાસીઓ UAE, સાઉદી અરેબિયા, કતાર, ઓમાન જેવા દેશોમાં જાય છે. તેમાંથી પણ લગભગ 40 ટકા ફરવા માટે જાય છે. હવે ભારતીય



પ્રવાસીઓ થાઈલેન્ડ, મલેશિયા, જાપાન જેવા દેશો માટે પૂછપરછ કરી રહ્યા છે.

એરલાઈન્સ દ્વારા ભાડા વધાર્યા પછી પણ ઘણા પ્રવાસીઓ કોચી, પુરી, આંદામાન જેવા ઘરેલું સ્થળોને પસંદ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં દેશમાં આવેલા સ્થળો માટેની પૂછપરછમાં લગભગ 200% નો વધારો જોવા મળ્યો છે.

**2026 ઘરેલું પર્યટન માટે સારું સાબિત થઈ શકે છે**

દિલ્હી સ્થિત ટ્રાવેલ કંપની ટીમવન હોલિડેઝના પ્રવક્તા અનીશા શર્માના મતે, 'હાલમાં ખાડી દેશોની યાત્રા માટે લગભગ 100% સુધી કેન્સલેશન જોવા મળી રહ્યા છે. જો આ વલણ ચાલુ રહે છે તો 2026 ભારતના ઘરેલું પર્યટન માટે ખૂબ જ મજબૂત વર્ષ સાબિત થઈ શકે છે. યાત્રીઓ દેશના નજીકના અને વિવિધ પર્યટન સ્થળોને શોધી રહ્યા છે.

# મોનાલિસાએ જ ડિરેક્ટરની ફિલ્મ કરી નાખી, કરોડોનું દેવું થઈ ગયું

**નવી દિલ્હી, તા.14**

આ ડાયલોગ કુંભ ગર્લ તરીકે પ્રખ્યાત થયેલી મોનાલિસા પર ફિલ્માવવામાં આવ્યો છે. ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર'ના આ ટીઝર ડાયલોગની જેમ, હવે મોનાલિસાના જીવનમાં પણ એક વાવાઝોડું આવ્યું છે. આ વાવાઝોડું તેની મરજીથી જ આવ્યું છે. ખરેખરમાં, મોનાલિસાએ બે દિવસ પહેલા કેરળમાં ફરમાન ખાન સાથે લગ્ન કર્યા હતા. આનાથી માત્ર મહેશ્વરના રહેવાસી તેના પિતા જયસિંહ ભોંસલે જ નારાજ નથી, પરંતુ ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર'ના ડિરેક્ટર સનોજ મિશ્રાએ પણ ગુસ્સે થઈને કહ્યું હતું કે મારી હાલત પણ હવે રાજપાલ યાદવ જેવી થશે, કારણ કે



મોનાલિસાની ફિલ્મ માટે બજારમાંથી 10 કરોડ રૂપિયાની લોન લીધી હતી. મિશ્રાના મતે, આ ફિલ્મ ધર્મ પરિવર્તનની વિરુદ્ધ હતી, અને મોનાલિસાએ મુસ્લિમ યુવક સાથે લગ્ન કરીને પોતાનું જ ધર્મ પરિવર્તન કર્યું છે. ભાસ્કર સાથે વાત કરતા સનોજે કહ્યું કે તેમને સમજાતું નથી કે ફિલ્મ કેવી રીતે રિલીઝ કરું.

તમને પહેલી વાર ક્યારે ખબર પડી કે તેના લગ્ન થઈ ગયા છે?

સનોજ: ગઈકાલે બપોરે, કોઈએ મને એક સમાચાર આપ્યા જેમાં પૂછવામાં આવ્યું કે શું તે સાચું છે. શરૂઆતમાં, મને લાગ્યું કે તે કોઈ ફિલ્મના શૂટિંગ માટે ગઈ છે, તેથી તે મીડિયા સ્ટંટ હોઈ શકે છે. જ્યારે પરિસ્થિતિ વધુ વણસવા લાગી, ત્યારે મેં તેના પિતા સાથે વાત કરી. તે સમયે, તે કેરળના એક પોલીસ સ્ટેશનની બહાર ઊભા હતા, અને મોનાલિસા અંદર હતી. મેં તેની સાથે વાત કરવા કહ્યું જેથી હું સમજી શકું, પરંતુ પોલીસે તેને અંદર જવા દીધા નહીં. પછીથી, મને ખબર પડી કે પોલીસ તેને પાછલા દરવાજેથી લઈ ગઈ હતી,

# પીરિયડ્સમાં પેઈડ લીવની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી: CJI બોલ્યા- જો કાયદો બનાવવામાં આવશે તો મહિલાઓને કોઈ કામ નહીં આપે

**નવી દિલ્હી, તા.14**

શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં દેશભરની મહિલા વિદ્યાર્થીઓ અને નોકરી કરતી મહિલાઓને પીરિયડ્સ દરમિયાન પેઈડ લીવ આપવાની માંગ કરતી અરજી ફગાવી દેવામાં આવી. CJI સૂર્યકાંતે કહ્યું કે આવી અરજીઓ અજાણતાં જ મહિલાઓ વિશેની રૂઢિગત માન્યતાઓને વધુ મજબૂત કરી શકે છે. જો આ કાયદો બનાવવામાં આવે તો મહિલાઓને કોઈ કામ નહીં મળે, તેમની કારકિર્દી સમાપ્ત થઈ જશે. CJIએ કહ્યું- આ અરજીઓ ડર પેદા કરવા, મહિલાઓને હીન બતાવવા, અને એ દર્શાવવા માટે દાખલ કરવામાં આવે છે કે પીરિયડ્સ તેમની સાથે થતી કોઈ ખરાબ વસ્તુ છે. આ તેમનો સકારાત્મક અધિકાર છે, પરંતુ તે નોકરીદાતા વિશે વિચારો, જેને પેઈડ લીવ આપવી પડશે.

CJI સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે સુનાવણી દરમિયાન માસિક રજાને ફરજિયાત બનાવવાના સંભવિત સામાજિક પરિણામો વિશે ચિંતા વ્યક્ત કરી. કોર્ટે અરજદારના અધિકારક્ષેત્ર પર પણ સવાલ ઉઠાવ્યો અને કહ્યું કે આ મામલે પોતે કોઈ મહિલા કોર્ટમાં આવી નથી.

**પેઈડ મેનસ્ટ્રુઅલ લીવ પર CJIની ટિપ્પણીઓ**

ધારો કે તમે સમગ્ર પ્રાઈવેટ સેક્ટરને મહિનામાં એકવાર રજા લેવાનો અધિકાર આપો છો, તો તે તેમના વિકાસ માટે નુકસાનકારક હોઈ શકે છે. તમને કાર્યસ્થળ પર સર્જાતી માનસિકતાનો અંદાજ નથી. જો આના પર કાયદો બનશે તો મહિલાઓના કરિયરને થનારા નુકસાનનો અંદાજ લગાવવો મુશ્કેલ બની જશે. કોઈ તેમને જવાબદારીઓ નહીં આપે, જ્યુડિશિયલ સેવામાં પણ, તેમને સામાન્ય કેસો સોંપવામાં આવશે નહીં. અમે નિર્દેશ આપીએ છીએ કે સક્ષમ અધિકારી સુપ્રીમ કોર્ટના 24 ફેબ્રુઆરી 2023 અને 8 જુલાઈ 2024 ના આદેશો દ્વારા આપવામાં આવેલા નિર્દેશો પર વિચાર કરે અને એક નીતિ તૈયાર કરે.

**મેન્સ્ટ્રુઅલ લીવનો મુદ્દો ત્રીજી વખત કોર્ટમાં પહોંચ્યો અરજદાર**

પેઈડ મેન્સ્ટ્રુઅલ લીવની અરજી લઈને શૈલેન્દ્ર મણિ ત્રીજી વખત સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. પ્રથમ અરજીનો નિકાલ ફેબ્રુઆરી 2023માં કરવામાં આવ્યો હતો, જેમાં અરજદારને કેન્દ્રીય મહિલા અને બાળ મંત્રાલય સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. 2024માં અરજદારે ફરી કોર્ટમાં અરજી કરી અને કહ્યું કે મંત્રાલયે તેમના પક્ષમાં આપવામાં આવેલા જવાબ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. તે અરજીનો નિકાલ જુલાઈ 2024માં કરવામાં આવ્યો હતો, જેમાં કેન્દ્ર સરકારને નીતિગત નિર્ણય લેવા જણાવ્યું હતું.

**નવી અરજીની માંગણીઓ**

ભારત સરકાર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એવા કાયદા/નીતિઓ/સરકારી આદેશો લાવવાનો નિર્દેશ આપવો જે માસિક ધર્મ દરમિયાન મહિલાઓને થતી પીડા (ડિસમેનોરિયા, એન્ડોમેટ્રિઓસિસ, ગર્ભાશય ફાઈબ્રોઈડ, એડિનોમાયોસિસ, પેલ્વિક ઈન્ફ્લેમેટરી ડિસીઝ) સંબંધિત સમસ્યાઓને માન્યતા આપતા હોય અને બંધારણના અનુચ્છેદ 14 અને 21 અનુસાર રજા આપવા સહિતની તમામ જરૂરી રાહતો આપતા હોય. બંધારણની કલમ 32 સાથે કલમ 14, 21 અને કલમ 141 અને 142 હેઠળ સત્તાનો ઉપયોગ કરીને કામ કરતી મહિલાઓ અને વિદ્યાર્થિનીઓને રજાના રૂપમાં રાહત આપવા સંબંધિત વર્તમાન ખામીઓને દૂર કરવા માટે નિર્દેશો જારી કરવા.

## તંત્રી લેખ

# વિશ્વના AI તખ્તા પર ભારતને આગલી હરોળમાં મૂકતું બેંગલુરૂનું સર્વમ્ AI

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના તખ્તા પર વર્તમાનમાં ભારતની સર્વમ AI કંપની ટોકિંગ પોઈન્ટ બની છે. AIની રેસમાં ભારતે સાબિત કરી આપ્યું છે કે અમે વિકસિત દેશોની હરોળમાં ઊભા રહેવા સક્ષમ છે. ચેટજીપીટી, જેમિની જેવા AI ચેટબોટ્સ ગુજરાતી સહિત ઘણી ભારતીય ભાષાઓને રિસ્પોન્ડ કરે છે, પણ તેની ઘણી મર્યાદાઓ છે. ભારતની સર્વમ્ AI ભારતની તમામ પ્રમુખ ભારતીય ભાષાઓને પ્રાધાન્ય આપશે. 'AI ફોર એવરીવન' એ કંપનીનું સૂત્ર છે. ગુજરાતી, હિન્દી અને દક્ષિણ ભારતની ચાર મુખ્ય ભાષાઓ સહિત ભારતની તમામ ૨૨ શિડયુલ ભાષાઓનો તેમાં સમાવેશ કરાયો છે. સર્વમ્ AI અમેરિકાના ઓપન એઆઇ અને ચીનના ડીપસીકને સીધો પડકાર ફેંકવા માગે છે. વોટ્સએપ પર સર્વમ્ AIનું ટ્રાયલ થયું હતું ત્યારે અનેક પ્રતિભાવો મળ્યા હતા, જેમાં એક વાત કોમન હતી. તે એ કે સર્વમ્ AI એ માત્ર નવું ચેટબોટ નથી, પણ તે ભારતને ગૌરવ અપાવતું નવું સંશોધન છે. સર્વમ્ AIને કારણે અન્ય વિદેશી ચેટબોટ્સ પર આધાર રાખવો નહીં પડે તેવી અપેક્ષા છે. એક વપરાશકારે લખ્યું છે કે સર્વમ AIનો ઉપયોગ કરીને મેં એક અઠવાડિયામાં ચાર એપ બનાવી છે જેમાં કેન્સર સપોર્ટ, વોઈસ ટ્રાન્સલેશન, મેડિકલ સ્ક્રાઈબ જેવાનો સમાવેશ થાય છે.

સર્વમ્ એ સંસ્કૃત શબ્દ છે.સર્વમ્ એટલે સર્વ, અથવા આ કંપનીના સંદર્ભમાં કહીએ તો, તો સર્વને માટે, સર્વ વસ્તુ, સર્વ સ્થળ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની રેસમાં ભારત ખાસ્સું પાછળ રહી ગયું હતું, પણ હવે સર્વમ AI સાથે ભારતે એક હનુમાન કૂદકો માર્યો છે તેમ કહી શકાય. ઈન્ટરનેટ ટેકનોલોજીમાં ભારત આમ તો ઘણી બસ ચૂકી ગયું છે. જેમ કે, બ્રાઉઝર સંબંધિત રીસર્ચ. ભારતે પોતાનું બ્રાઉઝર બનાવ્યું નહીં એટલે ભારતીયોએ ગુગલ ક્રોમ, ફાયર ફોક્સ, સફારી વગેરે જેવાં વિદેશી બ્રાઉઝર પર ભરોસો રાખવો પડયો છે. AIના મામલામાં આવું ન થાય તે માટે ભારત અત્યારથી જ પ્રયત્નશીલ બની રહ્યું છે. દાવો એવો થયો છે કે ગુગલના જેમિની અને ઓપન એઆઈના ચેટજીપીટી કરતાં પણ સર્વમ્ AI ટેકનોલોજીની દ્રષ્ટિએ બહેતર અને ઉપયોગ કરવામાં સરળ બની રહેશે. સર્વમ્ AI સ્ટાર્ટઅપની સ્થાપના બેંગલુરુમાં પ્રત્યુષ કુમાર અને વિવેક રાઘવન નામના ઉત્સાહી યુવાનોએ ડિસેમ્બર ૨૦૨૩માં કરી હતી. ૪૨ મિલિયન ડોલરનું ફન્ડ એકઠું કરવામાં આવ્યું હતું. આ રકમનો મોટો હિસ્સો રિસર્સ એન્ડ ડેવલપમેન્ટ પાછળ ખર્ચાયો છે. ભારત સર્વમ્ AI જેવા સાહસની જ રાહ જોઈને બેઠું હતું. ઈન્ડિયનએઆઈ મિશન હેઠળ ભારતનું પોતાનું મૂળભૂત મોડલ વિકસાવવા માટે ૬૭ કંપનીઓ કતારમાં ઊભી હતી. તેમાંથી ૨૬ એપ્રિલ ૨૦૨૫ના રોજ ભારતના આઈટી મિનિસ્ટર અશ્વિન વૈષ્ણવે સર્વમ્ AI પર પસંદગીનો કળશ ઢોળ્યો.

સર્વમ્ AIના સંચાલકો કહે છે કે ગુગલના જેમીની અને ઓપન AIના ચેટ જીપીટી કરતાં વધુ અસરકારક પરિણામો સર્વમ્ AI આપી રહ્યું છે. સર્વમ્ AIની ચર્ચા વિશ્વના તખ્તા પર એટલા માટે થઈ રહી છે કે અન્ય AI મોડલ કરતાં તેની ટેકનોલોજીમાં દેખીતો ફર્ક છે. ભારતનું સર્વમ્ AI ભારતીયોની તાસીર, ઉપયોગિતા અને સુવિધાને ધ્યાનમાં રાખીને જ બનાવવામાં આવ્યું છે. વિવિધ ભારતીય ભાષાની આર્કાઈવ્ઝ, મેન્યુસ્ક્રીપ્ટ અને ડોક્યુમેન્ટસને હેન્ડલ કરવા પર વિશેષ ફોકસ કરવામાં આવ્યું છે. સર્વમ્ AIની ટીમ બરાબર જાણે છે કે ભારતના વપરાશકારોને શું જોઈએ છે. AI વધુને વધુ ભારતીયો સુધી પહોંચાડવાનું અને વપરાશકારોની પડતી સમસ્યાઓના સોલ્યુશન પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. AIનો ઉપયોગ આસાન બની રહે, ભરોસોપાત્ર બની રહે અને તે મૂળ ભારતની ટેકનોલોજી હોય એવી સૌની અપેક્ષા સર્વમ્ AI પુરી કરી શકશેએમ લાગી રહ્યું છે. એક અહેવાલ એવા પણ છે કે ભારતનો પ્રથમ AI પાર્ક તમિળનાડુ ખાતે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ઊભો કરાઈ રહ્યો છે. તે માટે તમિળનાડુની સરકારે સર્વમ્ AI સાથે એમઓયુ પણ સાઈન કર્યા છે.

**અમેરિકામાં ખેડૂત એક પ્રોફેશનલની જેમ કામ કરે છે અને નફો રળે છે જ્યારે ભારતમા ખેતી જીવનશૈલીનો એક ભાગ છે. આ ઉપરાંત ખેતીની પદ્ધતિ, મશીનો, બિયારણો, સરકારી સમર્થન વગેરેમાં પણ બંને દેશોમાં ખૂબ જ મોટો તફાવત છે : અમેરિકી ખેડૂતો વિશાળ ખેતરોમાં જે ઉપજ લે છે તેનું વેચાણ પણ વૈશ્વિક ધોરણે અને વૈશ્વિક બજાર ભાવે થાય છે. ભારતમાં પણ મોટા પ્રમાણમાં ખેતપેદાશો ઉત્પન્ન થાય છે અને વૈશ્વિક બજારો સુધી પહોંચે છે પણ તેમાંથી જે નફો આવે છે તે વેપારીઓ અને વચેટીયાઓને મળી જાય છે. આ નફો ખેડૂત સુધી તો પહોંચતો જ નથી: અમેરિકામાં ખેડૂતોને સરકાર પોતાના પાર્ટનર સમજીને સાચવે છે**

# ભારત અને અમેરિકાના ખેડૂતો વચ્ચે આભ-જમીનનું અંતર

## અમેરિકન ખેડૂતો પાસે સરેરાશ 180 હેક્ટર જમીન જ્યારે ભારતીય ખેડૂત પાસે 1.08 હેક્ટર જમીન હોય છે



અમેરિકા દ્વારા નાટકીય રીતે ભારત ઉપરનો ટેરિફ ઘટાડી દેવાયો છે તથા તેને જે દંડ કરવામાં આવ્યો હતો અને તેના ભાગરૂપે જે ટેરિફ વસુલવામાં આવ્યો હતો તે પણ પરત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આમ તો બધી જ જાહેરાતો ગુઢ રાજકીય લાભ ખાટવા માટે કરાઈ હોવાનું આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાઈ રહ્યું છે પણ ભારત સરકાર તેના વિશે મગનું નામ મરી પાડવા તૈયાર નથી. એકાએક અમેરિકા ભારત ઉપર ઓળઘોળ થઈ ગયું તેનું એક કારણ એવું માનવામાં આવે છે કે, અમેરિકાની ખેતપેદાશોને ભારતમાં પ્રવેશવાનો રસ્તો સાફ કરી દેવાયો છે. ભારત સરકાર દ્વારા મોઘમ રીતે કે પછી બંધ બારણે આ મુદ્દે મંજૂરી આપી દેવાઈ છે અને ભારતના ગરીબ ખેડૂતોને હવે રસ્તે રઝળતા અને પાયમાલ કરવાની યોજના બનાવી હોવાના અહેવાલો છે.

ઉલ્લેખનીય છે કે, ભારતીય ખેડૂતો અને અમેરિકાના ખેડૂતોમાં ખૂબ જ મોટા તફાવતો છે. દેખીતી રીતે કહીએ તો અમેરિકા અને ભારતના ખેડૂતો વચ્ચે આભ જમીનનું અંતર છે.

અમેરિકન ખેડૂતો પાસે હજારો વીઘાના મોટા મોટા ખેતરો હોય છે, અત્યાધુનિક મશીનો, ખાતરો, સુવિધાઓ હોય છે અને લાખો રૂપિયાની તેમની આવક હોય છે. બીજી તરફ ભારતમાં સરેરાશ ખેડૂત પાસે પરાણે બે-ચાર વીઘા જમીન હોય છે અને તેમાંય રેટ્રેક્ટર ભાડે લાવવાની ચિંતા, સિંચાઈની વ્યવસ્થા થશે નહીં તેની ચિંતા, વરસાદની ચિંતા, બજારમાં યોગ્ય ભાવે ઉપજ વેચાશે કે નહીં તેની ચિંતા વગેરે હોય છે. ભારતમાં ગણતરીના ખેડૂતો શ્રીમંત કહી શકાય તેવા છે જ્યારે એક વર્ગ એવો છે જેની પાસે ઘર ચલાવવાની પણ પૂરતી વ્યવસ્થા નથી. એકાદ સીઝન નિષ્ફળ જાય તો જીવ સટોસટની બાજી આવી જાય છે.

અમેરિકામાં ખેડૂતોની જે જિંદગી છે તે કોઈ કલ્પના નથી. અહીંયા સરકાર મોટા ફાયદા લેવા માટે અને ખેડૂતોને લાભ થાય તે માટે લાખો રૂપિયાની સબસીડી આપે છે.

બીજી તરફ આપણે ત્યાં નજીવી રકમ સબસીડી અને ખેડૂત સહાયના નામે મળે છે અને તેના પણ ઉત્સવ કરવામાં આવે છે. ખેડૂતોને જેટલી રકમ ખાતામાં નથી મળતી તેના કરતા વધારે રકમ તો ખેડૂત સહાયની જાહેરાતો પાછળ ખર્ચી કાઢવામાં આવે છે. આ ઉપરાંત ખેતીની પદ્ધતિ, મશીનો, બિયારણો, સરકારી સમર્થન વગેરેમાં પણ બંને દેશોમાં ખૂબ જ મોટો તફાવત છે.

અમેરિકામાં ખેડૂત એક પ્રોફેશનલની જેમ કામ કરે છે અને નફો રળે છે જ્યારે ભારતમા ખેતી જીવનશૈલીનો એક ભાગ છે, રોજગારીનું પારિવારિક કે પારંપરિક સાધન છે. તેના કારણે જ બંને દેશોના ખેડૂતોમાં વિશાળ અંતર રહે છે.

ઉલ્લેખનીય છે કે, સૌથી મોટો તફાવત અમેરિકા અને ભારતના ખેડૂતોની જમીનના આકારનો હોય છે. અમેરિકામાં એક ખેડૂત પાસે સરેરાશ ૧૮૦ હેક્ટર એટલે કે ૪૫૦ એકર જેટલી જમીન હોય છે. તેનાથી પણ આગળ વતા કરીએ તો ઘણી એગ્રી ઈન્ડસ્ટ્રીની કંપનીઓ છે જેમની પાસે હજારો એકર જમીન હોય છે. તેની સરખામણીએ ભારતમાં એક ખેડૂત પાસે સરેરાશ ૧.૦૮ હેક્ટર એટલે કે. ૨.૭ એકર જમીન હોય છે.

ભારતના ૮૫ ટકા ખેડૂતો નાના અને સીમાંત વર્ગમાં આવે છે. તેમની પાસે મોટી જમીન નથી, પૂરતા સંસાધનો નથી અને સરકારી સહાય કે સેવાઓ પણ મળતી નથી.

બીજી બાબત એવી છે કે, અમેરિકામાં ખેડૂતો પ્રિસિજન ફાર્મિંગનો ઉપયોગ કરે છે જે વૈજ્ઞાનિક પદ્ધતિ આધારિત ખેતી છે. આ સિવાય અહીંયા જીપીએસ અને એઆઈની મદદથી ચાલતા ટ્રેક્ટરોનો અને અન્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે જે ખેતર ખેડવાથી માંડીને વાવણી કરવા સુધીનું કામ કરી લે છે. ખેડૂતો ડ્રોન દ્વારા અને સેટેલાઈટ ઈમેજ દ્વારા પોતાના ખેતરોનું ધ્યાન રાખે છે.

ખેતરમાં પાણી અને ખાતર આપવા માટે પણ અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. તેના દ્વારા ખેતરના કયા ભાગમાં ખાતર નાખવાની જરૂર છે કે પાણીની જરૂર છે તેની માહિતી મેળવીને વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત જમીનમાં રહેલો ભેજ, પોષક તત્ત્વોની માહિતી મેળવવા માટે પણ ડિજિટલ સેન્સર અને અન્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. ખેડૂતોને તેમના સ્માર્ટફોન અને ટેબલેટ ઉપર આ તમામ માહિતી મળી જાય છે. બીજી તરફ ભારતમાં સરેરાશ ખેડૂતો માટે આ ટેક્નોલોજી કે સંસાધનો માત્ર એક કલ્પના સમાન છે. તેમાંય સિમાંત અને નાના ગામડાના ખેડૂતો માટે બળદની જગ્યાએ ટ્રેક્ટર મળી જાય તો તે પણ સ્વપ્ન સાકાર થયા સમાન હોય છે. અહીંયા મોટાભાગના ખેડૂતો માટે ટ્રેક્ટર, થ્રેસર મળી જાય તે પણ આધુનિક ટેક્નોલોજી સમાન છે. આ સિવાયની સુવિધાઓ વિશે તે વિચારી શકે તેમ પણ નથી.

અમેરિકી ખેડૂતો વિશાળ ખેતરોમાં જે ઉપજ લે છે તેનું વેચાણ પણ વૈશ્વિક ધોરણે અને અમેરિકામાં વ્યાપક સ્તરે થાય છે.

આ ખેડૂતોને વૈશ્વિક બજારના ભાવ મળે છે. ભારતમાં પણ મોટા પ્રમાણમાં ખેતપેદાશો ઉત્પન્ન થાય છે અને વૈશ્વિક બજારો સુધી પહોંચે છે પણ તેમાંથી જે નફો આવે છે તે વેપારીઓ અને વચેટીયાઓને મળી જાય છે.

આ નફો ખેડૂત સુધી તો પહોંચતો જ નથી. ભારતમાં એવી અણઘડ નીતિઓ અને વ્યવસ્થા અમલમાં છે કે, ખેડૂતોને એમએસપી તો કદાચ મળી જાય છે પણ લાભ ખેડૂતો સુધી પહોંચતા જ નથી. અમેરિકન ખેડૂતો મોટાભાગે એફએમસીજી સેક્ટરની વિવિધ કુંપનીઓ સાથે જોડાણ કરી લે છે. તેઓ લાખો ટન માલ સીધે સીધો ખરીદી લે છે.

અહીંયા પાક લેતા પહેલાં જ તેના ભાવ, તેની ડીલ અને બાકીની વ્યવસ્થા નક્કી કરી લેવામાં આવે છે. ખેડૂતોને જરાય ચિંતા કરવાની હોતી નથી.

અમેરિકાન ખેડૂતો મોટાભાગે પોતાના ખેતરમાં એક જ પાક ઉગાડવાના આયોજન સાથે ખેતી કરતા હોય છે.

અહીંયા મોટા મોટા ખેતરોમાં એક જ પાક લેવામાં આવતો હોવાથી તેનો વેપાર કરવામાં સરળતા રહે છે. અહીંયા મોટાભાગે મકાઈને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. અહીંયા કોર્ન બેલ્ટ તરીકે મોટો વિસ્તાર છે જ્યાં મકાઈ ઉગાડવામાં આવે છે. ત્યારબાદ સોયાબીનની વ્યાપક ખેતી થાય છે. તેનો ઉપયોગ તેલ માટે અને પશુ આહાર માટે કરવામાં આવે છે.

પશ્ચિમી અમેરિકામાં ઘઉંની મોટા પ્રમાણમાં ખેતી કરવામાં આવે છે. સાઉથ અમેરિકાના ખેડૂતો દ્વારા કપાસનું વ્યાપક વાવેતર કરવામાં આવે છે.

ભારતમાં મોટાભાગે ઘઉં, ચોખા અને શેરડીની ખેતી કરવામાં આવે છે. ત્યારબાદ નાની-મોટી પેદાશો લેવામાં આવે છે. આ સિવાય બટાટા, ડુંગળી અને ટામેટા જેવા શાકભાજીની મોટી ખેતી થાય છે. બાકી કઠોળ, દાળ અને અન્ય ફળો તથા શાકભાજીની છુટીછવાઈ ખેતી થાય છે. તેના કારણે ખેડૂતોને ભારતમાં મોટું વળતર મળતું નથી.

ઉલ્લેખનીય છે કે, ભારત અને અમેરિકા વચ્ચે ખેતીની પદ્ધતિમાં પણ મોટો તફાવત છે. અમેરિકામાં ખેડૂતો કોર્પોરેટ પદ્ધતિથી ખેતી કરે છે. વિશાળ ખેતરોમાંથી પાક લણવા માટે પણ કંબાઈન હાર્વેસ્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ મશીન દ્વારા એક જ દિવસમાં હજારો એકર જમીનમાંથી પાક લણી લેવામાં આવે છે. આ ઉપરાંત બાયો ટેક્નોલોજી દ્વારા બીજ તૈયાર કરીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. તેના કારણે જંતુનાશકોનો નહીવત ઉપયોગ કરવો પડે છે. કીડા અને બિમારીઓથી પાક કુદરતી રીતે જ બચી જાય છે. આ સિવાય ખેતીની અન્ય પદ્ધતિની વાત કરીએ તો અમેરિકામાં ૯૦ ટકા ખેતરો ફેમિલી ફાર્મ હોય છે. તેમાં ખેડૂત અને તેનો પરિવાર જ કામ છે. તેમની પાસે અત્યાધુનિક મશીનો અને સાધનો હોય છે કે, પરિવારના લોકો જ ૪૦૦-૫૦૦ એકર જમીનમાં ખેતી કરી લે છે. ભારતમાં આ કામ કરાવવું હોય તો ૧૦૦થી ૧૫૦ ખેતમજૂરોની જરૂર પડે છે. આ ઉપરાંત અહીંયા ઘણા ખેડૂતો પાસે તેનાથી પણ મોટા ખેતરો છે જેઓ કેટલાક લોકોને કામ ઉપર રાખે છે.

આ સિવાય ખેડૂતો પાસે એગ્રોનોમિસ્ટ, મિકેનિક, એકાઉન્ટન્ટ અને એગ્રોસાયન્ટિસ્ટ તથા અન્ય ટેકનિકલ સ્ટાફ નોકરીએ રાખીને ઓછા માણસોમાં મોટા ખેતરોની સંભાળ રાખતા હોય છે. ભારતમાં મોટાભાગને ખેડૂતો પાસે પરિવાર ખેતરમાં કામ કરતો નથી. જે ખેડૂત પરિવારો ખેતરોમાં કામ કરે છે તે ખેતમજૂરો હોય છે. તેના કારણે ક્યારેય ખેડૂતો વ્યાપક નફો કરી શકતા નથી.

અમેરિકાના ખેડૂતોની જે આવક અને શ્રીમંતાઈ છે તેની પાછળ સરકારની મદદ પણ રહેલી છે. અમેરિકામાં ખેડૂતોને સેરરાશ ૩૦,૦૦૦ ડોલર એટલે કે અંદાજે ૨૬ લાખ રૂપિયાની સીધી સરકારી સહાય કરવામાં આવે છે. વર્ષે ખેડૂતોને ૨૬ લાખ તો માત્ર મદદ મળે છે. આ સિવાય અન્ય લાભ અલગ રીતે મળે છે. તેની સામે ભારતીય ખેડૂતોની વાત કરીએ તો ભારતીય ખેડૂતોને પીએમ કિસાન યોજના દ્વારા માત્ર ૬૦૦૦ રૂપિયા વર્ષે આપવામાં આવે છે. અમેરિકામાં પાક નિષ્ફળ જાય કે રોગચાળો ફાટે કે કુદરતી આપત્તીમાં નુકસાન જાય તો સરકાર દ્વારા વળતર રૂપે મોટી રકમ આપવામાં આવે છે જેથી ખેડૂતને નુકસાન ન જાય. તેની સામે ભારતમાં નુકસાન જવાની સ્થિતિમાં તો મહિનાઓ સુધી તેની તપાસ કરવા સુધીની તસદી લેવામાં આવતી નથી. આ ઉપરાંત પાક સહાયના નામે માત્ર મજાક જેવી જાહેરાતો કરવામાં આવે છે. ઘણા રાજ્યોમાં તો ખેડૂતોને વર્ષો સુધી વળતરની જાહેર કરેલી રકમ પણ મળતી નથી. અમેરિકામાં ખેડૂતોને સરકાર પોતાના પાર્ટનર સમજીને સાચવે છે. તેમને વળતર આપે છે. જ્યારે ભારતમાં સહાય અને વળતરનો આશય માત્ર દેવામાંથી બહાર લાવવાનો કે ખેડૂત પરિવાર ભુખમરામાં ન સપડાય તેનો છે. દેશની ઈકોનોમીમાં ખેડૂત ખૂબ જ મહત્ત્વનો છે તેવું ક્યારેય માનવામાં આવ્યું જ નથી.

# દેશનું સૌથી મોટું સુરક્ષા દળ સરકાર સામે કોર્ટે ચઢયું



દેશની આંતરીક સુરક્ષા સંભાળનાર સૌથી મોટુ દળ સીઆરપીએફ, બીએસએફ, સીઆઇએસએફ, આઈટીબીપી અને એસએસબી એટલે કે સીએપીએફ (સેન્ટ્રલ આર્મડ પોલીસ ફોર્સ) કેન્દ્ર સરકાર સામે સુપ્રિમ કોર્ટમાં લડાઈ લડી રહ્યું છે. આ તમામ દળો ગૃહમંત્રાલય હેઠળ કામ કરે છે. આ જ મંત્રાલય સાથે એમને કાયદાકીય વાંધો પડયો છે. સીઆરપીની સ્થાપના ૧૯૩૯માં અંગ્રેજોએ કરી હતી. આઝાદી પછી એનું નામ સીએપીએફ કરવામાં આવ્યું. ત્યાર પછી બીએસએફ, આઈટીબીપી, એસએસબી અને સીઆઈએસએફની સ્થાપના થઈ. આ બધાને મળીને સીએપીએફ કહેવામાં આવે છે. શરૂઆતમાં ઉચ્ચ પદે લશ્કર અથવા તો આઈપીએસ અધિકારીઓને ડેપ્યુટેશન પરથી લાવવામાં આવતા હતા. પછીથી આ વ્યવસ્થા કાયમી થઈ ગઈ. આજે પરિસ્થિતિ એવી છે કે ડીઆઈજી અને આઈજી જેવા હોદ્દા પર મોટી સંખ્યામાં આઈપીએસ અધિકારીઓ હોય છે. સીએપીએફના અધિકારીઓનો આક્ષેપ છે કે એમના અધિકારીઓને ઉચ્ચ પદે જવાનો મોકો નથી મળતો.

લોકસભામાં વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ લોકસભામાં આપેલું ભાષણ ખૂબ જાણીતુ થયું છે. ભાષણને કારણે સરકાર ચિંતામાં પડી ગઈ છે અને મંત્રીઓએ વળતા પ્રહાર ચાલુ કર્યા છે. જોકે રાજકીય નીરિક્ષકોના કહેવા પ્રમાણે રાહુલ ગાંધી સામે વિશેષાધિકાર ભંગની દરખાસ્ત લાવવાની હિંમત સરકાર કરી શકે એમ નથી. સરકારને ડર છે કે જો આમ કરવા જશે તો આખા દેશમાં રાહુલ ગાંધી હીરો બની જશે. વિવાદ હજી શાંત થયો નથી. કેટલાક રાજકીય નીરિક્ષકો એવી સંભાવના વ્યક્ત કરે છે કે રાહુલ ગાંધીએ લોકસભામાં આપેલા પ્રવચનમાંથી કદાચ કેટલાક અંશ રેકર્ડ પરથી દુર કરવામાં આવે. કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલએ ભાજપ પર બેવડી નીતી અપનાવવાનો આક્ષેપ કર્યો હતો. એમણે કહ્યું હતું કે, 'અગાઉ રાહુલ ગાંધીને સાંસદ તરીકે દુર કરવામાં આવ્યા હતા, પરંતુ લોકોએ એમને મોટા અંતરથી ચૂંટીને ફરીથી સંસદમાં મોકલ્યા છે.'

ભારત અને અમેરિકા વચ્ચે જે વ્યાપાર સમજૂતી થઈ એના વખાણ ગાય-વગાડીને કરવામાં આવ્યા. વિરોધ પક્ષોએ આ સમજૂતીને ભારતના ખેડૂતો વિરૂદ્ધની ગણાવી હતી. સરકાર પક્ષે એવી હૈયાધારણ આપવામાં આવી હતી કે આ સમજૂતીને કારણે ખેડૂતોનું અહીત થવાનું નથી. જોકે હવે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ખેડૂતો તેમજ ઉદ્યોગપતિઓ આવનાર વર્ષોમાં મોટુ નુકસાન થવાની સંભાવના વ્યક્ત કરે છે. જમ્મુ - કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં મોટા પાયે સફરજનની ખેતી થાય છે. આયાત ડયુટીમાં છૂટ આપ્યા પછી આવનાર મહિનામાં અમેરિકાના સફરજન ભારતના બજારમાં ખડકવામાં આવશે. આ કારણે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશ અને કેટલાક અંશે ઉત્તરાખંડના સફરજનની કીંમતમાં પણ મોટા પાયે ઘટાડો થશે. ભારત - અમેરિકા વચ્ચે થયેલી સમજૂતીમાં સફરજનની આયાત ડયુટી ૫૦ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરી નાખવામાં આવી છે.

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સંસદમાં કેન્દ્રીય મંત્રી હરદીપ પૂરી પર આક્ષેપ કર્યા હતા. એપસ્ટીનની ફાઈલમાં હરદીપનું નામ હોવા સંદર્ભે રાહુલ ગાંધીએ ખૂલાસો માંગ્યો હતો. વિરોધ પક્ષની ટીકાનો મારો થતાં જ રઘવાયેલા હરદીપ પુરીએ બચાવમાં કહ્યું છે કે 'એપસ્ટીન સાથે એમની મુલાકાત કેટલાક ખાસ પ્રસંગોએ થઈ હતી. તેઓ એક પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે અમેરિકા ગયા હતા ત્યારે એપસ્ટીનને મળ્યા હતા. એમની સાથે ફક્ત એક વખત ઈમેલ દ્વારા સંવાદ થયો હતો. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, હરદીપ પુરીની ઓળખાણ એપસ્ટીન સાથે કોણે કરાવી એની એમને ખબર છે. હરદીપ પુરી પણ જાણે છે કે કોણે એમની ઓળખાણ એપસ્ટીન સાથે કરાવી હતી. હરદીપ પુરીએ બચાવમાં કહેવું પડયું હતું કે, 'એપસ્ટીન સાથે જોડાયેલી ૩૦ લાખ જેટલી ફાઈલો રીલીઝ કરવામાં આવી છે. હું ન્યૂયોર્કમાં ૮ વર્ષ રહ્યો છું. ત્યાં હું સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના એમ્બેસેડર તરીકે રહેતો હતો.'

લોકસભાના સ્પીકર ઓમ બીરલા વિરૂદ્ધ વિરોધપક્ષે અવિશ્વાસનો પ્રસ્તાવ રજૂ કરવા નોટીસ આપી છે. ઓમ બીરલાએ વિરોધ પક્ષના ૮ સાંસદોને સસ્પેન્ડ કર્યા હતા ત્યાર પછી વિરોધપક્ષ અને સ્પીકર વચ્ચે વિવાદ ઉભો થયો છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદ અરવિંદ સાંવતએ આક્ષેપ કર્યો છે કે, 'લોકસભામાં જે રીતે કાર્યવાહી થઈ રહી છે એ બંધારણને અનુરૂપ નથી. લોકશાહીમાં સંસદનું સ્થાન સૌથી અગત્યનું છે. ઓમ બીરલા વિવાદમાં આવ્યા હોય એવું પહેલી વખત બન્યું નથી. ૨૦૨૪ના જૂન મહિનામાં બીજી વખત લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા પછી ઓમ બીરલા પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેઓ વિરોધપક્ષના સાંસદોને બોલવા નથી દેતા. તેઓ સરકાર તરફી હોવાનો આક્ષેપ પણ એ વખતે થયો હતો. સ્પીકર તરીકે ચૂંટાયા પછી જ્યારે નરેન્દ્ર મોદીએ એમની સાથે હાથ મેળવ્યા હતા ત્યારે બીરલાએ એમની સાથે નમીને હાથ મેળવ્યા હતા. બીજી તરફ રાહુલ ગાંધીએ હાથ મેળવ્યા હતા ત્યારે બીરલા નમ્યા વગર ટટ્ટાર ઉભા રહ્યા હતા. એ વખતે પણ રાહુલ ગાંધીએ સ્પીકરની ટીકા કરી હતી. નીટ પરીક્ષા બાબતે થતી ચર્ચામાં જ્યારે રાહુલ ગાંધી બોલી રહ્યા હતા ત્યારે સ્પીકર ઓમ બીરલાએ એમનું માઈક બંધ કરી દીધું હતું.

સુપ્રિમ કોર્ટે ઓટીટી પ્લેટફોર્મ નેટફલીક્સ અને ફિલ્મ દિગ્દર્શક નીરજ પાંડે પાસે 'ઘૂસખોર પંડીત' ટાઈટલ બાબતે ખૂલાસો માંગ્યો હતો. ન્યાયાધીશોએ કહ્યું હતું કે, કોર્ટ એ જાણવા માંગે છે કે, ફિલ્મનું નામ બદલવાનો પ્રસ્તાવ કેમ રજૂ કરવામાં આવ્યો છે. કોર્ટે ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે, આ પ્રકારનું નામ એટલા માટે નક્કી કરવામાં આવે છે કે ફિલ્મને પ્રસિદ્ધી મળે. જસ્ટીસ બી વી નાગરત્નાની બેન્ચે 'ઘૂસખોર પંડીત'ના નિર્માતાને ઠપકો આપતા કહ્યું હતું કે, કોઈપણ વર્ગને અપમાનીત કરી શકાય નહીં. સમાજમાં પહેલા જ આટલી મોટી તડ છે. એને તેમા હવે તમે વધારો નહીં કરો. તમે ટાઈટલ બદલવાની વાત કરો છો તો અમને કહો કે તમે નવું નામ કયું રાખવાના છો? એ પણ કહો કે તમારી ફિલ્મમાં સમાજના કોઈક વર્ગ માટે વાંધાજનક વાત છે કે નહીં?

# આજનાં વિદ્યાર્થી થકી જ ભારતનું ભવિષ્ય ઉજ્જવળ છે! આ સત્ય પરીક્ષા કરતાં પણ મોટું છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફથી ધોરણ 10 ની, અને 12 ની પરીક્ષાઓ 26/2 થી શરૂ થશે. તો સૌ પ્રથમ તો પરીક્ષાની રીક્ષા આવશે તો શું થશે? એવું ખોટું વિચાર્યા વગર બધાં વિદ્યાર્થીઓ સકારાત્મક થઈને જાય! કારણ કે આ વિદ્યાર્થીઓ જ ઉજ્જવળ ભારતનાં ઘડવૈયા છે. સૌને પરીક્ષા માટે શુભેચ્છાઓ અને અંતરનાં આશીર્વાદ. ભારત પોતાનાં યુવાધનથી પોતાનું ભવિષ્ય સુંદર રીતે ઘડી રહ્યું છે, અને હજી પણ જો દરેક વિદ્યાર્થીઓ નીતિ પૂર્વક જીવવાનું પસંદ કરે તો, આનાથી પણ સુંદર ભારતની રચના થઈ શકે, અને મને વિશ્વાસ છે કે થશે! આપણને દરેકને ભારતનાં ઉજ્જવળ ભવિષ્યની ઝંખના છે, અને હોય પણ ખરી! આખરે આપણો જ દેશ છે. સતત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાથી પાસ થતાં આ વિદ્યાર્થીઓ ઓને એટલું અવશ્ય કહેવાનું છે કે, જીવનની પરીક્ષામાં આમાંનું એક પણ બોર્ડ કામ આવતું નથી! એટલે નિતી પૂર્વક પરીક્ષા આપવી, કારણકે જ્યારે સાચી પરીક્ષાઓ આવે ત્યારે આ શિક્ષણ કે એમાં આવેલાં ટકા કામ આવતાં નથી. એને વિશે વિચારીને શિક્ષણ પદ્ધતિ ભલે ન સુધરે, પણ ઘરનાં સંતાનોને આ વાત સમજાવવી પડશે કે, આ પરીક્ષા જીવનનું એક એવું ચેપ્ટર છે, જેમાં મળેલ સફળતા નિષ્ફળતા બહુ થોડા સમય માટે જ રહે છે, એટલે એનાં પરિણામ પર ડીસઅપોઈન્ટ થવાની જરૂર નથી, તો કદાચ આગળ જતાં એનું જીવન વધુ સરળ રહે. વિદ્યા અર્થે જે સ્કૂલ કોલેજ જાય તે વિદ્યાર્થી! સમયને કારણે અક્ષરજ્ઞાન ને વિદ્યા કહેવું પડે છે! બાકી વિદ્યાનો અર્થ બહુ વિશાળ છે. સ્કૂલ કોલેજમાં લેવાતી આ શૈક્ષણિક પરીક્ષાઓ આગળ કામ આવે કે ન આવે! પણ દેવી પડે, પાસ થવું પડે, ડીગ્રીઓ નાં છોગા વધારવાં પડે! પણ જ્યારે ખબર હોય કે આ પરીક્ષામાં સફળ થવા માત્રથી કંઈ જીવન આસાન થવાનું નથી, ત્યારે એમાં અનીતિથી બચી શકાય એટલું બચવું! જીવનમાં સુખ કદાચ સાધનથી મળે, પણ શાંતિ તો સત્ય અને સંતોષથી જ આવશે! એ વાત ખાસ સંતાનોને શીખવવી, નહીં તો કમાવા માટેની આ દોડ ક્યારેય પૂરી નહીં થાય! અને જીવનનાં એક મુકામે એમ થાય કે આપણે તો આવું કંઈ કર્યું જ નહીં! ટૂંકમાં શિક્ષણ કરતાં સંસ્કાર પર આજનાં માતા પિતાએ વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. છેલ્લા 20 / 30 વર્ષનો આ રેશિયો જોઈએ તો દિવસેને દિવસે માતાપિતા વિદ્યાર્થી કરતાં પણ વધુ મહત્વકાંક્ષી બની ગયાં છે, અને દરેક માતા પિતામાં સુપર ચાઈલ્ડ મેન્ટાલીટી ડેવલપ થતી જાય છે, જે એક બાળ માનસ માટે ભયંકર ખતરો છે. ધોરણ 10 ની વાત કરીએ તો ત્યારે મોટે ભાગે દરેક વિદ્યાર્થી 13 થી 15 વર્ષનાં ગાળામાં હોય, અને આ ટીનએજમાં તેનાં શારીરિક બંધારણમાં પણ ફેરફાર થાય. એ લોકો એડલ્ટ બનવા તરફ કુદરતી રીતે આગળ વધતાં હોય, એટલે અમુક પ્રકારનાં આંતરિક હોર્મોન્સ પણ ડેવલપ થતાં હોય છે, અને એને કારણે છોકરા છોકરીઓમાં વિજાતીય આકર્ષણ તળે હોય. એમાં ટીવી મીડિયા, સોશિયલ મીડિયા, દરેક પાસે પોતાનાં સેલફોન, અને અન્ય રીતે આ ટીન એજ યુવક યુવતીઓને ઉશ્કેરે એવા દ્રશ્યો એના માનસમાં જીલાતા હોય, ત્યારે ભણવાનું આ પ્રેસર અને ઉપરથી માતા પિતાની મહત્વકાંક્ષા! માતાપિતાની ઈચ્છા દિવસે ને દિવસે વધતી જતી મોંઘવારીને કારણે પોતાનાં સંતાનને આગળનાં ભવિષ્યમાં સારું ભણતર મેળવ્યું હોય તો, એવી કોઈ ચિંતા ન રહે, એ માટે રખાયેલી હોય! આર્થિક રીતે પણ પોતાની હેસિયતથી વધુ બોજ લીધો હોય, અને પોતાનાં સંતાનનાં કેલીબરથી વધારે એની પર આશા રાખી હોય, તો આ બંને વસ્તુ આગળ જતાં અત્યંત દુઃખદાઈ પરિણામ આપે. ઉપરથી અંદરો અંદર અપેક્ષા પૂરી ન થયાની વાતને કારણે સંબંધોમાં કડવાસ વધે. કોઈ કોઈ વાર વિદ્યાર્થી ભયંકર ડિપ્રેશન અનુભવે છે, અને વ્યસનનો સહારો લેતો થઈ જાય! ઘરેથી ભાગી જાય, કે પછી આત્મહત્યા કરે! ભારતીય શાસ્ત્રો મુજબ દરેકે દરેક વ્યક્તિનો જન્મ એનાં ઋણાનુબંધ પર નક્કી થતો હોય છે. એટલે કે માતાપિતાનો અને સંતાનનો અંદરો અંદર ઋણાનુબંધનો પૂર્વ જન્મનો સંબંધ આ જન્મ માટે જવાબદાર હોય છે. આ જન્મમાં તો એ તેના માતાપિતા છે, અને એ તો સૌથી મોટું ઋણ છે જ, પરંતુ એ સિવાય આગલા જન્મનું ઋણ રહ્યું હોય માટે આ જન્મ મળ્યો, એવી વાત આપણા મનીષીઓ દ્વારા કરવામાં આવી છે. ઉપરથી આ વાત માત્ર માતાપિતા એટલે કે પરિવાર પૂરતી નથી હોતી, આડોસ પાડોશ સાથે પણ આ વાત લાગુ પડે છે, અને આ જન્મભૂમિ સાથે પણ આપણું ઋણાનુબંધ હોય છે. એ જ રીતે દેશ સાથે પણ આપણું ઋણાનુબંધ હોવાથી આપણો જન્મ ભારતમાં થયો છે, અને એ ઋણ આપણે કઈ રીતે ચૂકવી શકીશું, એ દરેક વિદ્યાર્થીઓએ વિચારવાની જરૂર છે. સાંપ્રત સમયની વાત કરીએ તો આજનાં દરેક ક્ષેત્રમાં ગળાકાપ હરીફાઈ ચાલી રહી છે. પહેલાં આવું નહોતું, એટલે કે સતત સ્પર્ધાઓમાં કઈ રીતે જીવી શકાય! ઈશ્વરે દરેકે દરેક માનવીમાં કોઈને કોઈ લાક્ષણિકતા મુકી છે, એને જાણી લેવાની, અને એ મુજબ એને પ્રોત્સાહિત કરવાનો હોય છે. દરેકે દરેક વિદ્યાર્થી ડોક્ટર, એન્જિનિયર, ચાર્ટર એકાઉન્ટન્ટ, પીએચડી, કે પછી અન્ય કોઈ ડીગ્રી ન જ મેળવી શકે! એ વાત પણ દરેકે યાદ રાખવાની હોય છે. પરંતુ સુપર ચાઈલ્ડનું દુષણ, અને સર્વશ્રેષ્ઠ બનવાની મહત્વાકાંક્ષાને કારણે નીતિ અનીતિ વચ્ચેની ભેદરેખા ભૂલાઈ ગઈ છે. શિક્ષણનો મૂળ હેતુ શિષ્ટાચાર શીખવવાનો હતો, એ ધીરેધીરે ઓછો થતો જાય છે, અને માનવી શું માત્ર બાહ્ય દેખાવથી હવે માનવ છે ? એવું ક્યારેક લાગે. કુટુંબ અને પરિવાર પણ એક પાઠશાળા છે, અને એમાં વિદ્યાર્થી વધુને વધુ સમય વિતાવતો હોય, ત્યારે એમાં શિક્ષણ જેટલું જ સંસ્કારને મહત્વ આપવામાં આવે, તો સો ટકા એનું ભવિષ્ય ઉજ્જવળ બનશે. આવા પ્રકારની પરીક્ષાઓમાં પાસ થાય કે ન થાય, પણ એ જીવનની પરીક્ષામાં ક્યારેય નિષ્ફળ નહીં જાય, કંઈક કરી જ લેશે! અને એ જે કરશે તે વિશેષ જ હશે. આજે એ વિદ્યાર્થી જીવનનાં દિવસો યાદ આવે છે, અને બહુ ગર્વ સાથે કહી શકાય કે બીએસસી ફર્સ્ટ ક્લાસ સુધીની દરેક પરીક્ષાઓ પોતાની લાયકાતથી જ પાસ કરી, ક્યારેય આજુબાજુમાં પણ જોવાનો વિચાર આવ્યો નથી. હા એ લોકો જરૂર કંઈકને કંઈક પૂછતાં, પણ ન આવડે તો ન લખવું! એ વાત પાકી હતી. ઋણાનુબંધની વાત કરીએ તો નાગર જેવી જ્ઞાતિમાં જન્મ મળ્યો હોવાથી, દીકરા દીકરીનો તફાવત નાનપણથી જ ન્હોતો, અને એને કારણે પોતાનો દરેક નિર્ણય લેવાની સ્વતંત્રતા મળી હતી. ઉપરથી એમનાં આચરણીય સંસ્કારો,કે જે હંમેશાં એમનાં જેવું જીવન જીવવાં પ્રેરતા હતાં. ઈતિહાસ મારો સૌથી પ્રિય વિષય! અને ધોરણ પાંચથી શરૂ કરીને દસ સુધી ઈતિહાસના દરેકે દરેક પાઠ મને એ વખતે મોઢે રહેતાં. જો ત્યારે કેબીસી હોત તો એમાં જીતી શકત! આટલી લાંબી જીવનયાત્રા પરથી એક વાત તો પાક્કી જ છે કે, જીવનમાં ક્યારેય પરીક્ષાઓનો અંત આવતો નથી! એટલે પરીક્ષામાં ચોરી કરીને પાસ થઈ જાઉં, પછી ક્યારેય નહીં કરું, એ માત્ર ભ્રમ છે.

### કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

# સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં ડાકોરના મેળાની તૈયારીઓની કલેક્ટરશ્રી દ્વારા વિશેષ સમીક્ષા

## મુખ્યમંત્રીશ્રી દ્વારા શુભારંભ કરવામાં આવેલ નવરચિત ફાગવેલ તાલુકામાં ઝડપથી નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બને તે દિશામાં સતત પ્રયત્નશીલ રહેવા અને નજીકના જ સમયમાં ત્યાં ચિંતન શિબીરનું આયોજન કરી હજૂ વધુ સુવિધાઓ કેવી રીતે વિકસાવી શકાય તેનું બ્રેઈન સ્ટ્રોમિંગ કરવાની સૂચના આપતા જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ

**નડિયાદ, તા.14**

સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં અને જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષ સ્થાને આજરોજ જિલ્લા સંકલન સહ ફરિયાદ અને વિવિધ સમિતિઓની બેઠક નડિયાદ કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ભારત સરકાર દ્વારા રાશનની દુકાનો પર અનાજ વિતરણ પ્રક્રિયાને સરળ અને પારદર્શક બનાવવા માટે શરૂ કરવામાં આવેલી અન્ન એટીએમ (Grain ATM) આધુનિક પહેલની ચર્ચા સાંસદશ્રી દ્વારા કરવામાં આવી હતી. જેમાં સાંસદશ્રી અને કલેકટરશ્રીએ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી પાસે Auto Grain Dispensing Machine ; જિલ્લામાં પ્રારંભ બાબતે સમીક્ષા કરી હતી. જિલ્લામાં ફાગણી પુનમના મેળા નિમિત્તે તા. ૨૭ ફેબ્રુઆરીથી ૩ માર્ચ સુધી ડાકોર ખાતે થનારા ફાગણોત્સવની વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. ડાકોર પદયાત્રી સેવા સંકલન




સમિતિની કામગીરી અને પદયાત્રીઓ માટે સુવિધાઓ અને સેવા જેમકે પદયાત્રીઓનું આરોગ્ય, સ્વચ્છતા અને સુરક્ષા બાબતો પર ખાસ ધ્યાન આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. રોડ-રસ્તા, પીવાનું પાણી, સફાઈ અને સ્વસ્છતા, મોબાઈલ ટોયલેટ, નાગરિકો માટે સુરક્ષા સહિત તમામ મુદ્દે થઈ વિશેષ ચર્ચા થઈ હતી. કોઈ પણ પ્રકારની મેડિકલ ઈમરજન્સી સામે રક્ષણ મેળવવા માટે ૧૨ એમ્બ્યુલન્સ ડાકોર મેળાના સમયે કાર્યરત કરવામાં આવશે. આ સાથે ડાકોર સબસેન્ટર, મહેમદાવાદ અને ગળતેશ્વર ખાતે પણ ખાસ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. પદયાત્રા પરથી પસાર થનાર તમામ શ્રદ્ધાળુઓ માટે સ્વચ્છ અને સુરક્ષિત પદયાત્રાનું આયોજન કરવામાં આવશે. અને પદયાત્રીઓને કોઈ પણ તકલીફ નહીં પડે એની પૂરી તકેદારી રાખવામાં આવશે. આ માટે કાયદો સલામતી અને વ્યવસ્થાના ભાગરુપે અવિરત અંદાજે ૨૦૦૦ પોલીસકર્મીઓ સહિત સીસીટીવી કેમેરા પણ દેખરેખમાં ઉપલબ્ધ છે એમ નાયબ પોલીસ અધિક્ષકશ્રી ડૉ.દિવ્યાબેન જાડેજાએ જણાવ્યું હતુ. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા શુભારંભ કરવામાં આવેલ નવરચિત ફાગવેલ તાલુકામાં ઝડપથી નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બને તે દિશામાં સતત પ્રયત્નશીલ રહેવા અને નજીકના જ સમયમાં ત્યાં ચિંતન શિબીરનું આયોજન કરી હજૂ વધુ સુવિધાઓ કેવી રીતે વિકસાવી શકાય તેનું બ્રેઈન સ્ટોર્મિંગ કરવાની જિલ્લા કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવે સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આગામી સમયમાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના સૂચારૂ આયોજન બાબતે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવી સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા રોડ સેફટી કમિટીની બેઠકમાં જિલ્લાના રોડ રસ્તાઓની સ્થિતી અને મરમ્મત, ધાર્મિક દબાણની બેઠક, કાયદો વ્યવસ્થા અંગે તેમજ જિલ્લા બાળશ્રમ નાબુદીની બેઠક, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીની બેઠક તેમજ ગુજરાત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની બેઠક અને જિલ્લા જળ અને જાહેર સ્વચ્છતા અંગે, ત્મજ ની બેઠક પણ સંબંધિત અધિકારીશ્રીઓ સાથે યોજાઈ હતી. જેમાં તેઓ સર્વેશ્રીએ વિષય સંબંધિત માહિતી તથા થયેલ કામીગીરી અંગે વિગતો રજૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંત કિશોર, નાયબ વન સંરક્ષકશ્રી અભિષેક સામરિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી લલિતભાઈ પટેલ, સંખ્યાધિક અધિક કલેક્ટરશ્રી અવનીબેન વોરા, નિવાસી અધિક કલેકટરશ્રી જે.બી.દેસાઈ, પ્રાંત સર્વશ્રી નડિયાદ, ઠાસરા, કપડવંજ તેમજ સર્વશ્રી સંકલન સમિતિના અધિકારીશ્રીઓ સહિત વિવિધ સમિતિઓના સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દેશના વિવિધ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પર ૧૧૫૦થી વધુ ફી પ્લાઝા પર કાર્યકારી કાર્યક્ષમતા મજબૂત બનશે

# તા. ૦૧ એપ્રિલ ૨૦૨૬થી દેશભરમાં સંપૂર્ણપણે ડિજિટલ નેશનલ હાઈવે ટોલિંગ ઈકોસિસ્ટમ વિકસાવાશે

## દેશભરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગના મુસાફરો માટે તાત્કાલિક અને સુલભ ડિજિટલ ચુકવણી વિકલ્પોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે.

**નડિયાદ, તા.14**

સંપૂર્ણપણે ડિજિટલ નેશનલ હાઈવે ટોલિંગ ઈકોસિસ્ટમ વિકસાવવા માટે, નેશનલ હાઈવે ઑથોરીટીઓફ ઈન્ડીયા- NHAI ૦૧ એપ્રિલ ૨૦૨૬થી દેશભરના નેશનલ હાઈવે ફી પ્લાઝા પર રોકડ વ્યવહારો સંપૂર્ણપણે બંધ કરવાનું વિચારી રહ્યું છે. અમલીકરણ પછી, નેશનલ હાઈવે ફી પ્લાઝા પર તમામ ટોલ ચુકવણીઓ ફક્ત FASTag અથવા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) નો ઉપયોગ કરીને ડિજિટલ મોડ દ્વારા પ્રક્રિયા કરવામાં આવશે. પ્રસ્તાવિત પગલાનો ઉદ્દેશ્ય ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શનમાં પ્રાપ્ત થયેલા લાભોને એકીકૃત કરવાનો અને નેશનલ હાઈવે ફી પ્લાઝા કામગીરીની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતાને મજબૂત બનાવવાનો છે. આ સંક્રમણ લેન થ્રુપુટમાં સુધારો કરીને, ફી પ્લાઝા પર ભીડ ઘટાડીને અને ટોલ વ્યવહારોમાં વધુ સુસંગતતા અને પારદર્શિતા લાવીને રાષ્ટ્રીય હાઈવે વપરાશકર્તાઓ માટે યાત્રાની સરળતા વધારવામાં મદદ કરશે. છેલ્લા કેટલાક વર્ષોમાં, FASTag ના ૯૮ ટકાથી વધુ પ્રવેશે દેશમાં ટોલ વસૂલાત પ્રથાઓમાં નોંધપાત્ર પરિવર્તન લાવ્યું છે. હાલમાં, ટોલ વ્યવહારોનો મોટો હિસ્સો વાહનોમાં લગાવેલા RFID-સક્ષમ FASTag દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે પ્રક્રિયા કરવામાં આવે છે, જે ટોલ પ્લાઝા પર સીમલેસ અને કોન્ટેક્ટલેસ હિલચાલને સરળ બનાવે છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ટોલ પ્લાઝા પર UPI ચુકવણી સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે, જે દેશભરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગના મુસાફરો માટે તાત્કાલિક અને સુલભ ડિજિટલ ચુકવણી વિકલ્પોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ ફી નિયમો અનુસાર, માન્ય, કાર્યાત્મક FASTag વિના ફી પ્લાઝામાં પ્રવેશતા વાહનો પાસેથી ફી ચુકવણી રોકડમાં કરવામાં આવે તો લાગુ વપરાશકર્તા ફી કરતાં બમણું વસૂલવામાં આવે છે. જ્યારે રાષ્ટ્રીય ધોરીમાર્ગના વપરાશકર્તાઓ કે જેઓ UPI દ્વારા ચૂકવણી કરવાનું પસંદ કરે છે તેમની પાસેથી લાગુ વાહન શ્રેણી માટે વપરાશકર્તા ફીના માત્ર ૧.૨૫ ગણું વસૂલવામાં આવે છે. આ પહેલોએ રોકડ વ્યવહારો પર નિર્ભરતા ઘટાડવા અને ટોલિંગ માળખાને ડિજિટાઈઝ કરવાના ઉદ્દેશ્યને સામૂહિક રીતે આગળ ધપાવ્યો છે. પ્લાઝા-સ્તરના મૂલ્યાંકનો સૂચવે છે કે રોકડ-આધારિત ચુકવણીઓ ભીડમાં વધારો કરી આપે છે, પીક ટ્રાફિક સમયગાળા દરમિયાન રાહ જોવાનો સમય વધે છે અને વ્યવહાર-સંબંધિત વિવાદો થાય છે. ડિજિટલ-માત્ર ચુકવણીના મોડમાં સંપૂર્ણ સંક્રમણ દેશના વિવિધ રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને એક્સપ્રેસવે પર ૧૧૫૦ થી વધુ ફી પ્લાઝા પર કાર્યકારી કાર્યક્ષમતાને મજબૂત બનાવશે. ટ્રાફિક વ્યવસ્થાપનમાં સુધારો કરશે. વિલંબ ઘટાડશે અને એકંદર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વપરાશકર્તા અનુભવમાં વધારો કરશે.

# દેવગઢ બારીઆ તાલુકાના કુવા ગામે થી બોલેરો ગાડીમાથી ઝડપાયો દારૂ ચાલક ફરાર



**દેવગઢ બારિયા, પ્રતિનિધિ દ્વારા, તા.14**

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન ના પી.આઈ કે.કે. રાજપૂત સાહેબ તથા સબ ઈન્સ્પેકટર ડી.આઈ.સોલંકી સાહેબ ની સૂચના મુજબ સ્ટાફ પ્રોહીબિશન ના કેસ શોધવા કાર્યરત હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે છોટાઉદેપુર જીલ્લા ના શિંગડાજા ગામ મા થી મહિન્દ્રા બોલેરો GJ.05.RD.4868 ની અંદર ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ભરી દેવગઢ બારીઆ તાલુકા કુવા ગામે થઈ પંચમહાલ જીલ્લા મા જવા ની છે તેવી બાતમી મળેલ બાતમી મળેલ જગ્યા પર પોલીસ સ્ટાફ સાથે ઉભી રહી હતી મહિન્દ્રા બોલેરો વોચ રાખતા બાતમી વાળી મહિન્દ્રા બોલેરો આવતા પોલીસ જોઈ ડ્રાઈવર અંધારા લાભ લઈ ભાગી જવા મા સફળ થયો હતો બોલેરો ગાડી ની તપાસ કરતા ગાડી મા થી તપાસ કરતા ભારતીય બનાવટ નો વિદેશી દારૂ મળી આવેલ હતો જેમાં મહિન્દ્રા બોલેરો સહિત મુદામાલ ૮.૫૬.૧૬૦. રૂપિયા ઝડપાયો હતો જેમાં સ્ટાફ મા દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન ના પી. આઈ.કે.કે.રાજપુત તથા સબ ઈન્સ્પેકટર ડી .આઈ.સોલંકી તથા ડી સ્ટાફ ના કોન્સ્ટેબલ કિરણ ભરવાડ.મયુર ઝાલા. રાજેશભાઈ પ્રતાપ ભાઈ. સુભાષભાઈ ધુળાભાઈ. સુરેશભાઈ.મંગળભાઈ ના ઓ સાથે મળી મળેલ બાતમી વાળી મહિન્દ્રા બોલેરો દારૂ ભરેલ ગાડી ઝડપી હતી...

# રિવરફ્રન્ટ હાઉસ ખાતે શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા દ્વારા 'મોબિલિટી એક્ઝિબિશન'નું ઉદ્ઘાટન

## અમદાવાદને 2036ની ઓલિમ્પિક્સ માટે તૈયાર કરવા ભવ્ય વિઝનની રૂપરેખા રજૂ કરાઈ, 3000થી વધુ ઈલેક્ટ્રિક બસો, મેટ્રો કનેક્ટિવિટી અને RRTS દ્વારા શહેરની કાયાપલટ કરવાનું આયોજન, નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનના લક્ષ્યાંક સાથે ઈ-વ્હીકલ ટેક્સમાં 100% મુક્તિ

**અમદાવાદ, તા.14**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શિફ્ટ ટ્રાન્સપોર્ટના સંયુક્ત ઉપક્રમે 'અમદાવાદ નેક્સ્ટ' અને 'મોબિલિટી એક્ઝિબિશન' કાર્યક્રમ શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં રીવરફ્રન્ટ હાઉસ ખાતે યોજાયો હતો. તા. 23 ફેબ્રુઆરી, 2026 સુધી ચાલનાર આ એક્ઝિબિશનના ઉદ્ઘાટન પ્રસંગે અમદાવાદને 2036ની ઓલિમ્પિક્સ માટે તૈયાર કરવાના ભવ્ય વિઝનની રૂપરેખા રજૂ કરી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ અમદાવાદની 'લાલ બસ' AMTS થી શરૂ કરીને BRTS અને મેટ્રો સુધીની ઐતિહાસિક સફરને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે, આગામી 25 થી 50 વર્ષના આયોજન સાથે સેકન્ડ રીંગ રોડ, લોજિસ્ટિક પાર્ક અને સાબરમતી રિવરફ્રન્ટનું વિસ્તરણ અમદાવાદને વિશ્વસ્તરીય 'લિવબલ સિટી' બનાવશે. તેમણે રીંગ રોડ પર ટ્રાફિક ઘટાડવા કનેક્ટર વાહનોના ઉપયોગ અને મેટ્રો સ્ટેશનો પર પાર્કિંગ સુવિધા વધારવા પર ભાર મૂક્યો હતો. મંત્રીશ્રીએ આયોજિત 'મોબિલિટી એક્ઝિબિશન'નું નિરીક્ષણ કર્યું હતું. અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 2070 સુધીના 'નેટ ઝીરો' લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા AMC કટિબદ્ધ છે. આ માટે શહેરમાં 3000થી વધુ ઈ-બસો દોડાવવાનું આયોજન છે. ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા વાહન વેરામાં 100% મુક્તિ




અપાઈ છે. સાથોસાથ MyByk જેવી સેવાઓ દ્વારા પર્યાવરણની જાળવણીનો સંદેશ આપ્યો હતો. શહેરી વિકાસના વિભાગના અગ્રસચિવ શ્રી એમ. થેન્નારસને જણાવ્યું હતું કે, 2030ની કોમનવેલ્થ અને 2036ની ઓલિમ્પિક્સ માટે બીડિંગ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ એર ક્વોલિટી (AQI) સુધારવા માટે એરપોર્ટ અને ગિફ્ટ સિટીને જોડતી 04 નવી મેટ્રો લાઈનનો પ્રસ્તાવ છે. ગુજરાત સરકાર દ્વારા પરિવહન માટે વાયબીલીટી ગેપ ફન્ડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ 'લાસ્ટ માઈલ કનેક્ટિવિટી' અને સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેમણે જણાવ્યું કે, કલોલ અને સાણંદ જેવા સેટેલાઈટ ટાઉન્સને 'રીજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ' (RRTS) થી જોડવામાં આવશે, જેનાથી મુસાફરીનો સમય માત્ર 30-45 મિનિટ થઈ જશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અમિત શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, AMTS ચેરમેન શ્રી ધરમશીભાઈ દેસાઈ, અધિક પોલીસ કમિશનર શ્રી નીરજ બડગુજર, શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેવગઢ બારીઆ તાલુકાના અને નગરના સારા રસ્તા બનવાની રાહ જોતી પ્રજા તમામ રસ્તાની દયનીય હાલત

**દેવગઢ બારિયા, પ્રતિનિધિ દ્વારા, તા.14**

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકા ના પીપલોદ લીમખેડા થી આવતા દેવગઢ બારીઆ નગર મા થી પસાર થતો સ્ટેટ હાઈવે અત્યંત દયનીય હાલત મા છે જેના કારણે આ નગર અને તાલુકા મા ખૂબ મુશિબત નો સામનો કરવો પડી રહ્યો છે દેવગઢ બારીઆ થી છોટાઉદેપુર અને મધ્ય પ્રદેશ સ્ટેચ્યુ ઓફ યુનિટી પાવાગઢ વડોદરા સુરત મુંબઈ જવા માટે આ રસ્તા નો વાહન ચાલકો દ્વારા ઉપયોગ કરવા મા આવે છે પરંતુ રસ્તા મા પડેલા મોટા મોટા ખાડા ના લીધે વારંવાર અકસ્માત નો ભોગ બનવો પડી રહ્યો છે આ વિસ્તાર ના લોકો ને દેવગઢ બારીઆ નગર મા સરકારી કામકાજ અને જીવન જરૂરિયાત ચીજ વસ્તુ લેવા અને શાળા કોલેજ હોસ્પિટલ જેવા કામો માટે આવવા આજ એક છે રસ્તો છે દેવગઢ બારીઆ નગર મા પ્રવેશવા માટે તે પણ ખરાબ હોવા ના કારણે ખુબ મુશ્કેલીઓ નો સામનો કરવા પડે છે જેના કારણે મોટા મોટા અકસ્માતો પણ વારંવાર થાય છે અને દેવગઢ બારીઆ થી પાવાગઢ રોડ પણ ખૂબ જ દયનીય સ્થિતિ મા છે દેવગઢ બારીઆ થી પંચમહાલ ના ગોલ્લાવ ગામ સુધી રસ્તો ખુબ જ મોટા મોટા ખાડા અને ખરાબ રોડ હોવા ના કારણે વાહન ચાલકો ને અને અવર જવર કરતા વાહનો ને પણ મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો કેટલાય વર્ષો થી આ રસ્તાઓ ની રજૂઆત કરવા છતાં પણ કોઈ નક્કર પરિણામ નથી આવ્યુ લોક વાહિકા મુજબ જાણવા મળેલ છે કે તાલુકા ના અમુક ગામો ના રોડ ની તો ખુબ જ હાલત ખરાબ છે સરકાર દ્વારા કરોડો રૂપિયા આપવા મા આપવા છતાં પણ કોઈ સુધાર નહીં રોડ મા શું દેવગઢ બારીઆ તાલુકો ભારત દેશ મા નથી કે બીજા દેશ મા છે દેવગઢ બારીઆ તાલુકા પ્રત્યે આટલો ભેદભાવ કેમ સરકાર જો આ રસ્તાઓ નહીં બનાવડાવે તો આવનારી તાલુકા જિલ્લા પંચાયત ની ચૂંટણી મા સરકાર ને ખૂબ મોટું નુકશાન થશે તેવી પણ નગર તાલુકા ની પ્રજા માં ચર્ચા છે જોવા નું રહ્યું સરકાર શું ચૂંટણી પહેલા દેવગઢ બારીઆ તાલુકા ના ખરાબ રસ્તાઓ બનાવશે કે નહીં તે જોવા નું રહ્યું.... દેવગઢ બારીઆ તાલુકા પ્રત્યે આટલો ભેદભાવ કેમ સરકાર જો આ રસ્તાઓ નહીં બનાવડાવે તો આવનારી તાલુકા જિલ્લા પંચાયત ની ચૂંટણી મા સરકાર ને ખૂબ મોટું નુકશાન થશે તેવી પણ નગર તાલુકા ની પ્રજા માં ચર્ચા છે જોવા નું રહ્યું સરકાર શું ચૂંટણી પહેલા દેવગઢ બારીઆ તાલુકા ના ખરાબ રસ્તાઓ બનાવશે કે નહીં તે જોવા નું રહ્યું...

### પ્રાકૃતિક કૃષિ: અમદાવાદ જિલ્લો નળકાંઠાના ખેડૂતોની આવક બમણી કરવા પ્રાકૃતિક ઉત્થાન કંપનીનું આયોજન

# સાણંદના ખીચામાં ગુજરાતના પ્રથમ FPO સંચાલિત 'મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટ'નું ભવ્ય ઉદઘાટન

## સંયુક્ત નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદીએ આ પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે ગુજરાતમાં આ એક નવી શરૂઆત છે

**અમદાવાદ, તા.14**

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખીચા ગામે ખેતીવાડી ખાતું, જિલ્લા પંચાયત અમદાવાદ, ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ લિમિટેડના સંયુક્ત સહયોગથી 'પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ' ના મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સંયુક્ત ખેતી નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદી અને જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હિતેશભાઈ પટેલના હસ્તે આ યુનિટનું ઉદઘાટન કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં કોઈ ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) દ્વારા સ્થાપિત કરવામાં આવેલું આ પ્રકારનું પ્રથમ આધુનિક મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટ છે. આ કાર્યક્રમમાં ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાંતિભાઈ મકવાણાએ સંસ્થાની રચના અંગે માહિતી આપી હતી. ત્યારબાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ મિલેટ્સ એટલે કે જાડા ધાનના ફાયદા જણાવતા કહ્યું હતું કે, આ પાક ઓછા ખર્ચે, ઓછા પાણીએ અને રાસાયણિક ખાતર વગર સરળતાથી લઈ શકાય છે. સાણંદ, બાવળા અને વિરમગામ જેવા નળકાંઠાના વિસ્તારોના ખેડૂતો જો આ યુનિટ દ્વારા પોતાના પાકનું મૂલ્યવર્ધન કરી પોતાની બ્રાન્ડથી જાતે વેચાણ કરશે, તો તેમની આવક ચોક્કસપણે બમણી થશે.

સંયુક્ત નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદીએ આ પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે ગુજરાતમાં આ એક નવી શરૂઆત છે અને આ મોડેલ સફળ થતા આગામી સમયમાં અન્ય જિલ્લાઓમાં પણ આવા યુનિટ શરૂ કરવામાં આવશે. જિલ્લા ખેતીવાડી શ્રી અધિકારી હિતેશભાઈ પટેલે ખેડૂતોને પ્રોડક્ટના વેચાણ અને માર્કેટિંગમાં વિભાગ તરફથી સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. ટાટા મોટર્સના જનરલ મેનેજર શ્રી મહેશ સેતુરમને પણ સહકારી ધોરણે ચાલતા આવા એકમોથી ખેડૂતોનું જીવનધોરણ સુધરશે તેવો આશાવાદ વ્યક્ત કરી કંપની તરફથી સતત સહયોગ આપવાની વાત કરી હતી. ભારતીય સ્ટેટ બેંકના લોન મેનેજર શ્રી જિગ્નેશભાઈ વઘાસિયાએ આવા સામુહિક એકમો માટે બેંકની તત્પરતા દર્શાવી હતી. કાર્યક્રમના અંતે ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રગતિશીલ ખેડૂતો અને ડિરેક્ટર બોર્ડના સભ્યોને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટાટા મોટર્સના CSR હેડ શ્રી સંપાદાસ ઘોષ, ઝાયડસ ફાર્માના શ્રી કપિલ આચાર્ય, સરપંચ શ્રી સોડાભાઈ વાઘેલા, તલાટી શ્રી



મહેન્દ્રભાઈ પટેલ સહિત બાવળા, સાણંદ અને વિરમગામના મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના

ખીચા ગામે ખેતીવાડી ખાતું, જિલ્લા પંચાયત અમદાવાદ, ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ લિમિટેડના સંયુક્ત સહયોગથી 'પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ' ના મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સંયુક્ત ખેતી નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદી અને જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હિતેશભાઈ પટેલના હસ્તે આ યુનિટનું ઉદઘાટન કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં કોઈ ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) દ્વારા સ્થાપિત કરવામાં આવેલું આ પ્રકારનું પ્રથમ આધુનિક મિલેટ્સ પ્રોસેસિંગ યુનિટ છે. આ કાર્યક્રમમાં ધરતી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાંતિભાઈ મકવાણાએ સંસ્થાની રચના અંગે માહિતી આપી હતી. ત્યારબાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ મિલેટ્સ એટલે કે જાડા ધાનના ફાયદા જણાવતા કહ્યું હતું કે, આ પાક ઓછા ખર્ચે, ઓછા પાણીએ અને રાસાયણિક ખાતર વગર સરળતાથી લઈ શકાય છે. સાણંદ, બાવળા અને વિરમગામ જેવા નળકાંઠાના વિસ્તારોના ખેડૂતો જો આ યુનિટ દ્વારા પોતાના પાકનું મૂલ્યવર્ધન કરી પોતાની બ્રાન્ડથી જાતે વેચાણ કરશે, તો તેમની આવક ચોક્કસપણે બમણી થશે. સંયુક્ત નિયામક ડૉ. મીનાબહેન ત્રિવેદીએ આ પહેલને બિરદાવતા જણાવ્યું હતું કે ગુજરાતમાં આ એક નવી શરૂઆત છે અને આ મોડેલ સફળ થતા આગામી સમયમાં અન્ય જિલ્લાઓમાં પણ આવા યુનિટ શરૂ કરવામાં આવશે. જિલ્લા ખેતીવાડી શ્રી અધિકારી હિતેશભાઈ પટેલે ખેડૂતોને પ્રોડક્ટના વેચાણ અને માર્કેટિંગમાં વિભાગ તરફથી સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. ટાટા મોટર્સના જનરલ મેનેજર શ્રી મહેશ સેતુરમને પણ સહકારી ધોરણે ચાલતા આવા એકમોથી ખેડૂતોનું જીવનધોરણ સુધરશે તેવો આશાવાદ વ્યક્ત કરી કંપની તરફથી સતત સહયોગ આપવાની વાત કરી હતી. ભારતીય સ્ટેટ બેંકના લોન મેનેજર શ્રી જિગ્નેશભાઈ વઘાસિયાએ આવા સામુહિક એકમો માટે બેંકની તત્પરતા દર્શાવી હતી. કાર્યક્રમના અંતે ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રગતિશીલ ખેડૂતો અને ડિરેક્ટર બોર્ડના સભ્યોને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટાટા મોટર્સના CSR હેડ શ્રી સંપાદાસ ઘોષ, ઝાયડસ ફાર્માના શ્રી કપિલ આચાર્ય, સરપંચ શ્રી સોડાભાઈ વાઘેલા, તલાટી શ્રી મહેન્દ્રભાઈ પટેલ સહિત બાવળા, સાણંદ અને વિરમગામના મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# કુલદીપની વિન્ટેજ કારમાં નીકળી જાન : ક્રિકેટરોએ પિંક અને વ્હાઈટ રંગના સાફા બાંધ્યા, કોલકાતાના ફૂલોથી સજ્યો મંડપ

**મસૂરી, તા.14**

ક્રિકેટર કુલદીપ યાદવ આજે (14 માર્ચ) પોતાની બાળપણની મિત્ર વંશિકા સિંહ સાથે લગ્ન કરી રહ્યો છે. મસૂરી સ્થિત આઈટીસી સેવોય હોટલમાં છેલ્લા ત્રણ દિવસથી લગ્નની વિધિઓ ચાલી રહી છે. સાંજ પડતાની સાથે જ કુલદીપ યાદવની જાન વિન્ટેજ કારમાં હોટલ પરિસરમાંથી નીકળી હતી. જાન દરમિયાન હાજર ક્રિકેટરોએ પિંક અને વ્હાઈટ રંગના સાફા બાંધ્યા હતા. જાનમાં ઢોલ-નગારાના તાલે મહેમાનો અને ખેલાડીઓએ મન મૂકીને ડાન્સ કર્યો હતો. બેન્ડ-વાજા માટે દિલ્હીથી ખાસ છ6 સભ્યોની ઢોલ વગાડનારી ટીમ પહેલેથી જ મસૂરી પહોંચી ગઈ હતી. હોટલમાં મંડપને કોલકાતાથી ગાવવામાં આવેલા ખાસ ફૂલોથી સજાવવામાં આવ્યો છે, જ્યાં મુખ્ય લગ્ન સમારોહ યોજાઈ રહ્યો છે.




કુલદીપ યાદવના લગ્નમાં સામેલ થવા માટે બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રી પણ હોટલ પહોંચી ગયા છે. આ પહેલા શુક્રવારે રાત્રે યોજાયેલા સંગીત અને કોકટેલ સમારોહમાં ક્રિકેટર સુરેશ રૈના, રિંકુ સિંહ અને યુઝવેન્દ્ર ચહલે વરરાજા સાથે જોરદાર ડાન્સ કર્યો હતો. સમારોહમાં દિલ્હીથી આવેલા સૂફી સિંગર અને લાઈવ પરફોર્મર બિસ્મિલે પણ પ્રસ્તુતિ આપી હતી. મોડી રાત સુધી હોટલ પરિસરમાં જશ્નનો માહોલ રહ્યો હતો. શનિવાર સવારે મોહમ્મદ કૈફ પણ મસૂરી પહોંચી ગયા. સવારે મહેમાનોને નાસ્તામાં કાનપુરની સ્પેશિયલ ખસ્તા કચોરી અને દાળના વડા પીરસવામાં આવ્યા હતા. કાર્યક્રમ અનુસાર સાંજે 4 વાગ્યે સાફા બાંધવાની વિધિ થઈ હતી. ત્યારબાદ જાન નીકળી. હવે આગળ રાત્રે 8 વાગ્યે વરમાળા અને 9 વાગ્યે ફેરા થશે. ફેરા પછી મોડી રાત સુધી મંડપમાં અન્ય પરંપરાગત વિધિઓ પૂર્ણ કરવામાં આવશે.

**સાફા બાંધવાની વિધિ શરૂ**

સાફા બાંધવાની વિધિ પૂર્ણ થઈ ગઈ છે. આ પછી સાંજે 5 વાગ્યે જાન નીકળશે, 6 વાગ્યે વરમાળા અને રાત્રે 8 વાગ્યે ફેરા થશે. પરંપરાગત અંદાજમાં પરિવારના વડીલો અને સંબંધીઓ વરરાજાના માથા પર સાફો બાંધીને શુભેચ્છાઓ આપી રહ્યા છે. આ વિધિની સાથે જ જાનની તૈયારીઓ પણ તેજ થઈ ગઈ છે અને આખા માહોલમાં ઉત્સાહ અને પરંપરાગત રંગ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે.

**ગઈકાલે હલ્દી સેરેમનીમાં ચહલે રંગ જમાવ્યો, ઢોલ પર ખૂબ ડાન્સ કર્યો**

શુક્રવારે સવારે 11 વાગ્યાથી હલ્દી સેરેમની શરૂ થઈ, જે બપોરના લગભગ બે વાગ્યા સુધી ચાલી. આ દરમિયાન હોટલ પરિસરમાં ઉત્સવનો માહોલ રહ્યો. યુઝવેન્દ્ર ચહલ આ સમારોહનો સૌથી વધુ ચર્ચિત ચહેરો રહ્યો. ચહલ ક્યારેક કુલદીપના ચહેરા પર હલ્દી લગાવતા જોવા મળ્યા તો ક્યારેક ઢોલના તાલે જોરદાર ડાન્સ કરતા જોવા મળ્યા. આ પછી કુલદીપ-વંશિકાએ પણ ડાન્સ કર્યો.

# વર્લ્ડકપ ટ્રોફી લઈને સૂર્યા-ગંભીર સિદ્ધિવિનાયક મંદિર પહોંચ્યા, VIDEO : અભિષેક શર્માએ વૈષ્ણોદેવીના દર્શન કર્યા

**નવી દિલ્હી, તા.14**

ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ અને હેડ કોચ ગૌતમ ગંભીર શનિવારે T20 વર્લ્ડકપની ટ્રોફી સાથે મુંબઈના શ્રી સિદ્ધિવિનાયક મંદિરે પહોંચ્યા. અહીં બંનેએ ભગવાન ગણેશના દર્શન કરીને ટીમની સફળતા માટે આશીર્વાદ લીધા. આ પહેલા 8 માર્ચે ચેમ્પિયન બન્યા બાદ તેમણે ટ્રોફી સાથે અમદાવાદના હનુમાન મંદિરમાં પણ દર્શન કર્યા હતા. ખેલાડીઓના મંદિર જવા પર પૂર્વ ક્રિકેટર અને TMC સાંસદ કીર્તિ આઝાદે સવાલ પણ ઉઠાવ્યા હતા. ભારતીય ક્રિકેટ ટીમના ઓપનર અભિષેક શર્મા પણ 13 માર્ચે જમ્મુ-કાશ્મીરના કટરા સ્થિત પ્રસિદ્ધ વૈષ્ણોદેવી મંદિરે પહોંચ્યા અને માતા રાણીના દર્શન કરીને આશીર્વાદ લીધા.

**અભિષેકે વૈષ્ણોદેવી યાત્રાની તસવીરો પોસ્ટ કરી**

T20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં નંબર-1 બેટ્સમેન અભિષેકે પોતાની યાત્રાની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી અને કેપ્શન લખ્યું- જય માતા દી. તસવીરોમાં તે સફેદ કુર્તા-પાયજામા પહેરીને, કપાળ પર તિલક લગાવીને અને હાથ જોડીને દર્શન કરતા જોવા મળ્યા.



**ફાઈનલમાં 52 રનની ઈનિંગ રમી**

અભિષેકે T20 વર્લ્ડકપ ફાઈનલમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ફાઈનલ પહેલાની મેચોમાં તેનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું ન હતું અને તે સતત 3 વખત શૂન્ય રન પર આઉટ થયો હતો. જોકે, ખિતાબી મુકાબલામાં તેણે શાનદાર વાપસી કરી. અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં તેણે માત્ર 21 બોલમાં 52 રનની ઈનિંગ રમી હતી.

**ભારત ત્રીજી વખત ચેમ્પિયન બન્યું**

8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં T20 વર્લ્ડકપની ફાઈનલ મેચ રમાઈ હતી. તેમાં ભારતે ન્યુઝીલેન્ડને 96 રનના અંતરથી હરાવીને પોતાનો ખિતાબ બચાવ્યો હતો. ટીમ ઈન્ડિયાએ ત્રીજી વખત આ ટુર્નામેન્ટ જીતી હતી.

**કેપ્ટન સૂર્યા જીત બાદ હનુમાન મંદિર પહોંચ્યા**

વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ 8 માર્ચની મોડી રાત્રે ટ્રોફી સાથે અમદાવાદના હનુમાન મંદિરે પહોંચ્યા. અહીં તેમણે ભગવાન હનુમાનના દર્શન કરી પૂજા-અર્ચના કરી. આ દરમિયાન તેમની સાથે ICC ચેરમેન જય શાહ અને ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર પણ હાજર રહ્યા.

# ગંભીર 2 ICC ટ્રોફી જીતનારા પ્રથમ ભારતીય કોચ : ગાંગુલીએ કહ્યું-અસલી પરીક્ષા 2027 વર્લ્ડ કપમાં થશે

**નવી દિલ્હી, તા.14**

ભારતના હેડ કોચ ગૌતમ ગંભીરે તાજેતરમાં T20 વર્લ્ડ કપ 2026 જીતીને પોતાનો બીજો ICC ખિતાબ મેળવ્યો. આ પહેલાં તેમની કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાએ 2025માં ચેમ્પિયન્સ ટ્રોફી પણ જીતી હતી. જોકે પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનું કહેવું છે કે ગંભીરની અસલી પરીક્ષા 2027ના વન-ડે વર્લ્ડ કપમાં થશે.

**સાઉથ આફ્રિકાની પરિસ્થિતિઓમાં થશે અસલી પરીક્ષા**

ગાંગુલીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે 2027નો વર્લ્ડ કપ સાઉથ આફ્રિકામાં રમાશે અને ત્યાંની પરિસ્થિતિઓ ટીમ અને કોચ બંનેને પડકાર આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગંભીર વર્તમાન ટીમ સાથે ત્યાં પણ સારું પ્રદર્શન કરી શકે છે. 2023ના વન-ડે વર્લ્ડ કપમાં ભારતે ફાઈનલ સુધી અજેય સફર ખેડ્યો હતો, પરંતુ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ગંભીરે 2011માં ખેલાડી તરીકે




વર્લ્ડ કપ જીત્યો હતો, હવે તેમના પર કોચ તરીકે ભારતને વન-ડેનો વિશ્વ વિજેતા બનાવવાનું દબાણ છે.

**રોહિત-વિરાટ માટે 2027 વર્લ્ડ કપ છેલ્લી તક હોઈ શકે છે**

2027નો વન-ડે વર્લ્ડ કપ ભારતના બે દિગ્ગજ ખેલાડીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલી માટે પણ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. અટકળો લગાવવામાં આવી રહી છે કે આ બંને દિગ્ગજોના કરિયરનો છેલ્લો વર્લ્ડ કપ હોઈ શકે છે. આવી સ્થિતિમાં, ગંભીરના ખભા પર આ દિગ્ગજોને યાદગાર વિદાય આપવાની જવાબદારી પણ રહેશે.

**ટેસ્ટ ક્રિકેટમાં પીચને લઈને ગાંગુલીની સલાહ**

ગાંગુલીએ રેડ બોલ એટલે કે ટેસ્ટ ક્રિકેટમાં પ્રદર્શન સુધારવા માટે ગંભીરને ખાસ સલાહ આપી છે. તેમણે કહ્યું કે ગંભીરને પીચ વિશે ઓછું વિચારવું પડશે. ગાંગુલીએ કહ્યું, 'તેને વિકેટની ચિંતા પોતાના મગજમાંથી કાઢી નાખવી પડશે.

# શું ગિલ-સેમસન વચ્ચે ઝઘડો થયો? : શુભમનની T20 વર્લ્ડ કપ પોસ્ટ પર વિવાદ, ફોટોમાંથી સંજુ ગાયબ, ફેન્સએ ઉઘડો લેતા લખ્યું- એડિટર ઑફ ધ ટુર્નામેન્ટ

**ઈસ્લામાબાદ, તા.14**

ટીમ ઈન્ડિયાના T20 વર્લ્ડ કપના જશ્નની એક ફોટોને લઈને સોશિયલ મીડિયા પર વિવાદ છેડાયો છે. શુભમન ગિલે શેર કરેલી ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં સંજુ સેમસન જોવા મળ્યો નથી, જેના પછી ફેન્સે દાવો કર્યો છે કે ફોટો એડિટ કરવામાં આવ્યો છે. જાણો શું છે આખો મામલો... અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 8 માર્ચ, 2026ના રોજ રમાયેલા ICC મેન્સ T20 વર્લ્ડ કપ ફાઈનલ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને 96 રને હરાવ્યું હતું. આ જીત બાદ ટીમ ઈન્ડિયાના સેલિબ્રેશનની ઘણી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. આ દરમિયાન



એક ફોટોને લઈને નવો વિવાદ ઊભો થયો છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટર અને ટેસ્ટ-ODI ટીમના કેપ્ટન શુભમન ગિલની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર ફેન્સે દાવો કર્યો છે કે તસવીરને એડિટ કરવામાં આવી છે અને તેમાંથી વિકેટકીપર બેટર સંજુ સેમસનને હટાવી દેવામાં આવ્યો છે.

**ગિલે ફોટો પોસ્ટ કર્યો, યુઝર્સે તરત જ સવાલો ઉઠાવવા માંડ્યા**

ગિલે વર્લ્ડ કપ જીત બાદ સેલિબ્રેશનનો એક ફોટો શેર કર્યો હતો. જેમાં કેટલાક ખેલાડીઓ ટ્રોફી સાથે જોવા મળી રહ્યા છે. પરંતુ સોશિયલ મીડિયા યુઝર્સે તરત જ નોંધ્યું કે તે ફ્રેમમાં સંજુ સેમસન દેખાઈ રહ્યો નથી. આ પછી ઘણા લોકોએ કોમેન્ટ સેક્શનમાં સવાલો ઉઠાવવાનું શરૂ કરી દીધું.

એક યુઝરે લખ્યું, 'Which app did you use to remove Sanju Samson? Very neatly done.' એટલે કે સંજુ સેમસનને હટાવવા માટે કઈ એપનો ઉપયોગ કર્યો? બીજા એક યુઝરે કટાક્ષ કરતા લખ્યું કે, 'ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર, ફર્સ્ટ ક્લાસ એડિટર.' તો ત્રીજા એક યુઝરે લખ્યું- એડિટર ઑફ ધ ટુર્નામેન્ટ કેટલાક ફેન્સે સીધી રીતે ગિલની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે સંજુ સેમસન પણ આ ટીમનો હિસ્સો હતો અને ટુર્નામેન્ટ દરમિયાન તેનું યોગદાન રહ્યું છે, તેથી તેને તસવીરમાંથી હટાવવો યોગ્ય નથી. જોકે, આ વાતની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી કે તસવીર ખરેખર એડિટ કરવામાં આવી છે કે નહીં. પરંતુ સોશિયલ મીડિયા પર આ મામલો ઝડપથી ચર્ચામાં આવી ગયો છે.

**સંજુને પ્લેયર ઑફ ધ ટુર્નામેન્ટનો એવોર્ડ મળ્યો**

સંજુ સેમસને T20 વર્લ્ડ કપમાં 5 ઈનિંગ્સમાં 321 રન બનાવીને ભારતને ટાઈટલ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને તે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બન્યો હતો. જ્યારે વન-ડે અને ટેસ્ટ ટીમના કેપ્ટન શુભમન ગિલને T20 વર્લ્ડ કપની ટીમમાં જગ્યા મળી નહોતી.




# રશ્મિકા મંદાનાની પ્રાઈવેટ ઓડિયો ક્લિપ લીક!

**મુંબઈ, તા.14**

રશ્મિકા મંદાનાની એક જૂની ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા પછી હવે એક્ટ્રેસે આ સમગ્ર મામલે પોતાનું મૌન તોડ્યું છે. રશ્મિકાએ તેને પોતાની પ્રાઈવસીનું ગંભીર ઉલ્લંઘન ગણાવતા કન્ટેન્ટ ફેલાવનારાઓને સખત ચેતવણી આપી છે. તેણે કહ્યું છે કે જો 24 કલાકની અંદર આ ઓડિયોને હટાવવામાં નહીં આવે, તો તે કાનૂની કાર્યવાહી કરવા માટે મજબૂર થશે. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક લાંબી નોટ શેર કરતા જણાવ્યું કે જે ઓડિયો ક્લિપ ઈન્ટરનેટ પર વાઈરલ થઈ રહી છે, તે લગભગ આઠ વર્ષ જૂની એક ખાનગી વાતચીતનો ભાગ લાગે છે. રશ્મિકા મુજબ, આ વાતચીત કદાચ તેમાં સામેલ લોકોની જાણકારી કે સહમતિ વિના રેકોર્ડ કરવામાં આવી હતી અને હવે તેને ખોટા સંદર્ભમાં ફેલાવવામાં આવી રહી છે. પોતાના નિવેદનમાં રશ્મિકાએ એમ પણ કહ્યું કે છેલ્લા ઘણા વર્ષોથી તે મીડિયાના એક ભાગ અને સોશિયલ મીડિયા પર કેટલાક લોકો દ્વારા ફેલાવવામાં આવતી ખોટી માહિતી,ટ્રોલ અને ટાર્ગેટેડ એટેકનો સામનો કરી રહી છે. તેણે લખ્યું કે ઘણીવાર તેની વાતોને તોડી-મરોડીને રજૂ કરવામાં આવી, જ્યારે કેટલાક નિવેદનો એવા પણ તેના નામથી ફેલાવવામાં આવ્યા જે તેણે ક્યારેય આપ્યા જ નહોતા. રશ્મિકાએ જણાવ્યું કે અત્યાર સુધી તેમણે આ બધી વાતોને અવગણવી જ વધુ સારી સમજી હતી અને ચૂપ રહેવાનું પસંદ કર્યું હતું, પરંતુ છેલ્લા 24 કલાકમાં જે બન્યું તેણે તેમની સહનશીલતાની સીમા પાર કરી દીધી. તેણે કહ્યું કે આ વિવાદને કારણે તેના પરિવાર અને નજીકના લોકોને પણ બિનજરૂરી પરેશાની ભોગવવી પડી રહી છે, જ્યારે તેનો આ મામલા સાથે કોઈ સંબંધ નથી. એક્ટ્રેસે વાઈરલ ઓડિયોને ભ્રામક અને બદનક્ષીભર્યો ગણાવતા મીડિયા પ્લેટફોર્મ્સ, ઈન્ફ્લુએન્સર્સ અને સોશિયલ મીડિયા યુઝર્સને અપીલ કરી છે કે તે આ કન્ટેન્ટને તરત જ હટાવી દે અને આગળ શેર ન કરે. તેણે સ્પષ્ટ કહ્યું કે જો 24 કલાકની અંદર આવું કરવામાં નહીં આવે તો તેઓ આ મામલે કાયદેસરના પગલાં ભરવાથી પાછળ નહીં હટે. પોતાની પોસ્ટના અંતમાં રશ્મિકાએ પોતાના ફેન્સ અને સપોર્ટર્સનો આભાર માન્યો. તેણે લખ્યું કે જે લોકોએ મુશ્કેલ સમયમાં તેને સમજણ, પ્રેમ અને સમર્થન આપ્યું છે, તેના માટે તે હંમેશા આભારી રહેશે. રશ્મિકાએ એમ પણ કહ્યું કે પોતાની ગરિમા, પ્રાઈવસી અને માનસિક શાંતિની રક્ષા માટે અવાજ ઉઠાવવો હવે જરૂરી બની ગયો હતો. પોતાના નિવેદનમાં રશ્મિકાએ એમ પણ કહ્યું કે છેલ્લા ઘણા વર્ષોથી તે મીડિયાના એક ભાગ અને સોશિયલ મીડિયા પર કેટલાક લોકો દ્વારા ફેલાવવામાં આવતી ખોટી માહિતી,ટ્રોલ અને ટાર્ગેટેડ એટેકનો સામનો કરી રહી છે. તેણે લખ્યું કે ઘણીવાર તેની વાતોને તોડી-મરોડીને રજૂ કરવામાં આવી, જ્યારે કેટલાક નિવેદનો એવા પણ તેના નામથી ફેલાવવામાં આવ્યા જે તેણે ક્યારેય આપ્યા જ નહોતા. રશ્મિકાએ જણાવ્યું કે અત્યાર સુધી તેમણે આ બધી વાતોને અવગણવી જ વધુ સારી સમજી હતી અને ચૂપ રહેવાનું પસંદ કર્યું હતું, પરંતુ છેલ્લા 24 કલાકમાં જે બન્યું તેણે તેમની સહનશીલતાની સીમા પાર કરી દીધી. તેણે કહ્યું કે આ વિવાદને કારણે તેના પરિવાર અને નજીકના લોકોને પણ બિનજરૂરી પરેશાની ભોગવવી પડી રહી છે, જ્યારે તેનો આ મામલા સાથે કોઈ સંબંધ નથી. એક્ટ્રેસે વાઈરલ ઓડિયોને ભ્રામક અને બદનક્ષીભર્યો ગણાવતા મીડિયા પ્લેટફોર્મ્સ, ઈન્ફ્લુએન્સર્સ અને સોશિયલ મીડિયા યુઝર્સને અપીલ કરી છે કે તે આ કન્ટેન્ટને તરત જ હટાવી દે અને આગળ શેર ન કરે. તેણે સ્પષ્ટ કહ્યું કે જો 24 કલાકની અંદર આવું કરવામાં નહીં આવે તો તેઓ આ મામલે કાયદેસરના પગલાં ભરવાથી પાછળ નહીં હટે. પોતાની પોસ્ટના અંતમાં રશ્મિકાએ પોતાના ફેન્સ અને સપોર્ટર્સનો આભાર માન્યો. તેણે લખ્યું કે જે લોકોએ મુશ્કેલ સમયમાં તેને સમજણ, પ્રેમ અને સમર્થન આપ્યું છે, તેના માટે તે હંમેશા આભારી રહેશે. રશ્મિકાએ એમ પણ કહ્યું કે પોતાની ગરિમા, પ્રાઈવસી અને માનસિક શાંતિની રક્ષા માટે અવાજ ઉઠાવવો હવે જરૂરી બની ગયો હતો.

# 'નવા કલાકારોનું શોષણ કરીને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાય છે' : તનુશ્રી દત્તાએ ગ્લેમર પાછળના ગંદા ખેલની પોલ ખોલી

**મુંબઈ, તા.14**

ફિલ્મ 'આશિક બનાયા આપને'થી ફેન્સના દિલમાં ખાસ સ્થાન બનાવનાર તનુશ્રી દત્તાએ લાંબા સમયથી ફિલ્મોથી અંતર જાળવી લીધું છે. જો કે, અવારનવાર તે વિવિધ નિવેદનો આપીને લાઈમલાઈટમાં રહેવાનો પ્રયત્ન કરતી રહે છે. તાજેતરમાં જ તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રી (શોબિઝ) માં નવા કલાકારોના શોષણને લઈને ગંભીર દાવા કર્યા છે. તેણે કહ્યું કે, 'મનોરંજન જગતમાં ઘણા નવા લોકોનું શોષણ થાય છે અને કેટલાકને તો દેહ વ્યાપાર સુધી ધકેલી દેવામાં આવે છે.'

યુટ્યુબ ચેનલ 'મેરી સહેલી' સાથેની વાતચીતમાં તનુશ્રીએ કહ્યું કે, 'ઈન્ડસ્ટ્રીમાં આવતા ઘણા નવા લોકોને પહેલા વખાણ અને મોટા વાયદાઓથી આકર્ષિત કરવામાં આવે છે. કોઈને કહેવામાં આવે છે કે, તમે હિરોઈન બનશો કે મોટા સ્ટાર બનશો, પરંતુ ઘણીવાર આ જ વાતો આગળ જતાં એક જાળની શરૂઆત બની જાય છે.' તનુશ્રીએ કહ્યું, 'ઘણા લોકો પહેલા નવા કલાકારોના વખાણ કરે છે



અને પછી તેમને અલગ-અલગ લોકો સાથે મળવા માટે કહે છે. આવા માહોલમાં કલાકારોને ખૂબ સંયમ અને સાવધાની સાથે આગળ વધવું પડે છે.'

# બાદશાહની ધરપકડનો આદેશ! : મહિલા આયોગના અધ્યક્ષે કહ્યું- SP તરત જ પાસપોર્ટ જપ્ત કરે; 'ટિટરી' સોંગ વિવાદમાં સિંગર હાજર ન થયા



**પાણીપત, તા.14**

'ટટીરી' સોંગ વિવાદને લઈને હરિયાણા મહિલા આયોગે બોલિવૂડ સિંગર-રેપર બાદશાહને ધરપકડ કરવાનો આદેશ આપ્યો. જાહેર કરાયેલા બાદશાહ શુક્રવારે સમ્મન પર પાણીપતમાં હાજર રહ્યા નહોતા. તેના વકીલોએ દલીલ કરી કે કોઈ પ્રોફેશનલ કમિટમેન્ટમાં વ્યસ્ત હોવાને કારણે બાદશાહ આવી શક્યો નહોતો. આયોગ પાસેથી આગળનો સમય માંગવામાં આવ્યો.

આના પર મહિલા આયોગના અધ્યક્ષ રેણુ ભાટિયા ગુસ્સે થયા. તેમણે ચેતવણી આપી- જો બાદશાહ 3 વાગ્યા સુધીમાં હાજર નહીં થાય તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. 3 વાગ્યા સુધીમાં બાદશાહના વકીલ ફરી પહોંચ્યા અને સમય માંગ્યો.

આના પર આયોગના અધ્યક્ષે પંચકુલા અને પાણીપત SPને બાદશાહની ધરપકડ અને પાસપોર્ટ જપ્ત કરવાના નિર્દેશ આપ્યા. તેમણે કહ્યું કે બાદશાહ દેશ છોડીને ન જાય. મહિલાઓ અને દીકરીઓને બચાવવા માટે હવે આયોગ કડક પગલાં લેવા આગળ આવ્યું છે.

'ટટીરી' સોંગના વાંધાજનક ગીતો અને છોકરીઓના શોટ્સને લઈને મહિલા આયોગે તેમને 6 માર્ચે નોટિસ મોકલીને પાણીપત SP ઓફિસમાં હાજર થવા જણાવ્યું હતું.

# 5 દિવસ પછી કોમર્શિયલ LPG સિલિન્ડરની સપ્લાય ફરી શરૂ:સરકારે કહ્યું- ઉતાવળમાં બુકિંગ ન કરો; દિલ્હીની હોટલો-રેસ્ટોરન્ટ્સ કચરામાંથી ઉત્પાદિત ગેસનો ઉપયોગ કરે

નવી દિલ્હી, તા.14



સરકારે પાંચ દિવસ પછી કોમર્શિયલ LPG સિલિન્ડર પરનો પ્રતિબંધ હટાવી લીધો છે. પેટ્રોલિયમ મંત્રાલયે શનિવારે જાહેરાત કરી હતી કે દેશના 29 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોમર્શિયલ સિલિન્ડરનું વિતરણ ફરી શરૂ થઈ ગયું છે. સરકારે 9 માર્ચે કોમર્શિયલ સિલિન્ડરના પુરવઠા પર પ્રતિબંધ લાદ્યો હતો. બિહારમાં ગેસ સિલિન્ડરની અછતને કારણે લાકડા-કોલસાની માગ વધી ગઈ છે. રાજસ્થાનમાં હોટલ લાકડા પર રસોઈ બનાવી રહ્યા છે. ગેસ સિલિન્ડરની કાળાબજારી અને સંગ્રહખોરી પણ થઈ રહી છે. ઘણી જગ્યાએ 2 હજારનો કોમર્શિયલ સિલિન્ડર 4 હજાર રૂપિયામાં વેચાઈ રહ્યો છે. આ સાથે જ સિલિન્ડર જપ્ત કરવાની કાર્યવાહી પણ થઈ રહી છે. તેને રોકવા માટે સરકાર MP-UP, કર્ણાટક-તમિલનાડુમાં ગોદામો પર દરોડા પાડી રહી છે. જોકે, સરકારનો દાવો છે કે દેશમાં ઈંધણની કોઈ અછત નથી અને લોકોને ગભરાવાની જરૂર નથી. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ પણ સંસદમાં કહ્યું છે કે બધું નિયંત્રણમાં છે.

**સરકારે કહ્યું- દિલ્હીની હોટલ-રેસ્ટોરન્ટ કચરામાંથી બનેલી ગેસનો ઉપયોગ કરે**

પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મિનિસ્ટ્રીના જોઈન્ટ સેક્રેટરી (માર્કેટિંગ અને ઓઈલ રિફાઈનરી) સુજાતા શર્માએ જણાવ્યું કે, હવે દિલ્હી-NCR ની ઈન્ડસ્ટ્રીઝ, હોટલ, રેસ્ટોરન્ટ અને અન્ય સંસ્થાઓને એક મહિના માટે નેચરલ ગેસને બદલે બાયોમાસમાંથી બનેલા પેલેટ્સ, ખાસ કરીને રિફ્યુઝ ડિરાઈવ્ડ ફ્યુઅલ (RDF) પેલેટ્સના અસ્થાયી ઉપયોગની મંજૂરી આપી દેવામાં આવી છે. કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ એટલે કે CAQM એ આ આદેશ જાહેર કર્યો છે. રિફ્યુઝ-ડિરાઈવ્ડ ફ્યુઅલ (RDF) હકીકતમાં કચરામાંથી બનાવવામાં આવેલું એક પ્રકારનું બળતણ છે. તેમાં નગરપાલિકા અને ઈન્ડસ્ટ્રીઝમાંથી નીકળતા સૂકા કચરા- જેમ કે પ્લાસ્ટિક, કાગળ, કાપડ અને લાકડાને પ્રોસેસ કરવામાં આવે છે.

**LPG લઈને આવી રહેલા બે ભારતીય જહાજોએ હોર્મુઝ રૂટ પાર કર્યો**

અખાતી દેશોમાંથી LPG લઈને આવી રહેલા બે ભારતીય જહાજો શનિવારે સવારે સુરક્ષિત રીતે હોર્મુઝ રૂટ પાર કરી ગયા છે. આ વિસ્તાર હાલમાં યુદ્ધની ઝપેટમાં છે. શિપિંગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશ કુમાર સિન્હાએ મીડિયાને જણાવ્યું કે LPG જહાજ 'શિવાલિક' અને 'નંદા દેવી' હવે ગુજરાતના મુંદ્રા અને કંડલા બંદર તરફ આગળ વધી રહ્યા છે. તેમણે કહ્યું કે આ જહાજોમાં 92,700 ટન LPG છે અને તેમના 16 કે 17 માર્ચ સુધીમાં ભારતીય બંદરો પર પહોંચવાની સંભાવના છે. માનવામાં આવે છે કે તેનાથી ગેસની અછત ઓછી થઈ શકે છે. આ બંને જહાજો તે 24 જહાજોમાં સામેલ હતા, જે આ વિસ્તારમાં યુદ્ધ શરૂ થયા ત્યારથી જ હોર્મુઝ રૂટના પશ્ચિમી ભાગમાં ફસાયેલા હતા.

# 1 એપ્રિલથી રોકડમાં ટોલ ચૂકવી શકાશે નહીં:ફાસ્ટેગ કે UPIથી જ થશે પેમેન્ટ, રોકડ વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવાની તૈયારી

મુંબઈ, તા.14




નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દેશના ટોલ પ્લાઝાને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાની તૈયારી કરી રહી છે. 1 એપ્રિલ 2026થી નેશનલ હાઈવેના તમામ ટોલ પ્લાઝા પર રોકડ વ્યવહારો સંપૂર્ણપણે બંધ કરી શકાય છે. આ પછી ટોલની ચુકવણી ફક્ત ફાસ્ટેગ (FASTag) અથવા UPI જેવા ડિજિટલ માધ્યમો દ્વારા જ થઈ શકશે. NHAIનો ઉદ્દેશ્ય ટોલ ઓપરેશનને વધુ પારદર્શક અને સચોટ બનાવવાનો છે. હાલમાં દેશના 1,150થી વધુ ટોલ પ્લાઝા પર ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમ લાગુ છે. NHAI અનુસાર ટોલ પ્લાઝા પર રોકડ ચુકવણીને કારણે ઘણીવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. ખાસ કરીને પીક અવર્સ (ભીડના સમય)માં રોકડ વ્યવહારને કારણે વાહનોની લાંબી કતારો લાગી જાય છે અને છૂટા પૈસાને લઈને વિવાદ પણ થાય છે. ડિજિટલ પેમેન્ટ સંપૂર્ણપણે ફરજિયાત થવાથી આ સમસ્યા રહેશે નહીં.

**98% વાહનો પર પહેલેથી જ FASTag લાગેલું છે**

દેશમાં FASTagનો ઉપયોગ ખૂબ ઝડપથી વધ્યો છે. આંકડાઓ અનુસાર, હાલમાં 98%થી વધુ વાહનોમાં FASTag લાગેલું છે. નેશનલ હાઈવે શુલ્ક નિયમો અનુસાર, જો કોઈ વાહન એક્ટિવ FASTag વગર ટોલ પ્લાઝાની FASTag લેનમાં જાય છે અને રોકડ ચુકવણી કરે છે, તો તેની પાસેથી બમણો ટોલ વસૂલવામાં આવે છે. જ્યારે, જો કોઈ યુઝર UPI દ્વારા ચુકવણી કરે છે, તો તેને લાગુ ટોલ દરના 1.25 ગણો ચાર્જ ચૂકવવો પડે છે. NHAIનું આ પગલું દેશના 1,150થી વધુ ટોલ પ્લાઝા અને એક્સપ્રેસવે પર લાગુ પડશે. ઓથોરિટીનું માનવું છે કે સંપૂર્ણપણે ડિજિટલ ટ્રાન્ઝેક્શન થવાથી ડેટા મેનેજમેન્ટમાં સરળતા રહેશે.

# 2026માં લેપટોપ 40% સુધી મોંઘા થશે!:AI લેપટોપની વધતી માંગે ભાવ વધાર્યો, ખરીદતી વખતે આ બાબતોનું ખાસ ધ્યાન રાખવું

મુંબઈ, તા.14



છેલ્લા એક વર્ષમાં ટેકનોલોજીમાં AI સૌથી મોટો સેલિંગ પોઈન્ટ બનીને ઉભરી આવ્યું છે. હવે માત્ર ફોન જ નહીં, ટીવી, ફ્રિજ, એસી અને અહીં સુધી કે વોટર પ્યુરિફાયર પણ AI ટેગ સાથે વેચાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં કંપનીઓ AI લેપટોપને ભવિષ્યની જરૂરિયાત જણાવી રહી છે. આ જ કારણ છે કે, વૈશ્વિક AI બૂમના કારણે મેમરી, સ્ટોરેજ અને CPU જેવા મુખ્ય કમ્પોનન્ટ મોંઘા થઈ રહ્યા છે, જેનાથી 2026માં લેપટોપની કિંમતોમાં 35 થી 40% નો વધારો જોવા મળી શકે છે. શું ખરેખર AI લેપટોપ આપણી જરૂરિયાત છે?

**સામાન્ય લેપટોપ અને AI લેપટોપ વચ્ચેનો તફાવત**

**AI લેપટોપમાં ત્રણ ચિપ્સ, સામાન્યમાં બે**

સામાન્ય લેપટોપમાં બે ચિપ હોય છે. CPU અને GPU. AI લેપટોપમાં આની સાથે ત્રીજો ખાસ પ્રોસેસર જોડાય છે, જેને NPU કહે છે. આ AI સંબંધિત કાર્યો માટે બનેલું હોય છે, જેમ કે ઈમેજ ઓળખવી, ભાષા સમજવી, ટેક્સ્ટ પ્રોસેસિંગ વગેરે. NPU AI કામ સીધા લેપટોપ પર જ કરી દે છે. એટલે કે દર વખતે ઈન્ટરનેટ પર નિર્ભર રહેવાની જરૂર પડતી નથી.

**AI લેપટોપમાં આ ચાર ફીચર્સ વધારાના**

લાઈવ ટ્રાન્સલેશન-સબટાઈટલ: વીડિયો કૉલ દરમિયાન ભાષાને ટેક્સ્ટમાં બદલી શકે છે. એટલે કે સામેવાળો જર્મનમાં બોલે અને તમને અંગ્રેજીમાં સમજાય.

લોકલ AI આસિસ્ટન્ટ: ફાઈલ શોધવા, ટેક્સ્ટ લખવા, ફોટો-વીડિયો એડિટ કરવા જેવા કામ ઈન્ટરનેટ વિના પણ ઝડપથી થઈ શકે છે.

સ્માર્ટ વીડિયો કૉલિંગ: ઑટો બેકગ્રાઉન્ડ બ્લર કરી દે છે, ચહેરા પર ફોકસ થાય છે અને નોઈસ કેન્સલેશનથી મીટિંગ્સ વધુ પ્રોફેશનલ લાગે છે.

બેટર બેટરી-સ્મૂધ પર્ફોર્મન્સ: AI પ્રોસેસિંગ NPU સંભાળે છે, તેથી CPU-GPU પર દબાણ ઓછું પડે છે. બેટરી અને સ્પીડ બંને સારી રહે છે.

**લેપટોપ ખરીદતી વખતે આ બાબતોનું ધ્યાન રાખો**

સામાન્ય યુઝર્સ - ઓફિસ, અભ્યાસ, મનોરંજન માટે

જો તમારું કામ ઈન્ટરનેટ સર્ફ કરવા, ઈમેઈલ, ઑનલાઈન ક્લાસ, વીડિયો જોવા કે ફોટો-એડિટિંગ સુધી સીમિત છે, તો AI લેપટોપની જરૂર નથી. નોર્મલ લેપટોપથી કામ થઈ જશે. આ ફીચર્સ પર ધ્યાન આપો.

8-16 GB રેમ રોજિંદા ઉપયોગ માટે પૂરતી છે.

સ્ટોરેજ - 512 GB હોવી જોઈએ.

સારી બેટરી લાઈફ - 6-8 કલાક કે તેથી વધુ હોવી જોઈએ.

પાવર યુઝર્સ - પ્રોફેશનલ, ક્રિએટર, ડેવલપર્સ માટે

જો તમારું કામ કોડિંગ, AI ટૂલ્સ, ડેટા સાયન્સ, વીડિયો એડિટિંગ, 3D ડિઝાઈન અથવા મલ્ટિટાસ્કિંગ સાથે સંકળાયેલું છે, તો AI ફરક લાવી શકે છે. આ સુવિધાઓને પ્રાધાન્ય આપો.

# શું તમે પણ છુપાઈ-છુપાઈને વારંવાર પોર્ન જુઓ છો?:વીડિયો જોયા વગર સૂઈ નથી શકતા? સાઈકિયાટ્રિસ્ટ પાસેથી જાણો 'ગંદી' ટેવમાંથી કેવી રીતે છુટકારો મેળવો

## પોર્ન એડિક્શન' અથવા 'પોર્નની લત' જેવા શબ્દોનો વારંવાર ઉપયોગ થાય છે

મુંબઈ, તા.14




પ્રશ્ન- મારી ઉંમર 32 વર્ષ છે. હું એક આઈટી પ્રોફેશનલ છું. મારી સમસ્યા ખૂબ જ અંગત છે. મને પોર્નની લત છે. એના વગર હું રાત્રે સૂઈ શકતો નથી. શરૂઆતમાં તો આ કોઈ સમસ્યા લાગતી નહોતી, પરંતુ હવે લાગે છે કે આ આદતની અસર મારા સંબંધો પર પડી રહી છે. હું જે પણ છોકરીને ડેટ કરું છું, તે મને છોડીને જતી રહે છે. તેનું કહેવું છે કે હું રિલેશનમાં મારી પ્રેસન્ટ (હાજરી) નથી. હું પણ આ વાત જાણું છું કે મને કોઈ છોકરીની સંગત કરતાં મારી પોતાની સંગત વધુ ગમે છે. સત્ય તો એ છે કે સેક્સ્યુઅલ પ્લેઝર માટે પણ મને ગર્લફ્રેન્ડની જરૂરિયાત બહુ વધારે લાગતી નથી. મારા એક નજીકના મિત્રનું કહેવું છે કે આ સામાન્ય નથી અને મારે થેરાપિસ્ટ પાસે જવું જોઈએ. તમે કૃપા કરીને મને માર્ગદર્શન આપો કે હું શું કરું? નિષ્ણાત- ડૉ. દ્રોણ શર્મા, કન્સલ્ટન્ટ સાઈકિયાટ્રિસ્ટ, આયર્લેન્ડ, યુકે. યુકે, આઈરિશ અને જિબ્રાલ્ટર મેડિકલ કાઉન્સિલના સભ્ય.

પ્રશ્ન પૂછવા બદલ તમારો આભાર. આ ડિજિટલ યુગમાં પોર્નોગ્રાફી ખૂબ જ સરળતાથી ઉપલબ્ધ છે. તેનો વ્યાપકપણે ઉપયોગ પણ થાય છે. તેથી ઘણા વ્યક્તિઓ અને યુગલો આ અંગે થોડા ચિંતિત હોય છે કે ક્યાંક તે માનસિક સ્વાસ્થ્ય, આત્મીયતા અને સંબંધો પર નકારાત્મક અસર ન કરે.

**પોર્ન પોતે સમસ્યા નથી**

'પોર્ન એડિક્શન' અથવા 'પોર્નની લત' જેવા શબ્દોનો વારંવાર ઉપયોગ થાય છે. પરંતુ એડિક્શન શબ્દનો ઉપયોગ ઘણીવાર વધુ જટિલ વાસ્તવિકતાને સરળ બનાવી શકે છે. અમેરિકન સાયકોલોજિકલ એસોસિએશનનું એક સંશોધન આના પર પ્રકાશ પાડે છે, જે મુજબ પોર્ન જોવું કેટલાક લોકો માટે સમસ્યા બની શકે છે, પરંતુ તે ભાગ્યે જ ક્યારેય પોતે મૂળ સમસ્યા કે મુખ્ય સમસ્યા હોય છે. તેની પાછળ હંમેશા કોઈ છુપાયેલું ભાવનાત્મક, સંબંધિત કારણ અથવા કોઈ આંતરિક સંઘર્ષ હોય છે.

**પોર્ન કોઈ સમસ્યા નથી હોતી**

આંતરરાષ્ટ્રીય અભ્યાસો દર્શાવે છે કે સમગ્ર વિશ્વમાં મોટી સંખ્યામાં પુરુષો અને સ્ત્રીઓ પોર્ન જુએ છે, પરંતુ તેનાથી તેને કોઈ નુકસાન થતું નથી. સમસ્યા ત્યારે ઊભી થાય છે, જ્યારે પોર્નની લત લાગી જાય, જ્યારે તે એક અનિવાર્ય અને ગુપ્ત વર્તન બની જાય અને જ્યારે વાસ્તવિક જીવનના સંબંધો પર તેની નકારાત્મક અસર થવા લાગે. સાથે જ તે જાતીય આનંદ, સંતોષ અને ભાવનાત્મક સ્વાસ્થ્યને નકારાત્મક રીતે અસર કરવા લાગે. ઉપરાંત, આ સંકેતો દર્શાવે છે કે પોર્ન જોવાની આદત સમસ્યા બની રહી છે. વિગતો નીચે ગ્રાફિકમાં જુઓ-

**પોર્નની બ્રેઈન પર અસર**

આપણા મગજમાં રિવોર્ડ સિસ્ટમ ઈનબિલ્ટ હોય છે, જે હેપ્પી હોર્મોન્સ રિલીઝ કરે છે. જ્યારે કોઈ ખૂબ લાંબા સમય સુધી અને ખૂબ વધારે માત્રામાં પોર્ન જુએ છે, ત્યારે તેનાથી મગજની રિવોર્ડ સિસ્ટમ પ્રભાવિત થાય છે. તેનું પરિણામ એ આવે છે કે વાસ્તવિક જીવનમાં ઈન્ટિમસીથી મળતી ખુશી અને સંતોષ ઓછો થઈ જાય છે. સાથે જ સેક્સને લઈને અવાસ્તવિક પ્રકારની અપેક્ષાઓ પેદા થાય છે.

તેથી આગળ વધતા પહેલા હું એ જ કહેવા માંગીશ કે શરમ કે અપરાધ-બોધ અનુભવવાને બદલે તમે સમસ્યાને સમજવાનો અને તેના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કરો. કેટલાક સેલ્ફ એસેસમેન્ટ ટૂલ્સ અને સેલ્ફ હેલ્પ ટૂલ્સ દ્વારા હું તમારી મદદ કરવાનો પ્રયાસ કરીશ.

# ભારતીય મૂળના આશા શર્મા માઈક્રોસોફ્ટ ગેમિંગના CEO બન્યા

## :40 વર્ષ સુધી કંપની સાથે રહેલા ફિલ સ્પેન્સરનું સ્થાન લેશે; સત્ય નડેલાને રિપોર્ટ કરશે

મુંબઈ, તા.14



ભારતીય મૂળના આશા શર્માને માઈક્રોસોફ્ટ ગેમિંગના નવા સીઈઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ લાંબા સમયથી આ પદ સંભાળી રહેલા ફિલ સ્પેન્સરનું સ્થાન લેશે. સ્પેન્સર લગભગ 40 વર્ષ સુધી કંપની સાથે રહ્યા પછી નિવૃત્ત થઈ રહ્યા છે. તેઓ માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નડેલાને રિપોર્ટ કરશે. આશા શર્મા માઈક્રોસોફ્ટ ગેમિંગની કમાન સંભાળતા પહેલા કંપનીના જ AI પ્લેટફોર્મ અને પ્રોડક્ટ લીડરશીપ ટીમનો ભાગ હતા. આ પહેલા તેઓ જાણીતી ડિલિવરી ફર્મ 'ઈન્સ્ટાકાર્ટ'માં ચીફ ઓપરેટિંગ ઓફિસર અને 'મેટા'માં પ્રોડક્ટ લીડરશીપ જેવા મહત્વના પદો પર રહી ચૂક્યા છે.

આશાએ મિનેસોટા યુનિવર્સિટીના કાર્લસન સ્કૂલ ઓફ મેનેજમેન્ટમાંથી બિઝનેસની ડિગ્રી લીધી છે. તેમને બિઝનેસને સ્કેલ કરવા અને મુશ્કેલ સમયમાં ટીમોનું નેતૃત્વ કરવાના નિષ્ણાત માનવામાં આવે છે.

આશા શર્મા માઈક્રોસોફ્ટ ગેમિંગની કમાન સંભાળતા પહેલા કંપનીના જ AI પ્લેટફોર્મ અને પ્રોડક્ટ લીડરશિપ ટીમનો ભાગ હતા.

આશા શર્મા માઈક્રોસોફ્ટ ગેમિંગની કમાન સંભાળતા પહેલા કંપનીના જ AI પ્લેટફોર્મ અને પ્રોડક્ટ લીડરશિપ ટીમનો ભાગ હતા.

**નિયુક્તિ પછી પહેલો સત્તાવાર મેમો કલ્યો**

આશાએ પોતાનો પહેલો સત્તાવાર મેમો મોકલ્યો છે, જેમાં તેમણે એક્સબોક્સના ભવિષ્ય અને ગેમિંગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગને લઈને પોતાનું વિઝન સ્પષ્ટ કર્યું છે.

તેમણે કહ્યું કે આજે હું માઈક્રોસોફ્ટ ગેમિંગના CEO તરીકે મારી નવી જવાબદારી શરૂ કરી રહી છું. હું આ સમયે બે વસ્તુઓ એકસાથે અનુભવી રહી છું: નમ્રતા અને કામ પ્રત્યેની ઝડપ.

નમ્રતા એટલા માટે કારણ કે આ ટીમે દાયકાઓની મહેનતથી કંઈક ખૂબ જ શાનદાર ઊભું કર્યું છે. અને કામમાં ઝડપ એટલા માટે કારણ કે ગેમિંગની દુનિયા ઘણા બદલાવોમાંથી પસાર થઈ રહી છે. મારું પહેલું કામ ખૂબ જ સીધું છે: તે સમજવું કે આ બધું કેવી રીતે કામ કરે છે અને તેને સુરક્ષિત રાખવું.

તેની શરૂઆત ત્રણ વચનો સાથે થાય છે

1. પહેલું, શ્રેષ્ઠ ગેમ્સ

દરેક વસ્તુની શરૂઆત અહીંથી થાય છે. આપણે બીજું કંઈ કરીએ તે પહેલાં, આપણી પાસે એવી ગેમ્સ હોવી જોઈએ જેને ખેલાડીઓ પસંદ કરે. યાદગાર પાત્રો, દિલને સ્પર્શી જાય તેવી વાર્તાઓ, રમવાની નવી રીત અને શ્રેષ્ઠ સર્જનાત્મકતા. અમે અમારા સ્ટુડિયોને વધુ તાકાત આપીશું, મોટી બ્રાન્ડ્સમાં રોકાણ કરીશું અને નવા વિચારોને ટેકો આપીશું. અમે જોખમ લઈશું.

# GPS હવે નબળું પડ્યું!:હેકિંગ-જામિંગના જોખમ વચ્ચે AI અને ક્વોન્ટમ નેવિગેશન સિસ્ટમ વિકસાવવાની દોડ

મુંબઈ, તા.14



દુનિયાની સૌથી ભરોસાપાત્ર લોકેશન ટેકનિક ગણાતી જીપીએસ પ્રણાલી હવે નબળી પડતી દેખાઈ રહી છે. અમેરિકાએ સ્પેસ રેસ દરમિયાન તેને વિકસિત કરી હતી, પરંતુ 'વોલસ્ટ્રીટ જર્નલ'ના રિપોર્ટ અનુસાર, તે ખૂબ જ નબળા સેટેલાઈટ સિગ્નલ પર નિર્ભર કરે છે, જેને બ્લોક કે જામ કરવું પ્રમાણમાં સરળ છે. આવી સ્થિતિમાં દુનિયાના મોટા સ્ટાર્ટઅપ્સ તેના વિકલ્પો બનાવવાની તૈયારી શરૂ કરી ચૂક્યા છે.

**જીપીએસના વિકલ્પ પર કામ ચાલુ**

એન્જિનિયરો લાંબા સમયથી એવી ટેકનિકો પર કામ કરી રહ્યા છે, જે સેટેલાઈટ પર નિર્ભર ન હોય. ક્વોન્ટમ નેવિગેશન: આ ટેકનિક પૃથ્વીના મેગ્નેટિક ફિલ્ડ અને માઈક્રો ઈમ્પ્રુવમેન્ટ્સને માપીને લોકેશન નક્કી કરે છે. બ્રિટનની કંપની Q-CTRL આના પર કામ કરી રહી છે. AI-આધારિત વિઝ્યુઅલ નેવિગેશન: આ સિસ્ટમ કેમેરાથી આસપાસના દૃશ્યો ઓળખીને રસ્તો નક્કી કરે છે. કેમેરા ઈમારતો, રસ્તાઓ, પહાડો, લેન્ડમાર્ક ઓળખે છે અને AI તેમને મેપ સાથે સરખાવીને લોકેશન શોધે છે. તે ઈમારતોની ઊંચાઈ અને માળની સંખ્યાનો પણ અંદાજ લગાવી શકે છે. ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ: આ સેન્સર આધારિત સિસ્ટમ છે, જે એક્સેલરોમીટર અને ગાયરોસ્કોપથી એ પણ શોધી કાઢે છે કે, વાહન કેટલી ગતિમાં ચાલ્યું.

**જામિંગથી બની રહ્યા છે 'જીપીએસ ડેડ ઝોન'**

રશિયા-યુક્રેન સરહદ અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં જીપીએસ જામિંગ સામાન્ય બની રહ્યું છે. નાના-નાના જામર, જેમની કિંમત 100 ડોલરથી પણ ઓછી હોઈ શકે છે, હજારો કિલોમીટર દૂરથી આવતા સેટેલાઈટ સિગ્નલને દબાવી દે છે. આ જ કારણ છે કે જીપીએસ નબળું પડી રહ્યું છે.

# દિલ્હીમાં કારની ટક્કરથી ડિલિવરી બોયનું મોત : દાવો- ડ્રાઈવર નશાની હાલતમાં હતો; શકરપુર વિસ્તારમાં કારની ટક્કરથી 3 ઘાયલ

મુંબઈ, તા.14



દિલ્હીમાં શુક્રવારે મોડી રાત્રે ફુલ સ્પીડમાં આવતી કારની ટક્કરથી એક ડિલિવરી બોયનું મોત થયું. આ અકસ્માત રાત્રે 3.26 વાગ્યે સુભાષ નગર મેટ્રો રેડ લાઈટ પાસે રાજૌરી ગાર્ડન તરફ જતા રોડ પર થયો. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં હેમ શંકર (25)નું મોત થયું છે. તે રઘુબીર નગરનો રહેવાસી હતો. હેમ શંકર ઝેપ્ટોમાં કામ કરતો હતો. ટક્કરથી તેની ઈલેક્ટ્રિક સ્કૂટી સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ. પોલીસે જણાવ્યું કે ઘટના બાદ હેમ શંકરને ડીડીયુ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો. આરોપી કાર ડ્રાઈવર મોહિત કુમાર (27)ની ધરપકડ કરવામાં આવી છે. કાર પણ જપ્ત કરવામાં આવી છે. 20 ફેબ્રુઆરીએ પણ કાર ડ્રાઈવરે શકરપુર વિસ્તારમાં રોડ કિનારે ઉભેલી 5 લારીઓને ટક્કર મારી હતી. આ ઘટનામાં પણ 3 લોકો ઘાયલ થયા હતા. કાળા રંગની ક્ષતિગ્રસ્ત કાર. જેની ટક્કરથી ડિલિવરી બોયનું મૃત્યુ થયું. કાળા રંગની ક્ષતિગ્રસ્ત કાર. જેની ટક્કરથી ડિલિવરી બોયનું મૃત્યુ થયું. જનકપુરી વિસ્તારમાં સ્પીડમાં આવતી સેન્ટ્રો કારની ટક્કરથી 6 વર્ષની બાળકીનું મોત થયું હતું. ઘટના 17 ફેબ્રુઆરીની સવારે લગભગ 7.40 વાગ્યાની છે. આ ઘટનામાં બાળકીની નાની મર્સી ઝેવિયર પણ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. તેમણે જણાવ્યું હતું કે હું મારી પૌત્રીને ઈ-રિક્ષાથી સ્કૂલે મૂકવા જઈ રહી હતી. ત્યારે જ એક સ્પીડમાં આવતી કારે અમારી રિક્ષાને ટક્કર મારી. મને કંઈ સમજાય તે પહેલાં હું રસ્તા પર પડી ગઈ. જ્યારે ભાન આવ્યું ત્યારે મારી પૌત્રી મારી પાસે પડી હતી. મારો હાથ લોહીથી લથપથ હતો. ઝેવિયરે જણાવ્યું કે મેં ત્યાં હાજર લોકો પાસેથી મદદ માંગી, કારવાળાને મદદ કરવાનું કહ્યું, પરંતુ તે ભાગી ગયો. મારી કોઈએ મદદ ન કરી. સારવાર દરમિયાન બાળકીનું મૃત્યુ થયું.

# એર ઇન્ડિયા-ઇન્ડિગો પછી આકાસાની પણ ટિકિટો મોંઘી : ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પર કાલથી ₹1300 સુધી ફ્યુઅલ સરચાર્જ લાગશે

મુંબઈ, તા.14

એર ઈન્ડિયા-ઈન્ડિગો પછી હવે આકાસા એરની ફ્લાઈટ્સ પણ આવતીકાલથી મોંઘી થઈ જશે. એરલાઈન કંપનીએ રવિવારથી તમામ ઘરેલું અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર ફ્યુઅલ સરચાર્જ લગાવવાની જાહેરાત કરી છે.

આકાસા એરે જણાવ્યું કે 15 માર્ચના રોજ રાત્રે 12:01 વાગ્યા પછી બુક કરવામાં આવતી ટિકિટો પર 199 રૂપિયાથી લઈને 1,300 રૂપિયા સુધીનો વધારાનો સરચાર્જ વસૂલવામાં આવશે.

મિડલ ઈસ્ટમાં તણાવ અને અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે જેટ ફ્યુઅલ (ATF)ની કિંમતોમાં ભારે વધારાને લીધે આ પગલું ભરવું પડી રહ્યું છે.

આકાસા એરે જણાવ્યું કે જો તમે 15 માર્ચ રાત્રે 12:01 વાગ્યા પહેલા ટિકિટ બુક કરી લીધી છે, તો તમારે વધારાના પૈસા ચૂકવવા પડશે નહીં.

આ સરચાર્જ 'પર સેક્ટર' એટલે કે એક તરફની યાત્રાના હિસાબે લાગશે અને તેની રકમ ફ્લાઈટના અંતર (ફ્લાઈટ ડ્યુરેશન) પર નિર્ભર કરશે.

**ઈન્ડિગો-એર ઈન્ડિયા પણ ભાડું વધારી ચૂકી છે**

ઈન્ડિગો: ફ્યુઅલની વધતી કિંમતોના બોજને ઓછો કરવા માટે દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ શુક્રવારે સરચાર્જ વધાર્યો હતો. એરલાઈને ઘરેલું અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સની ટિકિટો પર 425થી 2300 સુધીનો સરચાર્જ લગાવ્યો. કંપનીએ એક્સ્ટ્રા ફ્યુઅલ ચાર્જ સાથે ટિકિટોની નવી કિંમતો 14 માર્ચ રાત્રે 12 વાગ્યાથી લાગુ કરી દીધી હતી.

એર ઈન્ડિયા: એર ઈન્ડિયા 12 માર્ચથી ઘરેલું ફ્લાઈટ ટિકિટો પર 399 રૂપિયાનો ફ્યુઅલ સરચાર્જ લગાવી રહી છે. જ્યારે એરલાઈને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સના ભાડામાં લગભગ 15%નો વધારો કર્યો છે. જેટ ફ્યુઅલના ભાવ સતત વધવાથી દુનિયાભરની મુખ્ય એરલાઈન્સે પણ ટિકિટોના ભાવ વધાર્યા છે. ઘણી કંપનીઓ પોતાના વિમાનોને ગ્રાઉન્ડેડ કરવાનો પ્લાન પણ બનાવી રહી છે.

**સ્પાઈસજેટે સરકાર પાસે રાહત માગી**

સ્પાઈસજેટના સ્થાપક અજય સિંહે જણાવ્યું હતું કે જો તેલના ભાવ આ જ રીતે ઊંચા રહેશે, તો એરલાઈન્સ પાસે સરચાર્જ લગાવવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં. તેમણે સરકાર પાસે માંગ કરી છે કે જેટ ફ્યુઅલ પર લાગતી એક્સાઈઝ ડ્યુટી અને વેટ (VAT)માં ઘટાડો કરવામાં આવે. તેમના મતે, તેલના ભાવ 90 ડોલર પ્રતિ બેરલથી ઉપર જવું ઉદ્યોગ માટે જોખમી છે.

**જેટ ફ્યુઅલના ભાવ 2 ગણા થયા**

28 ફેબ્રુઆરીએ શરૂ થયેલા ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ અને હોર્મુઝ રૂટ પ્રભાવિત થયા બાદથી તેલની સપ્લાય ચેઈન ખરાબ રીતે પ્રભાવિત થઈ છે. આ કારણે ક્રૂડ ઓઈલની કિંમતો સતત વધી રહી છે. બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમત આજે 103 ડોલર પ્રતિ બેરલ પર આવી ગઈ છે. તાજેતરમાં તેની કિંમત લગભગ 120 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગઈ હતી.

જ્યારે ઘણા દેશોમાં જેટ ફ્યુઅલની કિંમતો સંઘર્ષ શરૂ થયા બાદથી બમણી થઈ ગઈ છે. યુદ્ધ પહેલા જેટ ફ્યુઅલની કિંમતો લગભગ 85થી 90 ડોલર પ્રતિ બેરલ હતી, જે હવે વધીને 150થી 200 ડોલર પ્રતિ બેરલની વચ્ચે પહોંચી ગઈ છે.

# 'તોડકાંડ'ના આરોપ પછી રાજકોટમાં રાજકીય ગરમાવો : ભાજપના પૂર્વ કોર્પોરેટર શહેર પ્રમુખ પાસે ખુલાસો આપવા પહોંચ્યા; કોંગ્રેસે સર્કિટ હાઉસ પહોંચીને ગંગાજળ છાંટ્યું

**રાજકોટ, તા.14**

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે જ ભાજપના પૂર્વ કોર્પોરેટરનો કથિત લાંચની માગણી કરતા વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ખળભળાટ મચ્યો છે. શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ ખુલાસો પૂછવા અનિલ મકવાણાને આજે 14 માર્ચે કાર્યાલય પર બોલાવતા તેઓ કાર્યાલય પર પહોંચ્યા હતા. પ્રમુખ દ્વારા ત્રણ દિવસમાં ખુલાસો કરવા સૂચના આપી છે. તો બીજી તરફ અનિલ મકવાણા સર્કિટ હાઉસમાં બેસી પૈસાની લેતીદેતી કરતા હોવાનો કથિત વીડિયો સર્કિટ હાઉસનો હોવાથી કોંગ્રેસે આજે સર્કિટ હાઉસમાં ગંગાજળનો છંટકાવ કરી શુદ્ધીકરણ કર્યું હતું. સાથે જ રામધૂન બોલાવી ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતાં. આ સમયે પોલીસે તમામ કાર્યકર્તાની



ટીંગાટોળી સાથે અટકાયત કરી હતી.

**ખોટા બાંધકામ માટે લાખો રૂપિયા લેવાની વાતઃ કોંગ્રેસ**

NSUIનાં પૂર્વ પ્રમુખ અને કોંગ્રેસના નેતા આદિત્યસિંહ ગોહિલે જણાવ્યું કે, છેલ્લા 2-3 દિવસથી રાજકોટની જનતામાં અને મીડિયા દ્વારા ભાજપના પૂર્વ નગરસેવક અનિલ મકવાણા જે રીતે સામાન્ય નાગરિકો પાસેથી પ્લાન કમ્પ્લીશન અને ખોટા બાંધકામના નામે 3 લાખ, 4 લાખ અને તેમાંથી 1.50 લાખ રૂપિયા લેવાની વાતો કરી રહ્યા છે તે ગંભીર બાબત છે. સર્કિટ હાઉસના ટેબલ ઉપરથી એવું કહેવામાં આવે છે કે, કોન્ફરન્સ રૂમ ખોલી આપો, આ અમારું સર્કિટ હાઉસ છે અને અમારે અહીં બેસવાનું જ હોય.

**'જનતાને કાર્યાલયનો સંપર્ક કરવા અપીલ'**

વધુમાં તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ પક્ષ દ્વારા આજે સર્કિટ હાઉસનું શુદ્ધિકરણ કરવા માટે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. અમારી જનતાને અપીલ છે કે, જો કોઈ ભાજપના સત્તાધીશો દ્વારા તમને દબાવવામાં આવતા હોય કે તોડ કરવામાં આવતો હોય તો નાગરિકો શહેર કોંગ્રેસ કાર્યાલયનો સંપર્ક કરે, કોંગ્રેસ તેમને ન્યાય અપાવવાનું કામ કરશે.

**પોલીસે ટીંગાટોળી સાથે તમામની અટકાયત કરી**

આજે વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ સર્કિટ હાઉસમાં બેસીને રામધૂન બોલાવી હતી અને 'ભાજપ હાય હાય'ના સૂત્રોચ્ચાર કર્યા હતા. કાર્યકરોએ હાથમાં બેનરો રાખ્યા હતા, જેમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધનાં સૂત્રો અને સીસીટીવી જાહેર કરવાની માગ કરવામાં આવી હતી. આ વિરોધની જાણ થતા જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. વિરોધ કરી રહેલા કોંગ્રેસના કાર્યકરોની પોલીસ દ્વારા ટીંગટોળી કરીને અટકાયત કરવામાં આવી હતી. આ ઘટનાએ હાલ રાજકોટના રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે.

**શહેર ભાજપ પ્રમુખ 3 દિવસમાં ખુલાસો આપવા કહ્યુંઃ અનિલ મકવાણા**

વાઈરલ વીડિયો અને પોતાના પર થયેલા આક્ષેપ અંગે અનિલ મકવાણાએ જણાવ્યું કે, માધવભાઈ દવે દ્વારા તેમને ત્રણ દિવસની અંદર લેખિત ખુલાસો આપવા સૂચના આપવામાં આવી છે. સાથે જ તેમણે જણાવ્યું કે દિલીપ વાગડિયાના ગેરકાયદે બાંધકામ અંગે તેઓ અધિકારીઓને રજૂઆત કરવા જઈ રહ્યા છે.

# પિતાના અવસાનના સમાચાર વચ્ચે પુત્રીએ ધો.12 બોર્ડનું પેપર આપ્યું : પુત્રીને પરીક્ષા કેન્દ્ર પર મૂકીને પરત ફરતી સમયે ડિહાઈડ્રેશનના કારણે ચક્કર આવ્યા બાદ મોત

**સુરત, તા.14**

સુરત શહેરમાં વધતી ગરમી અને હિટવેવના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ વચ્ચે એક કરુણ ઘટના પ્રકાશમાં આવી છે. પોતાની લાડકવાઈ દીકરીને ધોરણ-12 કોમર્સની બોર્ડની પરીક્ષાના કેન્દ્ર પર મૂકીને પરત ફરી રહેલા કઠોર પ્રાથમિક શાળાના શિક્ષક રસ્તામાં જ બેભાન થઈ ઢળી પડ્યા હતા અને ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું.

**મૃતક પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા**

મળતી માહિતી પ્રમાણે, મૂળ ભાવનગર અને કામરેજ વિસ્તારમાં આવેલી અંબિકા રેસિડન્સીમાં 50 વર્ષીય ભવાનભાઈ સીથરભાઈ હડિયા પરિવાર સાથે રહેતા હતા. તેઓને સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર છે. ભવાનભાઈ કઠોર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. દીકરી દીપ્તિની હાલ ધોરણ 12 કોમર્સની બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. જેથી તે રોજ દીકરીને પરીક્ષા કેન્દ્ર પર મુકવા જતા હતા અને ત્યાંથી પરત લેવા પણ જતા હતા.

**પુત્રને મોબાઈલનું સ્ટેન્ડ આપવા જઈ રહ્યા હતા અને ઢળી પડ્યા**

ગતરોજ બપોરે ભવાનભાઈ પોતાની ધોરણ-12 કોમર્સમાં અભ્યાસ કરતી પુત્રી દિપ્તીને સેક્રેટરીયલ પ્રેક્ટિસનું બોર્ડનું પેપર હોવાથી આભ્રામા પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યા સંકુલ સ્કૂલમાં બોર્ડના પરીક્ષા કેન્દ્ર પર મોપેડ પર મૂકવા ગયા હતા. પુત્રીને પરીક્ષા કેન્દ્ર પર મુક્યા બાદ તેઓ મોટા વરાછા ખાતે એ.આર. મોલમાં આવેલી પોતાના પુત્રની ઓફિસ તરફ જવા નીકળ્યા હતા. તેઓ પુત્રને મોબાઈલનું સ્ટેન્ડ આપવા જઈ રહ્યા હતા.

**અચાનક બનેલી આ ઘટનાથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો**

મોટા વરાછા ખાતે સુદામા ચોક નજીક અતિશય ગરમીના કારણે ભવનભાઈને ડિહાઈડ્રેશન થયું હતું. જેના કારણે તેઓને ચક્કર આવતા તેઓ ચાલુ મોપેડ પરથી બેભાન થઈ રોડ પર ઢળી પડ્યા હતા. આસપાસના લોકોએ તરત જ તેમને બેભાન હાલતમાં સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. અચાનક બનેલી આ ઘટનાથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. પિતાના મોતને પગલે બંને સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. આ અંગે વધુ તપાસ ઉત્રાણ પોલીસ કરી રહી છે.

**પિતાના મોતના સમાચાર વચ્ચે પરીક્ષા આપી**

આ ઘટનામાં સૌથી વધુ હૃદયસ્પર્શી બાબત પુત્રી દિપ્તીની હિંમત રહી છે. એક તરફ પિતાના મોતના સમાચાર મળ્યા હતા, તેમ છતાં પિતાનું સપનું પૂરું કરવા દિપ્તીએ ભારે હૈયે ધીરજ રાખીને સેક્રેટરીયલ પ્રેક્ટિસનું પેપર પૂર્ણ કર્યું હતું. એટલું જ નહીં, આગામી 17મી માર્ચે આવનારું છેલ્લું પેપર પણ તે આપશે તેવો મક્કમ નિર્ધાર કર્યો છે.

# રાજકોટ AIIMSના ઈન્ટર્ન ડૉક્ટરનો આપઘાત : ટ્રેન નીચે આવી જીવન ટૂંકાવ્યું, મેન્ટલી ડિસ્ટર્બ હોવાનો સુસાઇડ નોટમાં ઉલ્લેખ

**રાજકોટ, તા.14**

રાજકોટની AIIMS હોસ્પિટલના MBBSના વિદ્યાર્થી અને ઈન્ટર્ન ડોક્ટરે પરાપીપળીયા રેલવે ફાટક પાસે આજે 14 માર્ચના વહેલી સવારે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જેમાં તેમની પાસેથી પોલીસને સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં મેન્ટલી ડિસ્ટર્બ હોવાને કારણે જીવન ટૂંકાવી દેવાનું અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ યુવાને દોઢ માસ પૂર્વે આપઘાતનો પ્રયાસ કર્યો હતો જોકે તે વખતે પરાપીપળીયાના ગ્રામજનોએ તેને બચાવી લીધો હતો, પરંતુ આ વખતે તે જ જગ્યાએ આપઘાત કરવા પહોંચેલા યુવાનને કોઈ બચાવી ન શક્યું. પુત્રના સુસાઈડની જાણ થતા રાજસ્થાન રહેતા માતા-પિતા શોકમાં ગરકાવ થઈ ગયા છે.

**સુસાઈડ નોટમાં મેન્ટલી ડિસ્ટર્બ હોવાનો ઉલ્લેખ**

મૂળ રાજસ્થાનના જેસલમેરનો અને હાલ રાજકોટની AIIMS હોસ્પિટનો MBBSનો વિદ્યાર્થી ડૉ. રતનકુમાર મોહનલાલ મેઘવાલ (ઉં.વર્ષ 25, નિવાસ સ્થાન- મેઘવાલ વાસ, જેસલમેર, રાજસ્થાન)આજે વહેલી સવારે 4 વાગ્યા આસપાસ મેડિકલ હોસ્ટેલથી નિકળ્યો હતો અને તે બાદ 4:45 વાગ્યા આસપાસ પરાપીપળીયા રેલવે ટ્રેક પાસે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. જેથી ગાંધીગ્રામ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સુસાઈડ નોટ મળી આવી છે. જેમાં પોતે મેન્ટલી ડિસ્ટર્બ હોવાને કારણે આપઘાત કરી રહ્યો હોવાનો ઉલ્લેખ છે.

**મૃતકના પરિવારને રાજસ્થાન જાણ કરાઈ**

હાલ આ યુવાનના મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યો છે. યુવાન મૂળ રાજસ્થાનનો હોવાથી તેમના માતા-પિતાને જાણ કરવામાં આવી છે.

# 'સરકારના આદેશના કારણે બે સમાજની અવગણના':સરકારી કર્મચારીની બીજી પત્નીને ગવર્નમેન્ટની હોસ્પિટલનો લાભ નહીં મળે; મુસ્લિમ આગેવાન બોલ્યા- આ મહિલાઓ સાથે અન્યાય

**ગાંધીનગર, તા.14**

10 માર્ચ 2026ના રોજ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. આ પરિપત્રમાં સરકારી કર્મચારીઓ માટે "કુટુંબ"ની વ્યાખ્યા નક્કી કરવામાં આવી છે. જેમાં એકથી વધુ પત્ની હોય તેવી સ્થિતિમાં બીજી પત્નીને સરકારી દવાખાનાની સારવારનો લાભ નહીં મળે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ત્યારે આદિવાસી નેતા ચૈતર વસાવા દ્વારા આ પરિપત્રનો વિરોધ કરવામાં આવ્યો છે અને પરિપત્ર પરત ખેંચવા માંગ કરી છે.

**બીજી પત્નીને તબીબી સારવારનો લાભ નહીં**

આ મુદ્દે આદિવાસી નેતા ચૈતર વસાવાએ સરકારના આ નિર્ણયનો વિરોધ નોંધાવ્યો છે. તેમણે જણાવ્યું કે, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તાજેતરમાં 2015ના નિયમોમાં સુધારો કરીને નવો



પરિપત્ર બહાર પાડ્યો છે. જેમાં ગુજરાત સરકારમાં સેવા આપતા કોઈપણ સરકારી અધિકારી અથવા કર્મચારીને એકથી વધુ પત્ની હોય તો બીજી પત્નીને તબીબી સારવારનો લાભ આપવામાં નહીં આવે એવી જોગવાઈ કરવામાં આવી છે.

**બંને સમુદાયોમાં એકથી વધુ પત્ની રાખવાની માન્યતા**

ચૈતર વસાવાના જણાવ્યા અનુસાર ગુજરાતમાં સરકારી સેવાઓમાં આદિવાસી તેમજ મુસ્લિમ સમુદાયના હજારો કર્મચારીઓ કાર્યરત છે. આ બંને સમુદાયોમાં તેમના વ્યક્તિગત કાયદા અને સામાજિક પરંપરાઓ મુજબ એકથી વધુ પત્ની રાખવાની માન્યતા છે. આવા સંજોગોમાં સરકારના આ પરિપત્રના કારણે મોટી સંખ્યામાં કર્મચારીઓ તથા તેમના પરિવારજનો સાથે અન્યાય થવાની શક્યતા છે.

**ઘણા પરિવારો મુશ્કેલીમાં મુકાઈ શકે છે**

તેમણે વધુમાં કહ્યું કે, બીજી પત્નીને તબીબી લાભ નહીં મળે તો તેમના બાળકો પર પણ તેની સીધી અસર પડશે. જેના કારણે ઘણા પરિવારો મુશ્કેલીમાં મુકાઈ શકે છે. ખાસ કરીને આદિવાસી સમુદાયના ઘણા કર્મચારીઓ હાલ નિવૃત્તિના આરે છે, ત્યારે આ પ્રકારનો પરિપત્ર તેમના માટે ગંભીર સમસ્યા ઉભી કરી શકે છે.

**ચૈતર વસાવાની પરિપત્ર રદ કરવા માંગ**

આ કારણે ચૈતર વસાવાએ સરકારને આ પરિપત્ર તાત્કાલિક પરત ખેંચવાની માંગ કરી છે. સાથે જ તેમણે જણાવ્યું કે, આગામી સમયમાં આ મુદ્દે ગુજરાતના મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીનું ધ્યાન દોરવામાં આવશે અને આ પરિપત્ર રદ કરવાની માંગ કરવામાં આવશે.

# કાકાએ સગીર ભત્રીજીને ગર્ભનિરોધક ગોળીઓ ખવડાવી 5 મહિના દુષ્કર્મ આચર્યું

**રાજકોટ, તા.14**

રાજકોટમાં કાકા-ભત્રીજીના સંબંધને લજવતો ચકચારી કિસ્સો સામે આવ્યો છે. 14 વર્ષીય ભત્રીજી પર કૌટુંબિક કાકાએ પાંચ મહિના સુધી દુષ્કર્મ આચર્યાનો ઘટસ્ફોટ થયો છે. ચોંકાવનારી વાત એ છે કે, સગીર ભત્રીજી ગર્ભવતી ન બને તે માટે કાકા દ્વારા તેને ગર્ભનિરોધક ગોળીએ ખવરાવવામાં આવતી હતી. સગીરાને પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ હોસ્પિટલે સારવાર માટે લઈ જવાતા આરોપી કાકાનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે કાકાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. સગીરાની માતા રિસામણે બેસી હોય તે અને તેના પિતા કાકા સાથે રહેતા હતા. કાકા અને ભત્રીજી જ્યારે ઘર પર એકલા હોય ત્યારે તેનો લાભ ઉઠાવી કુકર્મ આચરતો હતો.

**પીડિતાને પેટમાં દુઃખાવો ઉપડતા કાકાના પાપનો ઘડો ફૂટ્યો**

આ શરમજનક ઘટનાનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે બુધવારના રોજ 14 વર્ષની સગીરાને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. મધ્યપ્રદેશના ઉજ્જૈનથી રાજકોટ આવીને કામ કરતા પરિવારમાં જ્યારે બાળકીની તબિયત લથડી, ત્યારે તેના પિતાએ તેની પૂછપરછ કરી હતી. આ દરમિયાન બાળકી પાસેથી કેટલીક શંકાસ્પદ ગોળીઓ મળી આવી હતી. બાળકીને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવી, જ્યાં તબીબોએ તપાસ બાદ જણાવ્યું કે આ ગોળીઓ ગર્ભનિરોધક છે. તબીબોએ પિતાને ચેતવણી આપી હતી કે આટલી નાની વયે આવી ગોળીઓના સતત સેવનથી ગર્ભાવસ્થા તો અટકે છે, પરંતુ શરીરમાં ગંભીર ઈન્ફેક્શન અને જીવલેણ જોખમ ઊભું થઈ શકે છે.

**પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ**

તબીબોની વાત સાંભળી પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જ્યારે બાળકીને વિશ્વાસમાં લઈને પૂછવામાં આવ્યું ત્યારે તેણે રડતા રડતા પોતાની સાથે વીતેલી 5 મહિનાની આપવીતી વર્ણવી હતી. સગીરાએ જણાવ્યું કે તેનો કૌટુંબિક કાકો, જે તેમની સાથે જ રહે છે, તે છેલ્લા પાંચ મહિનાથી જ્યારે ઘરમાં કોઈ ન હોય ત્યારે તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધતો હતો.

# ગેસની અછત બાદ હવે ઇન્ડક્શન-સગડીમાં વેઈટિંગ : રાજકોટમાં કોલસાની સગડીમાં 15 દિવસનું, સુરતમાં ઇન્ડક્શન લેવા 10નું વેઈટિંગ

## તો રાજકોટમાં કોલસાથી ચાલતી સગડી લેવામાં 15 દિવસનું વેઈટિંગ થઈ ગયું છે. તો સુરતમાં પણ ઈન્ડક્શન લેવા 10 દિવસ રાહ જોવી પડશે

**ગાંધીનગર, તા.14**

રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગેસ સિલિન્ડરની સપ્લાય બંધ થતા ખાણી-પીણીના વ્યવસાય સાથે જોડાયેલા વેપારીઓ તેમજ હોસ્ટેલની મેસ ચલાવતા સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. કોમર્શિયલ ગેસ સિલિન્ડરની સપ્લાય બંધ થવાના કારણે હોટેલ, રેસ્ટોરન્ટ, ફૂડ સ્ટોલ અને હોસ્ટેલની કેન્ટિનમાં ગંભીર સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ જ્યાં સિલિન્ડર મળી રહ્યા છે, ત્યાં કાળાબજારીઓ દ્વારા 3000થી 4000 રૂપિયા સુધી વસૂલવામાં આવી રહી છે. આ પરિસ્થિતિમાં સૌથી વધુ અસર વિદ્યાર્થીઓ માટે મેસ ચલાવતા સંચાલકોને થઈ રહી છે. ત્યારે અમદાવાદમાં L.D. એન્જિ.માં વિદ્યાર્થીઓ ભૂખ્યા ન રહે તે માટે મેસ સંચાલકોએ પરંપરાગત દેશી ચૂલા પર જમવાનું બનાવવાનું શરૂ કર્યું છે. હાલમાં લાકડા અને કોલસાની મદદથી રસોઈ બનાવવામાં આવી રહી છે.

**મેસ સંચાલકોએ પરંપરાગત દેશી ચૂલા શરૂ કર્યા**

અમદાવાદમાં આવેલી એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજમાં હજારો વિદ્યાર્થીઓ દૂર-દૂરથી અભ્યાસ કરવા માટે આવે છે, ત્યારે સસ્તુ અને સારું જમવાની વ્યવસ્થા તેમની મેસમાં જ કરવામાં આવે છે. આ મેસમાં 500થી 700 જેટલા વિદ્યાર્થીઓ જમતા હોવાથી બે જેટલા ગેસના સિલિન્ડરની જરૂર પડતી હોય છે. જો કે, તેની સામે હવે બે કે ત્રણ દિવસમાં માત્ર એક જ



ગેસ સિલિન્ડરની બોટલ મળી રહી છે. તેમાં પણ 3000થી 4000 રૂપિયા મેસના સંચાલકોને આપવા પડી રહ્યા છે, જેથી મેસના સંચાલકોએ તેનો ઉપાય સીધો કાઢ્યો છે. વિદ્યાર્થીઓ ભૂખ્યા ન રહે તે માટે મેસ સંચાલકોએ પરંપરાગત દેશી ચૂલા પર જમવાનું બનાવવાનું શરૂ કર્યું છે. હાલમાં લાકડા અને કોલસાની મદદથી રસોઈ બનાવવામાં આવી રહી છે.

**હવે રસોઈ બનાવવા બે કલાક વહેલું ઉઠવું પડે છેઃ નરેશ જોશી**

આ મામલે મેસના સંચાલક નરેશ જોશીએ જણાવ્યું હતું કે, અમારે દરરોજ બે ગેસ સિલિન્ડરની જરૂર પડતી હોય છે, પરંતુ અત્યારે યુદ્ધની સ્થિતિને કારણે તે મળતા નથી, જેથી અમે ઓપ્શાન ગોત્યો છે કે ચૂલા પર રસોઈ બનાવીશું. પહેલા 7 વાગ્યે જાગીને રસોઈ બનાવવાની શરૂઆત કરતા હતા, તેના બદલે હવે સવારે 5 વાગ્યે જાગીને રસોઈ બનાવવાની શરૂઆત કરીએ છીએ. વિદ્યાર્થીઓને સમયસર જમવાનું મળી રહે તે માટે વ્યવસ્થા કરી છે.

**'જો આવી જ સ્થિતિ રહેશે તો મેસ બંધ કરવી પડશે'**

વધુમાં નરેશ જોશીએ જણાવ્યું હતું કે, દરરોજ 300થી વધુ વિદ્યાર્થીઓ અહીંયા સવાર અને સાંજે જમવા માટે આવે છે. અત્યાર સુધી તેમણે જમવાની કોઈ તકલીફ પડે તેવું નથી થવા દીધું, પરંતુ જો આવી જ સ્થિતિ રહેશે તો તકલીફ થઈ શકે છે.

**બહાર જમવાનો ખર્ચ વધશે અને અભ્યાસ પર પણ અસર થશેઃ વત્સલ**

વધુમાં વિદ્યાર્થી વત્સલ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રીકલ એન્જિનિયરિંગમાં પહેલા વર્ષમાં અભ્યાસ કરું છું. આ કોલેજમાં 6 હોસ્ટેલમાં બ્લોક છે, હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાંથી મોટાભાગના લોકો મેસમાં જ જમવા માટે આવે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




